# અવધૂતી આનંદામૃત (રૂદ્રાક્ષ)

(અવધૂતી આનંદ-ભજનો, અનસૂયા બાવની,
દોહરા, મંત્રો અને અન્ય ભજનો.)

**PLEASE VISIT ON INTERNET**

**: Website :**
www.shrirangparivar.in
www.rangavadhoot.us

: સંકલન :

**જશભાઈ પટેલ (યુ.એસ.એ.)**

**Avdhooti Aanandamrut (Rudraksh)**
**અવધૂતી આનંદામૃત (રૂદ્રાક્ષ)**


સંકલન : **જશભાઈ પટેલ (યુ.એસ.એ.)**
2983 Heatherwood Court Schaumburg IL.
60194 U.S.A.
Phone # 630-550-4218
E-mail : jashapatel@yahoo.com
Website : www.shrirangparivar.in
www.rangavadhoot.us



પ્રથમ આવૃત્તિ : **જાન્યુઆરી-૨૦૦૮**

પ્રત : **૧૦૦૦**

આવરણ : **અક્ષર ગ્રાફિક્સ**

મુદ્રક : **શ્રી ગણેશ પ્રિન્ટર્સ**
ફોન : ૨૭૬૬૦૭૮૯, મો. : ૯૮૨૫૬૧૫૧૬૧

મૂલ્ય : **રૂા. ૧૦/-**

પ્રાપ્તિસ્થાન : **અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

**અંબાલાલ એન. પટેલ**
૧, યશસાગર સોસાયટી, સત્યનારાયણ મંદિર પાસે,
ઘાટલોડીયા, અમદાવાદ-૬૧.
ફોન : ૦૭૯-૨૭૬૬૧૩૧૫

**પ્રવિણભાઈ એ. દવે**
૪૩, અશોકનગર સોસાયટી, લાલાકાકા હૉલ સામે,
શાહપુર દરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : (R) ૨૫૬૩૩૭૫૪ (O) ૨૨૭૪૦૭૪૮

**અમૃતભાઈ જોષી**
ફોન : ૨૬૩૦૧૮૨૩

# અનુક્રમણિકા

(૭)


| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૐ ધ્યાન | ધ્યાન | પરબ્રહ્મ | અનિકેત ખાંડેકર | ૦૦.૦૨.૨૭ | ૩.૩૬ | ૫૫ |
| ૨ | માનસ પૂજન | માનસી પૂજા | રંગઅવધૂત | વિષ્ણુ જોષી, દર્શના ગાંધી, પરાગી પરમાર, હર્ષ પટેલ | ૦૦.૦૪.૦૫ | ૫.૬૪ | ૫૫ |
| ૩ | મંત્ર : ૐ નમો ભગવતે | મંત્ર | - | કોરસ | ૦૦.૦૪.૫૧ | ૪૮.૯ | ૫૫ |
| ૪ | અયિ માત સરસ્વતી | ભજન | રંગઅવધૂત | પરાગી પરમાર | ૦૦.૦૫.૩૪ | ૫૬.૨ | ૫૫ |
| ૫ | અનસૂયા બાવની (સંગીત સાથે) | બાવની | - | કોરસ | ૦૦.૧૦.૨૫ | ૧૦૫ | ૫૬ |
| ૬ | અમે બાલુંડા રે, રંગ પરિવારના | ભજન | કુલિનભાઈ | કોરસ | ૦૦.૦૫.૪૬ | ૫૮.૩ | ૫૮ |
| ૭ | સહુ ભેગા મળી ગાઓ | ભજન | રંગઅવધૂત | અમી વ્યાસ, નીરજ પાઠક | ૦૦.૧૦.૦૯ | ૧૦૨ | ૫૯ |
| ૮ | હમો મનમોજી ફરનારા | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૮.૪૮ | ૮૮.૮ | ૬૦ |
| ૯ | બન જા દિવાના દિવાના | ભજન | રંગઅવધૂત | અમી પરીખ, સૃષ્ટિ ભટ્ટ | ૦૦.૦૭.૫૬ | ૮૦.૧ | ૬૧ |
| ૧૦ | અજબ ખેલ જોયો રે | ભજન | રંગઅવધૂત | વિષ્ણુ જોષી | ૦૦.૦૬.૩૭ | ૬૬.૮ | ૬૧ |
| ૧૧ | ગુરુએ બતાવ્યું અચરજ આજ | ભજન | રંગઅવધૂત | હર્ષ પટેલ | ૦૦.૦૯.૩૬ | ૯૭.૦ | ૬૨ |
| ૧૨ | વાહ ફકીરી ! કૌન અમીરી ? | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી, કલ્યાણી કોઠાળકર | ૦૦.૦૭.૫૩ | ૭૯.૭ | ૬૨ |
| ૧૩ | નીતિ નેવે મૂકી રે | ભજન | રંગઅવધૂત | જયદીપ ચાવડા | ૦૦.૦૮.૩૮ | ૮૭.૦ | ૬૩ |


(૮)


| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | હુઆ ક્યાં યે મુઝે સાંઈ | ભજન | રંગઅવધૂત | કલ્યાણી કોઠાણકર, ઉર્મીશ મહેતા | ૦૦.૦૬.૫૩ | ૬૯.૪ | ૬૪ |
| ૧૫ | છોડ દિયા માઈ સંસારા | ભજન | રગંઅવધૂત | અનિકેત ખાંડેકર, હર્ષ પટેલ | ૦૦.૦૭.૩૫ | ૭૬.૫ | ૬૫ |
| ૧૬ | હમસે મત મીલો | ભજન | રંગઅવધૂત | જયદીપ ચાવડા | ૦૦.૦૫.૨૧ | ૫૪.૦ | ૬૫ |
| ૧૭ | દત્ત દિગંબર દેવ, ભજી લે | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૫.૪૬ | ૫૮.૩ | ૬૬ |
| ૧૮ | અબ ન મોહે હરિમિલન બિન આસ ! | ભજન | રંગઅવધૂત | પરાગી પરમાર | ૦૦.૦૮.૨૨ | ૮૪.૬ | ૬૬ |
| ૧૯ | અનસૂયા મા, ના ઠરવા દે લોક | ભજન | રંગઅવધૂત | ગાયત્રી ઉપાધ્યાય, પંકિત ડાભી | ૦૦.૧૧.૦૮ | ૧૧૨ | ૬૬ |
| ૨૦ | અવધૂતો કી ગત ન્યારી હૈં | ભજન | રંગઅવધૂત | હર્ષ પટેલ | ૦૦.૦૫.૩૯ | ૫૭.૦ | ૬૭ |
| ૨૧ | કહાં જાના નિરબાના | ભજન | રંગઅવધૂત | જયદીપ ચાવડા, અમી વ્યાસ | ૦૦.૦૬.૧૭ | ૬૩.૫ | ૬૭ |
| ૨૨ | હું અખંડ એ બ્રહ્મ છું | દોહરા | રંગઅવધૂત | પાયલ રાવલ | ૦૦.૦૫.૦૪ | ૫૧.૨ | ૬૮ |
| ૨૩ | અનુપમ હીરલો પાયો | ભજન | રંગઅવધૂત | ભાસ્કર શુક્લ | ૦૦.૦૪.૫૪ | ૪૯.૬ | ૬૮ |
| ૨૪ | આજ હમારી જીવનનૌકા | ભજન | રંગઅવધૂત | વિપુલ ત્રિવેદી, કૃતિ જાની | ૦૦.૦૪.૨૮ | ૪૫.૦ | ૬૯ |
| ૨૫ | આર્તબંધુ શ્રી ગુરુ નકી | દોહરા | રંગઅવધૂત | કૃતિ જાની, પંકિત ડાભી | ૦૦.૧૦.૪૨ | ૧૦૮ | ૬૯ |
| ૨૬ | લહિયાનો પાર નાહીં | ભજન | રંગઅવધૂત | નિરજ પાઠક | ૦૦.૦૬.૧૪ | ૬૩.૦ | ૭૦ |
| ૨૭ | સાનમાં સમજાવ્યું | ભજન | રંગઅવધૂત | પંકિત ડાભી | ૦૦.૦૬.૫૯ | ૭૦.૬ | ૭૧ |
| ૨૮ | અવળું સવળું બોલું રે | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી | ૦૦.૦૬.૩૭ | ૬૬.૮ | ૭૧ |
| ૨૯ | અરે ઓ દીનના દાતાર | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી | ૦૦.૦૮.૪૮ | ૮૮.૮ | ૭૨ |

(૨)

| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | જો ચાહે સો કહેના | ભજન | રંગઅવધૂત | કલ્યાણી કોઠાળકર, ભૌમિક શાહ | ૦૦.૦૮.૪૪ | ૮૮.૧ | ૭૩ |
| ૩૧ | દત્ત દિગંબર મન સુમરી લે | ભજન | રંગઅવધૂત | અમી વ્યાસ | ૦૦.૦૬.૦૫ | ૬૧.૪ | ૭૩ |
| ૩૨ | થયો આનંદ | ભજન | રંગઅવધૂત | હર્ષ પટેલ | ૦૦.૦૬.૨૮ | ૬૫.૪ | ૭૪ |
| ૩૩ | દેહમંદિરમાં દેવ બિરાજે | ભજન | રંગઅવધૂત | ભાસ્કર શુક્લ, પાયલ રાવલ | ૦૦.૧૯.૫૦ | ૨૦૦ | ૭૪ |
| ૩૪ | મંત્ર : ૐ રંગ અવધૂતા નમોસ્તુતે | મંત્ર | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૯.૩૪ | ૯૬.૬ | ૭૬ |
| ૩૫ | આજે સૂણી ચમનમેં મોહન | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી, ગાયત્રી ઉપાધ્યાય | ૦૦.૦૭.૨૩ | ૭૪.૬ | ૭૬ |
| ૩૬ | પશ્ચિમ વાની રે, વાદળી | ભજન | રંગઅવધૂત | વિષ્ણુ જોષી, કલ્યાણી કોઠાણકર | ૦૦.૧૧.૨૧ | ૧૧૪ | ૭૭ |
| ૩૭ | છેડ મા છેડ મા, બ્રહ્મ વિના | ભજન | રંગઅવધૂત | પરાગી પરમાર, નિરજ પાઠક | ૦૦.૦૫.૦૨ | ૫૦.૯ | ૭૮ |
| ૩૮ | સગપણ સાચું રે | ભજન | રંગઅવધૂત | કૃતિ જાની, ભૌમિક શાહ | ૦૦.૧૯.૨૧ | ૧૯૫ | ૭૮ |
| ૩૯ | દત્ત દત્ત કરો બધા | દોહરા | રંગઅવધૂત | ઉર્મીશ મહેતા, વૈશાલી મહેતા | ૦૦.૦૪.૩૩ | ૪૫.૯ | ૭૯ |
| ૪૦ | હોય કોઈ પ્યાસા રે | ભજન | રંગઅવધૂત | પંકિત ડાભી | ૦૦.૦૭.૨૯ | ૭૫.૫ | ૮૦ |
| ૪૧ | હું મૂરખ નાદાન, સંતો ! | ભજન | રંગઅવધૂત | નીરજ પાઠક, અમી વ્યાસ | ૦૦.૦૪.૧૩ | ૪૨.૬ | ૮૧ |
| ૪૨ | ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્ ! | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૮.૩૫ | ૮૬.૭ | ૮૧ |
| ૪૩ | ભક્તન કે કાજ | દોહરા | રંગઅવધૂત | અમીપ, આશીતા પ્રજાપતિ | ૦૦.૦૭.૨૧ | ૭૪.૩ | ૮૨ |
| ૪૪ | વસમી વાટડી માંહે | ભજન | રંગઅવધૂત | ભૂમિ સોની | ૦૦.૦૫.૩૮ | ૫૬.૯ | ૮૨ |
| ૪૫ | હમો ચંગા હમો ચંગા | ભજન | રંગઅવધૂત | વિષ્ણુ જોષી | ૦૦.૦૬.૫૩ | ૬૯.૪ | ૮૩ |

(૩)

| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૪૬ | છોડું ન મૈં દિલસે અબ સાંઈ ! | ભજન | રંગઅવધૂત | અમી પરીખ / સૃષ્ટિ ભટ્ટ | ૦૦.૦૭.૦૮ | ૭૨.૦ | ૮૩ |
| ૪૭ | અબ તો લહર | ભજન | રંગઅવધૂત | પરાગી પરમાર | ૦૦.૧૧.૨૧ | ૧૧૪ | ૮૪ |
| ૪૮ | ડાચું શું દર્પણ દેખે રે | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૮.૫૦ | ૮૯.૩ | ૮૪ |
| ૪૯ | બેઠો બેઠો | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૭.૪૫ | ૭૮.૨ | ૮૫ |
| ૫૦ | હું અનાથ અપંગ છું | દોહરા | રંગઅવધૂત | ઉર્મીશ મહેતા, વૈશાલી મહેતા | ૦૦.૦૪.૩૩ | ૪૫.૯ | ૮૬ |
| ૫૧ | કરે નિજ દાન જો સાઈ | ભજન | રંગઅવધૂત | અતુલ બ્રહ્મભટ્ટ | ૦૦.૦૬.૫૨ | ૬૯.૩ | ૮૬ |
| ૫૨ | જીવન દો દિનકા | ભજન | રંગઅવધૂત | ઉર્મિશ મહેતા, વૈશાલી મહેતા | ૦૦.૦૭.૫૬ | ૮૦.૧ | ૮૭ |
| ૫૩ | દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન | ભજન | રંગઅવધૂત | પંકિત ડાભી, કૃતિ જાની | ૦૦.૦૮.૨૪ | ૮૪.૮ | ૮૮ |
| ૫૪ | દત્તગુરુ અવધૂત ભજી લે | ભજન | રંગઅવધૂત | પાયલ રાવલ, ઉર્મિશ મહેતા | ૦૦.૦૫.૪૬ | ૫૮.૩ | ૮૮ |
| ૫૫ | નથી ગમતું નથી ગમતું | ભજન | રંગઅવધૂત | ગાયત્રી ઉપાધ્યાય | ૦૦.૦૪.૧૭ | ૪૩.૩ | ૮૮ |
| ૫૬ | દીનાનાથ દયાળુ તાત | ભજન | રંગઅવધૂત | વિપુલ ત્રિવેદી | ૦૦.૦૫.૪૦ | ૫૭.૨ | ૮૯ |
| ૫૭ | જ્ઞાનઘટા ઝુકી આઈ | ભજન | રંગઅવધૂત | વિષ્ણુ જોષી, નીલા ધોળકીયા | ૦૦.૦૭.૪૬ | ૭૮.૪ | ૮૯ |
| ૫૮ | જય કરુણાકર, દત્ત દિગંબર ! | ભજન | રંગઅવધૂત | અનિકેત ખાંડેકર | ૦૦.૦૬.૦૫ | ૬૧.૪ | ૯૦ |
| ૫૯ | સૂન સૂન તપસી | ભજન | રંગઅવધૂત | જયદીપ ચાવડા | ૦૦.૦૨.૫૪ | ૨૯.૨ | ૯૦ |
| ૬૦ | ભજો શું મૂરખ ભૂત | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી, હર્ષ પટેલ | ૦૦.૦૮.૩૯ | ૮૭.૩ | ૯૨ |
| ૬૧ | મન મર્કટ રે ! કેમ ભમે છે | ભજન | રંગઅવધૂત | અમીપ, આશીતા પ્રજાપતિ | ૦૦.૦૯.૦૯ | ૯૨.૪ | ૯૨ |

(૬)

| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૬૨ | રુદિયામાં દીવા | ભજન | રંગઅવધૂત | કૃતિ જાની, ભૌમિક શાહ | ૦૦.૦૮.૦૦ | ૮૦.૮ | ૯૩ |
| ૬૩ | જીવતાં દેખ લો, માંહે | ભજન | રંગઅવધૂત | ભાસ્કર શુક્લ, પાયલ રાવલ | ૦૦.૦૭.૨૩ | ૭૪.૫ | ૯૩ |
| ૬૪ | યહ ઘર નહીં તેરા | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૫.૨૧ | ૫૪.૦ | ૯૪ |
| ૬૫ | પહેરી લીધા વીંટલા | ભજન | રંગઅવધૂત | હસમુખ મિસ્ત્રી | ૦૦.૦૫.૨૯ | ૫૫.૫ | ૯૫ |
| ૬૬ | વાણી માંહી શૂરા | ભજન | રંગઅવધૂત | જયદીપ ચાવડા | ૦૦.૦૭.૪૫ | ૭૮.૨ | ૯૫ |
| ૬૭ | હું અખંડ એ બ્રહ્મ છું | ભજન | રંગઅવધૂત | પાયલ રાવલ | ૦૦.૦૫.૦૪ | ૫૧.૨ | ૯૬ |
| ૬૮ | પ્રભુ પરખ્યા હ્રદે જેણે, | ભજન | રંગઅવધૂત | હર્ષ પટેલ | ૦૦.૦૬.૫૨ | ૬૯.૩ | ૯૬ |
| ૬૯ | હરિ હરિ ગાતાં રે | ભજન | રંગઅવધૂત | ગાયત્રી ઉપાધ્યાય, જયદીપ ચાવડા | ૦૦.૦૬.૦૯ | ૬૨.૧ | ૯૭ |
| ૭૦ | હું-મારું દુઃખ-મૂળ છે | દોહરા | રંગઅવધૂત | વિષ્ણુ જોષી, પરાગી પરમાર | ૦૦.૦૯.૦૬ | ૯૨.૦ | ૯૮ |
| ૭૧ | હરિજન આવો રે, હેતે | ભજન | રંગઅવધૂત | દર્શના ગાંધી | ૦૦.૦૬.૦૯ | ૬૨.૧ | ૯૮ |
| ૭૨ | ગાજે અતિશે ઘેરો | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૫.૪૮ | ૫૮.૬ | ૯૯ |
| ૭૩ | સુનેરી મૈંને હરિમુરલીકી તાન ! | ભજન | રંગઅવધૂત | અનિકેત ખાંડેકર, અમી વ્યાસ | ૦૦.૦૬.૦૬ | ૬૧.૬ | ૧૦૦ |
| ૭૪ | સૂણ ચતુર સુજાણ ! | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી, પરાગી પરમાર | ૦૦.૦૯.૦૩ | ૯૧.૩ | ૧૦૦ |
| ૭૫ | તું તો દત્ત દિગંબર ભજને રે | ભજન | રંગઅવધૂત | અતુલ બ્રહ્મભટ્ટ, કૃતિ જાની | ૦૦.૦૭.૧૧ | ૭૨.૫ | ૧૦૧ |
| ૭૬ | ઊંઘતાનો પાડો રે | ભજન | રંગઅવધૂત | વિપુલ ત્રિવેદી | ૦૦.૦૮.૩૮ | ૮૭.૨ | ૧૦૧ |
| ૭૭ | જ્યાં ત્યાં ભરિયો | ભજન | રંગઅવધૂત | હેમલ નાણાવટી | ૦૦.૦૪.૪૬ | ૪૮.૧ | ૧૦૨ |

(૭)

| અ. નં. | શિર્ષક | પ્રકાર | લેખક | ગાયકો | સમય | સાઈઝ MB | પેજ નં. |
|---|---|---|---|---|---|---|---|
| ૭૮ | રમે રામ સહુ ઘટ વિષે | દોહરા | રંગઅવધૂત | નીલા ધોળકીયા, વિપુલ ત્રિવેદી | ૦૦.૦૯.૦૬ | ૯૨.૦ | ૧૦૩ |
| ૭૯ | ઠેરન દે દિન ચાર, સાંઈ | ભજન | રંગઅવધૂત | અનિકેત ખાંડેકર, અમી પરીખ | ૦૦.૦૭.૧૭ | ૭૩.૬ | ૧૦૩ |
| ૮૦ | મંત્ર : ૐ રંગ અવધૂતા નમોસ્તુતે | ધૂન | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૯.૩૪ | ૯૬.૬ | ૧૦૪ |
| ૮૧ | કોટિસૂર્ય શી પ્રભા | પ્રભાતિયું | રંગઅવધૂત | કૃતિ જાની, ભૌમિક શાહ | ૦૦.૧૦.૨૦ | ૧૦૪ | ૧૦૪ |
| ૮૨ | પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તું જ | પ્રભાતિયું | રંગઅવધૂત | અતુલ બ્રહ્મભટ્ટ, પરાગી પરમાર | ૦૦.૧૦.૨૦ | ૧૦૪ | ૧૦૫ |
| ૮૩ | એક દિગંબર દેખા અવધૂ ! | ભજન | રંગઅવધૂત | હર્ષ પટેલ, પરાગી પરમાર | ૦૦.૦૭.૧૫ | ૭૩.૨ | ૧૦૬ |
| ૮૪ | જય જય જય બજરંગ (આરતી) | આરતી | રંગઅવધૂત | ઉર્મીશ મહેતા | ૦૦.૦૩.૦૯ | ૩૧.૮ | ૧૦૭ |
| ૮૫ | દત્તબાવની (સંગીત વગર) | બાવની | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૮.૫૨ | ૮૯.૬ | ૧૦૭ |
| ૮૬ | વંદના - ગુરુદેવ દત્ત દયાળ સ્વામી (સંગીત વગર) | વંદના | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૭.૦૮ | ૭૨.૦ | ૧૧૦ |
| ૮૭ | અનસૂયા બાવની (સંગીત વગર) | બાવની | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૮.૦૯ | ૧૧.૧૦ | ૧૧૧ |
| ૮૮ | હું અખંડ એ બ્રહ્મ છું | દોહરા | રંગઅવધૂત | પાયલ રાવલ | ૦૦.૦૫.૦૪ | ૫૧.૨ | ૧૧૩ |
| ૮૯ | મંત્ર : ૐ નમો ભગવતે શ્રી રંગ અવધૂતાય નમઃ | મંત્ર | રંગઅવધૂત | કોરસ | ૦૦.૦૪.૫૧ | ૪૮.૯ | ૧૧૪ |
| ૯૦ | રેવાગીતમ્ । | સ્તોત્ર | રંગઅવધૂત | અનિકેત ખાંડેકર, હર્ષ પટેલ | ૦૦.૦૫.૧૮ | ૫૭.૨૩ | ૧૧૪ |
| ૯૧ | અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત | મંત્ર | રંગઅવધૂત | વિષ્ણુ જોષી, પાયલ રાવલ | ૦૦.૦૦.૨૬ | ૦.૦૬ | ૧૧૪ |

# પ્રાર્થના (આત્મપ્રાર્થના)

"હે અંતઃકરણ ! શબ્દ બ્રહ્મ છે. શબ્દ ધ્વનિ ક્યારે ય નાશ પામતો નથી. મુખમાંથી શું બહાર નીકળે છે તે વધુ મહત્ત્વનું છે. ન બોલવાનું બોલાઈ જાય, ન સાંભળવાનું સાંભળવું પડે, ન જોવાનું જોવાઈ જાય, આ બધાથી ખૂબ જ ગુસ્સો આવે, ગુસ્સે થઈ પણ જવાય, દુઃખી થવાય, હતાશ થઈ જવાય ત્યારે હે અંતઃકરણ ! (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) આ શરીરને લાશ માનીને વિચાર કે ત્યારે તું ગુસ્સે થઈ શકીશ ? દુઃખી થવાશે ? નારાજગી વ્યક્ત કરી શકાશે ? ના. બસ તો.(કારણકે તું હોઈશ જ નહી, તું નાશવંત છે.)"

હે અંતરઃકરણ ! આ આત્માની વિનંતી છે. મને (આત્માને) પરમ આત્મામાં ભળી જવા દે. તમે શાંતિપુત્ર બનો. શાંતિપુત્રને અશાંતિ સ્પર્શી ના શકે. હું અખંડ એ બ્રહ્મ છું. મને કોઈ માયા બંડ અડતું નથી.

હે અંતઃકરણ ! મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવો."

(આ રીતે આવું રટણ વારંવાર કરતા રહેવાથી આ જ્ઞાનબળે મૃત્યુ પર વિજય પણ પ્રાપ્ત થશે અને આત્માનુભવ પણ થશે. પછી જીવતા સુધી જીવનમુક્ત અવસ્થા રહેશે અને મૃત્યુ બાદ કૈવલ્ય (સાયુજ્ય મુક્તિ)ની પ્રાપ્તિ થશે. અલબત્ત, ગુરુકૃપાની જરૂર તો છે જ.)

હે મારા અંતરાત્મા !
તારી જવાબદારી પવિત્ર ગણજે.
બધા પ્રત્યે નમ્ર થજે.
તારું અંતઃકરણ ડંખ અનુભવે એવું કશું કદી કરીશ નહીં.
જેમને મદદની જરૂર છે તેમના પ્રત્યે સ્વેચ્છાએ હાથ લંબાવજે.
જે તારા ભણી ઊંચું જુએ, તેના ભણી નીચું જોઈશ નહીં.
તારા નિયમથી બીજાનો ચુકાદો તોળીશ નહીં.
તારા ખરાબમાં ખરાબ દુશ્મન પ્રત્યે પણ દુર્ભાવ સેવીશ નહીં.
કોઈની પર, ખોટું કરવા માટે પ્રભાવ પાડીશ નહીં.
કોઈના પ્રત્યે પૂર્વગ્રહ રાખીશ નહીં.
તારા બધા કાર્યોમાં, વિશ્વસનીય બનજે.



# "પ્રસ્તાવના"

## સંગીત - એક મનોવૈજ્ઞાનિક સાયુજ્ય

● સંગીત એ જ સૌંદર્યનું સાકાર અને જીવંત સ્વરૂપ છે.

● સંગીત એ આત્માની કલા છે.

● વિવિધ રાગરાગિણી જીવતી સંસ્કારમૂર્તિ છે.

● ઉત્કટ રાગરાગિણી યુક્ત સંગીતની દીર્ઘકાલિન ઉપાસના થકી પ્રગટતું આત્માનું પરમ તત્ત્વમય દર્શન દિવ્ય હોય છે.

● રાગરાગિણી યુક્ત ભજન શબ્દબ્રહ્મને પરિપૂર્ણતા અર્પે છે. સંગીતની વિવિધ રાગરાગિણીના દિવ્ય આંદોલનો પિંડબ્રહ્મને શાંતિ અને પરિતોષનું કવચ પૂરું પાડે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

સંગીત - એ સૂર અને લયનાં સમન્વયથી ઉદ્ભવતી એક ઊર્જા છે. સ્વર એ મગજનાં જ્ઞાનતંતુઓને ઉગ્રતા - તેમજ શાંતિ પહોંચાડી શકે છે. જે સ્વર જે રીતે રજૂ થાય, એ રીતે તેની અસરો ઊભી થઈ શકે છે. તેથી જ તો નાના બાળકોની ઊર્મિઓને કેળવે તેવા ઊર્મિગીત ગવડાવવામાં આવે છે. તેમાં ઉત્તેજના પણ ભળવી જોઈએ. ઉત્તેજનાથી બાળકોનું ચેતાતંત્ર વધારે ગતિમાન બને છે. લાગણીઓમાં એક સમતોલપણું આવે છે. અવાજની પ્રબળતા અને રજુઆતમાં જ્યાં સુધી એક પ્રમાણ જળવાયેલું હોય છે ત્યાં સુધી સૂર અત્યંત મર્મયુક્ત જણાય છે તે સૂરની મિઠાશ 'હાલરડા' સ્વરૂપે જ્યારે બાળક સમક્ષ રજૂ થાય ત્યારે તે બાળકને એક શાંતિનો અનુભવ થાય છે. જ્યારે મન શાંત થાય ત્યારે ઊંઘનો અહેસાસ થવા માડે છે. માનવસંબંધોના વિવિધ સંજોગોને વિવિધ ઊર્મિગીતની સંવેદનામાં ઢાળ્યા છે. તેના દ્વારા માનવી પોતાની લાગણીઓનું સમતોલન કરી શકે છે.

ઉત્સવો, તહેવારો તેમજ માનવીની દિનચર્યા આ તમામ કાર્યો માટે ખાસ સંગીત હજારો વર્ષોની સામાજિક પ્રક્રિયામાંથી ચળાઈને અત્યારે આધુનિક ઢાળમાં આપણને ઉપલબ્ધ થયું છે.

લય, એ શરીરનાં ધબકારા સાથે સંકળાયેલ છે. શરીરની તમામ પ્રક્રિયા એક નિશ્ચિત લયને અનુસરે છે, જેના આધારે નાડી ચાલે છે. આ લય અનિયમિત થાય ત્યારે આપણે માંદા પડ્યા તેવું કહીએ છીએ. લય ઉત્તેજના વધારે છે અને લય ન હોય તો તે અવસ્થાને મૃત્યુ કહીએ છીએ.

મનની સહજતા, સરળતા, હકારાત્મકપણું, અનુકુલન આ તમામ સ્થિતિ સૂરની સંવાદિતા સૂચવે છે. તેનાથી મનની શાંતિ પ્રાપ્ત થાય છે, તેમાં શરીરની લય ભળે તો સંવાદિતા રચાય છે. જેને સાયુજ્ય કહી શકાય અને હાર્મની કહેવાય. આ હાર્મની શરીરને ઊર્જા આપે છે. આ હાર્મની ન સર્જાય તો શરીર રોગગ્રસ્ત બની જાય છે.

સંગીતની અભિયોગ્યતા દરેક વ્યક્તિમાં કેટલાક ઘટકોનાં સ્વરૂપમાં છુપાયેલી હોય છે. અભિયોગ્યતાના ઘટકો જન્મગત પ્રાપ્ત થતા હોય છે જ્યારે કેટલીક વાર જન્મથી ઘરમાંથી મળેલા વાતાવરણમાંથી પ્રાપ્ત થતા હોય છે. આ ઘટકો તાલીમ ન લીધી હોય તો પણ વ્યક્તિમાં સમાયેલા હોય છે. જો તેનું માપન કરવામાં આવે અને તે ઘટકો કેટલા અંશે વ્યક્તિમાં વહેંચાયેલા છે તેનું મૂલ્યાંકન થાય તો એ તારણ પરથી એ જરૂરથી તારવી શકાય કે સંગીતના અભિયોગ્યતાના ઘટકો ધરાવનાર સારો ગાયક, સારો સ્વરગંઠન કરનાર, સારો વાજિંત્ર્ય વગાડનાર અથવા સારો સંગીતની કોઠાસૂઝ ધરાવનાર થઈ શકે. એવું પણ શક્ય બને કે તે વ્યક્તિમાં અહીં દર્શાવ્યા મુજબના કોઈપણ એક ઘટક હોઈ શકે, બે પણ હોઈ શકે કે આમાના બધા ઘટકો પણ હોઈ શકે. સંગીત અભિયોગ્યતા દ્વારા તારવવામાં આવેલ સંગીતની ક્ષમતા ધરાવનાર વ્યક્તિત્વને જો તાલીમ આપવામાં આવે તો તે વધારે ઝડપથી ગ્રહણ શક્તિથી સંગીત શીખી શકે છે.

સંગીતના મૂળભૂત ઘટકોમાં સૂરની સ્મરણશક્તિ, લયની પરખ, સૂરના તફાવતની પરખ, એ મુખ્ય છે. જેમાં સ્વર પારખવા માટેનાં કાનને કેળવવા પડતા હોય છે. તે કેળવાયેલા કાનને (Musical ears) તરીકે ઓળખવવામાં આવે છે. આ ઉપરાંત આ કાન સૂર, અવાજ અને ઘોંઘાટને પણ તારવી શકે તેટલા સક્ષમ બની શકતા હોય છે. લયને જાળવવવી તે પણ એક આગવી સૂઝનું કામ હોય છે. લયનું નિયમન કરવા સિધ્ધહસ્ત કોઠાસૂઝવાળા સંગીતજ્ઞની આવશ્યકતા રહેતી હોય છે. સૂરોને વાજિંત્રોમાં મેળવવા માટે સૂક્ષ્મ સ્વરના સંકેતોને પારખવા માટેના કાન કેળવવા પડતા હોય છે.



આ તમામ બાબતો જન્મગત, યા તો આંતરિક સૂઝથી અને કેટલાક સંજોગોમાં તાલીમથી પ્રાપ્ત થતી હોય છે. સંગીતની અભિયોગ્યતા દરેક વ્યક્તિ ધરાવતી હોય છે. માત્ર પ્રમાણ અલગ અલગ હોઈ શકે.

અંતમાં સંગીત મનની લાગણીઓની સમતુલા જાળવવા માટેની ઉત્તમ બચાવપ્રયુક્તિ છે તેથી તે એક આરોગ્યની પ્રયુક્તિ (થેરેપી) છે. જે જીવનની આરોગ્યની સુસંવાદિતતા રચવામાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત સંગીત શોખ તરીકે એક વ્યવસાયની કારકિર્દી તરીકે પણ વિકસાવવાનું બહુ મોટું ક્ષેત્ર છે. જે અત્યંત ઊંચી તાલીમ મેળવીને એક વ્યાવસાયિક કલાકારની સજ્જતા હાંસલ કરવામાં મદદરૂપ બને છે. એ કલાકાર પોતાની સૂઝથી સર્જનાત્મકતા વિકસાવી (લોકોના) શ્રોતાના હૃદયમાં ખૂબ ઊંચુ સ્થાન પ્રાપ્ત કરી શકતા હોય છે જેને આપણે 'સાધના' કહીએ છીએ. તેથી જ સંગીત એક ઊર્જા છે. અને મનોવૈજ્ઞાનિક સાયુજ્ય સાધવાની પ્રક્રિયા છે.

શ્રવણ-ગાન ઉપાસનાથી શારીરિક કે માનસિક બિમારી ઉપર વ્યક્તિ કાબુ મેળવી શકે છે.

સંગીતથી આનંદ પ્રાપ્ત થાય છે તથા આંતરિક શક્તિમાં વધારો થાય છે. જો ભગવાનનું સંગીતમય ગીતો, ભજનો, ધૂનો, સ્તોત્રો સાંભળવામાં તથા ગાવામાં આવે તો ઉપાસક તેનું બધું જ દુઃખ, મુસીબતો વિગેરે ભૂલી જઈ તેના ઉપર કાબુ મેળવી તેને દૂર કરવાની આંતરિક શક્તિ મેળવી શકે છે.

કવિ કાલિદાસે કહ્યું છે, ''સાહિત્ય સંગીત કલા વિહીનઃ સાક્ષાત્ પશુઃ પૂચ્છ વિષાણ હીનઃ'' એટલે કે સાહિત્ય અને સંગીતમાં જે રસ ન ધરાવતો હોય તેને પૂંછડી વગરના પશુ જેવો કહ્યો છે.

ગીત, વાદ્ય, નૃત્ય આ ત્રણેય નાદનો જ વિસ્તાર છે. ભાષા અને સંગીતનું મૂળ નાદમાં છે, જેનું વિવરણ ભરતમુનિએ આપ્યું છે કે - ''તતઃ સર્વમ વાઙમયમ્'' વાદ્ય સંગીત માત્ર સ્વરો પર આધારિત છે, નૃત્યકલા અભિનય પર આધારિત છે અને ગાયન-ગીતોનો સીધો સંબંધ સાહિત્ય સાથે છે. સંગીત નાદ-પ્રધાન છે. એટલે નાદનું સ્થાન પ્રથમ અને શબ્દ ગૌણ કહેવાય; પરંતુ શબ્દ વગર નાદ અધૂરું છે તેથી સંગીત નાદપ્રધાન સાહિત્ય છે. અને સાહિત્ય શબ્દપ્રધાન સંગીત છે.

સંગીત વડે નૈતિક્તાના અને અનુશાસનના પાઠ ભણાવી શકાય છે. મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે કિશોરાવસ્થામાં વિજાતીય આકર્ષણને નિવારવા માટે સંગીતથી સદ્ભાવ કેળવી શકાય છે. આ માટે શાળાઓમાં તેમજ ઘરમાં ગીતો, ભજનો, શ્લોકો, સ્તુતિ, છંદ વગેરે બાળકોને શીખવાડવા જોઈએ તથા સાથે બેસી સ્વાધ્યાયની જેમ બોલાવવા જોઈએ. આનાથી બાળકનાં માનસપટ પર સારા સંસ્કારો અંકિત થશે. તથા બાળકોની યાદશક્તિને પણ કસરત મળી રહેશે. સંગીત વડે નૈતિક્તા અને ચરિત્રતાના પાઠ ભણાવી શકાય છે. જેથી કરીને મોટા થઈને પોતાના કર્તવ્યો પ્રત્યે જાગૃત રહેશે.

પ્રભુના નામનું ગાન ગાવામાં આવે તે ભજન. ભાવપ્રધાન, શબ્દપ્રધાન, તત્ત્વપ્રધાન, અને અર્થસભર ગીત તે ભજન. ભજનનાં શબ્દોને અનુસાર તેમાં ભાવ-રસ પેદા થાય તેવા સ્વરોની વિશેષ રચના કરવામાં આવે છે. ભજનમાં ઉપયોગી એવા રાગો શાંત, ગંભીર, કરુણ અને વૈરાગ્ય રસવાળા હોય છે. ભજનને કંડરવા, દાદરા, દીપચંદી, ખેમટા, ત્રિતાલ, અધ્ધા ધુમાળી વગેરે તાલમાં નિબદ્ધ કરવામાં આવે છે. પ્રાચીન કાળમાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, સૂરદાસ, કબીર, તુલસીદાસ વગેરે સંતો ભજન-ભક્તિથી અનાહત નાદની સાધના કરી શક્યા અને ત્યારબાદ મોક્ષપદની પ્રાપ્તિ પામ્યા. મનુષ્યના મનની શાંતિનો સચોટ ઉપાય પ્રભુભક્તિ અને ભજન છે. ભજન મનુષ્યના જીવનમાં ચેતનાનો સંચાર કરે છે. ભજન હળવા શાસ્ત્રીય કંઠ્ય સંગીતનો એક ભાવપૂર્ણ વિશેષ પ્રકાર છે. ભજનમાં ચંચલ અને ક્ષુદ્ર પ્રકૃતિના રાગોનો ઉપયોગ કરવામાં આવે છે.

આપણો ભારત દેશ અધ્યાત્મપ્રધાન છે. ભારતીય સંસ્કૃતિનો આત્મા આધ્યાત્મિક સ્વર અને ધાર્મિક અભિવ્યક્તિથી ગુંજિત થતો રહ્યો છે. આ અધ્યાત્મને વાચા આપવામાં સંગીત અને સ્વરનો તાલમેલ ભારત દેશમાં ખૂબ જ થયો છે. સાથે સાથે ભાષા અને સંગીતના સંબંધો પણ ખૂબ જ ગૂઢ રહ્યા છે.

ભાષા અને સંગીતની આરાધ્યદેવી સરસ્વતી માતાને આપણે એક હાથમાં પુસ્તક તથા બીજા હાથમાં વીણા સાથે જોઈએ છીએ. સંગીતનો પ્રથમ રાગ ભૈરવ ભગવાન શિવનાં અઘોર મુખથી ઉત્પન્ન થયો. આપણા આદિકવિ વાલ્મિકીની વાણીમાંથી સર્વ પ્રથમ ગાયન રજૂ થયું. લવ-કુશ દ્વારા વીણા સાથેનું ગાયન કાવ્ય સંગીતની પ્રથમ ઓળખ આપે છે. દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ ભગવાનના બંસરી ગાન તથા રાસલીલાને આપણે સૌ કોઈ અનુભવીએ છીએ



તથા ખૂબ જ આનંદમાં ગળાડૂબ થઈએ છીએ. મોગલ વંશ દરમ્યાન તાનસેન, સ્વામી હરિદાસ, બૈજુ બાવરા તથા સુરદાસ, મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીરજી, રામદાસ, તુકારામ, બંગાળના ચૈતન્ય, તમિલનાં ત્યાગરાજ વિગેરે મહાનુભવોએ સંગીતના સ્વરોને પોતાના સાહિત્યનું ઉત્તમ પીઠબળ પૂરું પાડ્યું છે તથા સંગીત અને સાહિત્યને આધ્યાત્મિક્તાના ખૂબ જ ઊંચા સ્થાને પહોંચાડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ સંતો, મહંતોના ગીતો, કવિતાઓ, ગાયનો, ભજનો, દ્વંદો, દોહરા વિગેરેને આજે પણ આપણા સંગીતકારો સંગીતમાં કંડારી રહ્યા છે અને આપણે તેનો ભગવાનની ભક્તિ કરવામાં માધ્યમ તરીકે ઉપયોગ કરીએ છીએ.

પ્રવર્તમાન કાળમાં (ગુરુરાજ પરબ્રહ્મ પરમાત્મા) શ્રી રંગ અવધૂત મહારાજ પણ આપણને ઘણુ બધું સાહિત્ય, ભજનો, દોહરા, સ્તોત્રો તથા પ્રભાતિયાના રૂપે આપેલું છે. નિજાનંદની મસ્તીની છોળો ઊડી રહેલી તેવી કોઈ ધન્ય અણમોલ પળોમાં એઓશ્રીના અંતઃસાગરના અમાપ ઊંડાણમાંથી ઉભરાઈને બહાર વેરાતી વૈખરીને કાગળ પર કલમને ટાંકણે ટાંકી દીધેલ બધી કૃતિઓ છે, એટલે કે આ ભજનો પોતાના આનંદ અર્થે જ, કાગળ પર ટપકી પડેલ કાવ્યોર્મિઓ છે. એ પ્રભુ પ્રેરિત દિવ્ય સાહિત્ય સર્જન છે. વેદ, ઉપનિષદ, સત્-શાસ્ત્રો મહાપુરૂષોની સ્વૈરવાણીમાંથી જે પ્રેરણા અને અપાર્થિવ આનંદ મળે છે તેવો અલૌકિક આનંદ એઓશ્રીના સ્વાનુભવ સ્વૈર ઉદ્ગારોમાંથી મળે છે. આ ભજનોમાં ભારોભાર તત્ત્વજ્ઞાન સહેલાઈથી સમજી શકાય એવી સરળ પણે સોંસરી ઉતરી હૃદયને સ્પર્શ કરે એવી પ્રાણપ્રદ જોશીલી ભાષામાં રજૂ કરીને પરાવાણીની એ અતિ ઉચ્ચ, ઉદાત્ત, લોકોત્તર ભાવનાઓને વૈખરી દ્વારા નીતારીને ધાર્મિક સાહિત્યની જેવી તેવી સેવા નથી કરી ! તત્ત્વ ચિંતકને અમૂલ્ય ચિંતન-ખોરાક પીરસીને ખરેખર મહાન ઉપકાર કર્યો છે. અવધૂત એટલે ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાનની પરાકાષ્ઠાએ પહોંચેલ યોગી. એઓશ્રીના સાહિત્યમાં એવા અવધૂત - જ્ઞાનીઓના સમ્રાટની મસ્તી કેવી હોય છે, તેમજ તે કેવા વાતાવરણમાં વિચરતા હોય છે, એ લગભગ દરેક ભજનમાં જણાઈ આવે છે. ફાવે તેવી વિકટ અને બેડોળ પરિસ્થિતિમાંયે એ આનંદ, સૌંદર્ય અને પ્રસન્નતાનું દર્શન કેવી રીતે કરી શકે છે, તે આ પુસ્તકના હર કોઈ ભજન પરથી જણાઈ આવશે. ભાવભક્તિનો મહિમા, ભારતીય સંગીતનો આહલાદક આનંદનો આસ્વાદ કરવો જ રહ્યો. ભૈરવી, આશાવરી, માલકૌંસ, સારંગ,

કેદાર, જયજયવંતી, ભીમપલાસ ઈત્યાદિ માધૂર્યપૂર્ણ સંગીત રાગો પર આધારિત આ ભજન ગીતોના ઉદ્‌ગાન સાથે જ અદ્‌ભૂત આનંદ તથા દિવ્ય સ્નેહભાવનું વાતાવરણ સર્જાય છે.

કોઈપણ મંત્ર, ભજન, કે સ્તોત્ર એટલે અમુક અર્થ ધ્યાનમાં રાખી કે વર્ગાદિ અક્ષરોની ગમે તેમ ગોઠવણી કરીને રચેલી યુક્તિ નથી, પરંતુ મંત્રમાં તો તેમાં આવેલા પ્રત્યેક દિવ્ય વર્ણમાં રહેલું સામર્થ્ય સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને પ્રત્યક્ષ થાય છે. અર્થાત્ મંત્રનો ઉચ્ચાર કરવો એ એના શબ્દો તથા તેના પ્રત્યેક અંગમાં રહેલી સિદ્ધિ - સામર્થ્યનું સ્મરણ કરવું એ છે, તેથી જ તે મંત્ર જપનારને અલૌકિક ફળની પ્રાપ્તિ કરાવે છે. આવી માંત્રિક દૃષ્ટિથી આવા વેદાંતસભર ભજનોનું મનન કરવામાં આવે તો દરેકને એક ચોક્કસ અનુભવ, સ્પંદન થયા વિના રહેશે નહીં. પૂ. શ્રીએ મૂળીફોઈને લખ્યું હતું કે, ‘‘શું એકલું અવધૂતિ આનંદ જ મુક્તિ કે મોક્ષ માટે બસ નથી શું ?’’ ભારતમાં રહેતા મોટાભાગના લોકોના મનમાં એમ હોય છે કે અમેરિકામાં રહેતા આપણા યુવાનો ભૌતિક સાધનો મળતા ધર્મ, સાહિત્ય અને આપણા સંસ્કાર વારસાને ભૂલી જાય છે. આ માન્યતા બરાબર નથી.

મહાત્મા ગાંધીજી કહે છે કે પ્રાર્થના હંમેશા હૃદયમાંથી ઉદ્‌ભવે છે, જીભથી નહિ. સામુહિક પ્રાર્થનામાં તો અદ્‌ભૂત પ્રસન્નતા છે. ઘણી વસ્તુઓ એકલા ન કરી શકાય તે સમુદાયમાં કરવાથી ઉત્તમ ફળદાયી બને છે. દરેક ભક્તના (સમુદાયમાં બેઠેલા) મુખેથી બોલાયેલી પ્રાર્થનાના વિદ્યુતતરંગો (વાઈબ્રેશન્સ) ભગવાન પાસે ત્વરીત પહોંચી જાય છે. કારણ પ્રભુ એકમાંથી અનેક થયા છે, તથા પ્રભુને મારું કરતા અમારું જ ગમે છે. ‘હું’ ‘મારું’માં દરેકને અભિમાનનો ભાવ થાય છે. જેને લઈ ઉત્તમ ફળદાયી નથી બની શકતું.

હજારો વર્ષોથી આપણે કઠોપનિષદની પ્રખ્યાત પ્રાર્થના કરતા આવ્યા છીએ. તેમાં આપણે પરમાત્માને કહીએ છીએ કે, ‘‘હે પ્રભુ ! તું અમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જા, અસત્યમાંથી સત્ય તરફ લઈ જા, મૃત્યુમાંથી અમરતા તરફ લઈ જા.’’ સ્થૂળ તેમજ ગુઢભાવમાં પ્રાર્થનાનો આ ઉત્તમ નમુનો છે.

પ્રાર્થના દ્વારા માનવી કોઈક અગમ્ય, અદૃશ્ય ઈશ્વરનો સ્વીકાર કરે છે. તે સાથે અખંડ બ્રહ્માંડના કદ સાથે પોતાને સ્વીકારીને પોતાની અલ્પતાનો પણ સ્વીકાર કરે છે. તેનાથી મનની શાંતિ થાય છે. આ અનંત છતાં એક એવા



પરમાત્મા સાથે આત્માને એક પ્રકારનો સંબંધ બંધાય છે. સાચી શ્રદ્ધા તથા નિષ્ઠા પેદા થાય છે. આપણને સાચા પ્રભુભક્ત બનીને જીવનમાં ટકી રહેવાનું બળ પ્રાપ્ત થાય છે. માનવજીવનનો અંતિમ હેતુ ઈશદર્શન છે, મોક્ષ છે. તે તરફ આપણા જીવનને ગતિશીલ કરવામાં પ્રાર્થના ખૂબ મદદ કરે છે.

આધ્યાત્મિક પ્રગતિમાં અને ઉન્નત ધાર્મિક જીવન તથા વૃત્તિઓ કેળવવામાં પણ પ્રાર્થનાઓ, સ્તુતિઓ, ભજનો તથા ભક્તિ ગીતો - છંદો, દોહરા વિગેરેથી આપણને ખૂબ જ મદદ મળી રહે છે, પ્રભુની અને આપણી વચ્ચે આ એક એવું માધ્યમ છે કે જેની મદદ વગર પ્રથમ પગથિયું મૂકીને છેક ઉપરનું પગથિયું લેવું શક્ય નથી. શરૂઆતનાં પગથિયાઓમાં તો આપણને માધ્યમની જરૂર પડે જ છે. ઉપર જણાવેલ માધ્યમ થકી શ્રવણ તથા ગાન કરી, કંઠસ્થ કરી, ગાતાં ગાતાં પરાભક્તિ તરફ જવામાં ખૂબ જ મદદ મળી રહે છે.

પુણ્ય એટલે પરોપકાર અને પાપ એટલે સ્વાર્થ. માનવી કે પશુમાં જો કંઈક ફરક હોય તો તે સ્વાર્થ ત્યાગીને પરમાર્થી બનવાની ક્રિયા.

ભજન-કીર્તનમાં આપણે પ્રભુના દિવ્ય ગુણો ગાઈએ છીએ. અનેક ભક્તિગીતોમાં વર્ણવેલા ગુણો વિશે આપણે વિચારતા થઈએ છીએ. આપણી અંદર જ આવા ગુણો હોય છે, જે માયાના આવરણમાં છુપાયેલા હોય છે તેને આપણે બહાર કાઢી શકીએ છીએ. જેમ શરીરને શુદ્ધ કરવા દરરોજ સ્નાનની જરૂર પડે છે, બુદ્ધિને સતેજ રાખવા દરરોજ સ્વાધ્યાય, ઉપાસનાની જરૂર પડે છે, તે જ રીતે મનને શુદ્ધ રાખવા દરરોજ પ્રાર્થનાની, ભજનની જરૂર પડે છે. મનને વિશુદ્ધ રાખવાથી ઉમદા વિચારોનો તેમાં ઉદય થાય છે તેમ થતાં વહેલા મોડા તે આચરણમાં ઉતરે છે. આગળ વધતાં વધતાં, આ રીતે માનવી આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધીને આરોગ્યમય, ઉચ્ચ પ્રકારનું, દીર્ઘ આયુષ્ય ભોગવી પરાભક્તિ સુધી પહોંચે છે. જે મોક્ષપદના દ્વાર ખોલે છે. હું કોણ ? ઈશ્વર કોણ ? ધર્મ એટલે શું ? શાંતિ એટલે શું ? એ બધા પ્રશ્નો પર સુંદર વિચારો આપણા ધાર્મિક સાહિત્યમાં હજારો વર્ષોથી પડેલા છે, તે આ ભજનાવલિ દ્વારા આપણે સૌ કોઈ મેળવી આપણે પણ અહોભાગી બનીએ.

પૂજ્યશ્રીના સાહિત્યને ભક્તો સમક્ષ મૂકવાનો આ નમ્ર, પ્રામાણિક, નિ:સ્વાર્થ શુભ આશય પરિવારના સૌ રંગભક્તો વધાવી લેશે એવી આશા. શ્રદ્ધા કદી પણ નિષ્ફળ જતી નથી એવું અનુભવાયું છે અને તેના થકી જે આંતરિક સંતોષ, આનંદ અને સુખ થાય છે તે અવર્ણનીય છે.

ઓડિયો સીડી તથા બુક સાથે ભજનો સાંભળવાથી, ગાવાથી લાભ જ છે કોઈ નુક્શાન નથી.

બે કે તેથી વધુમાં ભજનો સાંભળવાથી કે ગાવાથી સ્વાધ્યાય થાય છે. સ્વાધ્યાય એટલે બે કે વધુ સાથે પ્રભુના યશોગાન સાંભળવા કે ગાવા. આમ સ્વાધ્યાય પણ કર્યો કહેવાય.

સાથે સાથે અવારનવાર ભજનો ગાવાથી ભજનોનો રીયાઝ થાય છે. રીયાઝથી ગાવાની કળા ખીલે છે. ભજનો કંઠસ્થ થઈ જાય છે.

ભજનો સાંભળવાથી તથા ગાવાથી ભગવાનનું ભજન થાય છે. દુઃખી વ્યક્તિ પોતાના દુઃખો ભૂલી જાય છે તથા મન ઉપરથી દુઃખોનો બોજ ઉતરી જાય છે તથા આનંદને આનંદ વર્તાય છે.

આજના ચિંતાગ્રસ્ત, તણાવગ્રસ્ત અને અનિયમિત રક્તચાપ સામે સંગીત-ભજન એક શ્રેષ્ઠ શાંતિપ્રદ ઔષધ છે. પ્રભુ જે કર્તા, ભર્તા અને હર્તા પણ છે. તેના ગુણગાન ભજનો દ્વારા ગાવાથી વ્યક્તિના સંવેદનાત્મક, શારીરિક અને માનસિક સુખાકારીની જાળવણી અને પ્રસ્થાપના પણ થાય છે. માટે ભજન-સંગીત ઉપચાર શાસ્ત્ર પણ છે જે સંવેદનશીલ ભજનો ગાવાથી તેમાં રહેલા સંગીતના તરંગો દ્વારા રોગોના ઉપચારની અસરકારક વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

આ પ્રકાશન મુદ્રણ દોષરહિત તથા શુદ્ધ, પવિત્ર તેમજ સંગીતમય બનાવવા અનેક ભક્તોનો સાથ સહકાર મળ્યો છે તે ભૂલાય તેમ નથી. શ્રી વિષ્ણુભાઈ જોષી, નૈમેષભાઈ પટેલ (ટાઈપ સેટિંગ તથા મુદ્રક), સંગીત નિયોજક શંભુ મહેતા, મૌલિક મહેતા તથા સ્ટુડિયોના માલિક શ્રી વિજયભાઈ તથા ગાયકવૃંદ, કાન્તિભાઈ રાવલ, મેહુલ પારેખ, ડૉ. દુશ્યંતભાઈ શુક્લ, પ્રિન્સિપાલ, વિશ્વભારતી બી.એડ. કોલેજ તથા નામી-અનામી સૌ સહાયકોનો નમ્રભાવે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

"જ્ઞાનપ્રપા ચાલુ કરી, પીએ સુભાગી જન, રંગકૃપા ગુરુની થતાં, થાય મુક્ત તત્ક્ષણ."

પરિવારના સૌ રંગભક્તો આ નમ્ર નિષ્કામ પ્રયાસને વધાવી લેશે એવી આશા. પૂજ્ય શ્રી સૌનું કલ્યાણ કરો, સૌને સદ્બુદ્ધિ આપો, તથા સૌની રક્ષા કરો. પૂજ્યશ્રીના ચરણકમળમાં અનંત કોટી વંદન, અનંત કોટી પ્રણામ, અનંત કોટી નમસ્કાર. "ગુરુ કૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્ ।"

**જસભાઈ એ. પટેલ (યુ.એસ.એ.)**



# MUSIC THERAPY

Music therapy is a scientific method of effective cures of disease through the power of music. It restores, maintains and improves emotional, physiological and psychological well being. The articulation, pitch, tone and specific arrangement of swars (notes) in a particular raga stimulates, alleviates and cures various ailments inducing electro magnetic change in the body.

Music therapy has long history dating back to ancient Orphic school in Greece. Pythagorus, Plato and Aristotle, all were aware of the prophylactic and therapeutic powers of music. Even the old testament mentions music therapy where King David is said to have cured an illness by playing on the harp. Hippocrates, the father of modern mediocine, used music to cure human diseases. In ancient Egypt music was used to lessen tha pain of women during childbirth. ibn Sina, a famous Arabic writer, has written in detail on this subject. In India legend has it that Thyagaraja, the famous musician of South India, brought a dead person back to life by singing the composition Naa Jeevan Dhara in raga Bihari. In 1729 Richard Browne, a physician wrote the famous text Medicina Musica which describes the use of music as medicine. Dr. Burnell has mentioned a manuscript named Raga Chikistsa in the collections of Saraswati Mahal Library in Tanjore which deals with the various ragas that can be used for curing various ailments. What is music ? "Music is a kind of inarticulate, unfathomable speech which leads us to the edge of the infinite and lets us for a moment gaze in that" observed Carlyle. Music is basically a sound or nada generating particular vibrations which moves through the medium of ether present in the atmosphere and effects the human body. Sarangdev mentions in his Sangeet Ratnakar that ahata nada or music is always produced by striking or aghata by a living being on an instrument of any kind So music is a power or universal energy in the form of ragas.

Matanga (9-10th centurey AD) was the earliest writer to define raga. According to him "raga is that kind of sound composition consisting of melodic movements which has the effect of colouring the hearts of men." "There are four sources of raga : folk songs, poetry, devotional songs of mystics and compositions of classical musicians. While harmony is the characteristic of Western music, Indian music is pure melody. The general term for melody in india is raga or ragini." (Kangra Ragmala--M.S.Randhawa). Symphonies of raga have a definite soothing effect on the mind as well as on the body. Repeated listening to the particular raga being chosen for a particular disease produces a network of sound vibration. The muscles, nerves and the chakras of the affected part are contracted when one impulse is given and relaxed during the interval between two impulses.

Thus, during contraction of the tissue, musical notes make the blood flow out from that particular area and in the interval there is relaxation and a state of reduced pressure is produced in these areas. Thus the blood from the adjacent area will flow there. This process is repeated again and again and the blood flow and energy flow in that part is enhanced. This makes quick, fast healing. Energy from URF (unlvarsal energy field) to HEF (human energy field) transmitted by the strokes of the different tones of raga affects the CNS (Central nervous system) because the roots of the auditory nerves are more widely distributed and have more connections than any other narves in the body. Music beats have a very close relationship with heart beats. Music having 70-75 beats per minute equivalent to the normal heart beat of 72 has a very soothing effect. Likewise rhythms which are slower than 72 beats per minute create a positive suspense on the mind and body since the mind body complex anticipates that the music will speed up and this restored vital energy gives a deep relaxation to the body. Rhythms which are faster than the heart rate excite and



rejuvenate the body. Hindustani/classical musical considers ragas as depicting specific moods. An appropriate mood is to be evoked in the listener's mind before intiating the musical treatment.

Kafi Raga evokes a humid, cool, soothing and deep mood while Raga Pooriya Dhansari evokes sweet, deep, heavy, cloudy and stable state of mind. Raga Mishra Mand has a very pleasing refreshing light and sweet touch while bagashwri arouses a feeling of darkness, stability, depths and calmness.

Music is considered the best tranqulliser in modern days of anxlety, tension and high blood pressure. Raga Darbari is considered very effective in easing tension. it is a late night raga composed by Tansen for Akbar to relieve his tension after hectic schedule of the daily court life. This raga belongs to Asavari That and is a complete raga containing all the seven notes. The seven notes are taken from various natural sounds of birds and animals. Raga Bhupali and Todi give treamendous relief to patients of high blood pressure. Raga Ahir-Bhairav is supposed to sustain chords which automatically brings down blood pressure. Raga Malkauns and Raga Asawari helps to cure low blood pressure, For heart aliments Raga Chandrakauns is considered very helpful. Raga Tilak-Kamod, Hansdhwani, Kalvati, Durga evoke a very pleasing effect on the nerves. For patients suffering from insomnia and need a peaceful sonorous sleep, Raga Bihag and Bahar have wonderful effects. Ragas are closely related to different parts of the day acording to changes in nature and development of a particular emotion, mood or sentiment in the human mind.

Music therapy treatment is conducted either early morning, evening or night. One should avoid long music sessions on an empty stomach. Music sassions should be of one hour duration with two or three short sessions with breaks.

# RAGA & THERAPY

One of the unique characteristics of Indian music is the assignment of definite times of the day and night for performing Raga melodies. It is believed that only in this period tha Raga appears to be at the height of its melodic beauty and majestic splendor.

There are some Ragas which are very attractive in the early hours of the mornings, others which apeeal in the evenings, yet others which spread their fragrance only near the midnight hour.

This connections of time of the day or night, with the Raga or Raginis is based on daily cycle of changes that occure in our own body and mind which are constantly undergoing subtle changes in that different moments of the day arouse and stimulate different moods and emotions.

Each Raga or Ragini is associated with a definite mood or sentiment that nature arouses in human beings. The ancient musicologists were particularly interested in the effects of musical notes, how it effected and enhanced human behaviour. Music had the power to cure, to make you feel happy, ssd, disgusted and so on. Extensive research was carried out to find out these effects. This formed the basis of time theory as we know it today.

It is believed that the human body is dominated by the three Doshas - Kaph, Pitta and Vata. These elements work in a cyclic order of rise and fall during the 24 hour period. Also, the reaction of these three elements differ with the seasons. Hence it is said that performing or listening to a raga at the proper allotted time can affect the health of human beings.



# RAGA AND DAY TIME

The following schedule will summarize the specific time periods. The 24 hour period is divided into 8 beats (Prahar) each three hours long, as follows :

1. 7 a.m. - 10 a.m. 1st beat of the day. Daybreak, Early Morning. Morning.
2. 10 a.m. - 1 p.m. 2nd beat of the day. Late Morning, Noon, Early fternoon.
3. 1 p.m. - 4 p.m. 3rd beat of the day. Afternoon, Late Afternoon.
4. 4 p.m. - 7 p.m. 4th beat of the day. Evening Twilight, Dusk (sunset)
5. 7 p.m. - 10 a.m. first beat of the night. Evening Late Evening.
6. 10 p.m. - 1 p.m. 2nd beat of the night. Night, Midnight.
7. 1 a.m. - 4 a.m. 3rd beat of the night. Late Night
8. 4 a.m. - 7 a.m. 4th beat of the night. Early Dawn, Dawn (before sunrise)

   Simillarly Everyday two cycles of change pass through our body, each bringing a Vata, Pitta, or Kapha predominance.

The approximate times of these cycles are as follows :

**First cycle :**

- 6 a.m. to 10 a.m. - Kapha
- 10 a.m. to 2 p.m. - Pitta
- 2 p.m. to 6 p.m. - Vata

**Second cycle :**

- 6 p.m. to 10 p.m. - Kapha
- 10 p.m. to 2 p.m. - Pitta
- 2 a.m. to 6 p.m. - Vata

| | |
|---|---|
| Ahir Bhairav | Indigestion<br>Rheumatic Arthritis<br>Hypertension |
| Asavari | to build confidence - Low BP |
| Bageshri | insomnia |
| Basant Bahar | Gall Stones (Cholecystitis) |
| Bhairavi | Rheumatic Arthritis<br>Sinusitis<br>encourages datachment |
| Bhim palas | Anxity, Hypertension |
| Chandrakauns | Anorexia - Heart Ailments |
| Darbari | Sedetive - Easing Tension |
| Darbari Kanada | Headache<br>Asthama |
| Deepak | Indigestion, Anorexia<br>Hyperacidity, Gall Stones (Cholecystitis) |
| Gujari Todi | Cough |
| Gunakali | Rheumatic Arthiritis, Constipation<br>Headache, Piles or<br>Hemorrhoids |
| Hindol | Rheumatic Arthiritis<br>Backache<br>Hypertension |
| Jaunpuri | Intestinal Gas<br>Diarrhoea<br>Constipation |
| Jaijawanti | Rheumatic Arthritis<br>Diarrhoea<br>Headache |



| | |
|---|---|
| Kafi | Sleep disorders |
| Kausi Kanada | Hypertension<br>Common Cold |
| Kedar | Headache, Common Cold<br>Cough, Asthma |
| Khamaj | Sleep disorders |
| Madhuvanti | Piles or Hemorrhoids |
| Malkauns | Intestinal Gas - Low BP |
| Marwa | Indigestion Hyperacidity |
| Nat Bhairav | Indigestion, Rheumatic Arthritis, Colitis |
| Puriya | Colitis, Anaemia<br>Hypertension |
| Puriya Dhanashri | Anaemia |
| Ramkali | Colitis<br>Piles or Hemore…Œeu |
| Shree | Anorexia, Common Cold<br>Cough, Asthma |
| Shudh Sarang | Anorexia<br>Gall Stones (Cholecystitia) |
| Shyam Kalyan | Cough, Asthma |
| Sohani | Headache |
| Yaman | Rheumatic Arthritis |
| Tilak Kamod,<br>Hansadhwani,<br>Kalavati, Durga | Relaxation & Easing<br>Tension, Pleasing effect on Nerves. |
| Bihag | Sonorous sleep |
| Bhupal Todi | High Blood Pressure |

# સંગીત ઉપચાર શાસ્ત્ર

સંગીત ઉપચાર શાસ્ત્ર એ સંગીતના તરંગો દ્વારા રોગના ઉપચારની અસરકારક વૈજ્ઞાનિક પદ્ધતિ છે. તે દ્વારા વ્યક્તિના સંવેદનાત્મક, શારીરિક અને માનસિક સુખાકારીની જાળવણી અને પ્રસ્થાપના થાય છે. ચોક્કસ રાગમાં સ્વરોનો સુમેળ, આરોહ-અવરોહ, લય અને વિશિષ્ટ સંરચના શારીરિક વીજચુંબકિય પરિવર્તન સહ વિવિધ દર્દ સામે કાર્યશક્તિ વધારી, ભય દૂર કરી, આરોગ્ય બક્ષે છે.

સંગીત ઉપચાર શાસ્ત્રનો ઈતિહાસ ગ્રીસની પ્રાચીન 'એરોફિક સ્કૂલ' સાથે સંકળાયેલો છે. પાયથાગોરસ, પ્લેટો તેમ જ એરિસ્ટોટલ જેવા તત્ત્વચિંતકો સંગીતની ઉપચારાત્મક તેમજ રોગપ્રતિરોધક શક્તિથી સુપરિચિત હતા. ખ્રિસ્તી ધર્મપુસ્તક 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'માં ઉલ્લેખ છે તે મુજબ કિંગ ડેવિડે તંતુવાદ્ય વગાડીને માંદગીનો ઈલાજ કરેલો. અર્વાચીન વૈદકશાસ્ત્રના પિતા હિપોક્રેટસ પણ વિવિધ રોગોના ઉપચાર માટે સંગીતનો સહારો લેતા. પ્રાચીન ઈજિપ્તમાં સ્ત્રીઓની પ્રસૂતિની વેદના ઘટાડવા સંગીતનો સહારો લેવાતો. ભારતીય દંતકથા મુજબ દક્ષિણ ભારતના મહાન સંગીતકાર ત્યાગરાજે રાગ બિહારીમાં ''ના જીવન ધારા'' રચના ગાઈને મૃતકને પુનર્જિવીત કરેલા ૧૭૨૯માં રીચાર્ડ બ્રાઉન નામના એક ચિકિત્સકે 'Medicina Musica' નામના પુસ્તકમાં સંગીતનો ઔષધ તરીકે ઉપચારનો ઉલ્લેખ કરેલ છે. ડૉ. બરનેલે 'રાગચિકિત્સા' નામની તેમની હસ્તપ્રતમાં નોંધ્યું છે તે મુજબ તાંજોરમાં સરસ્વતી મહલ પુસ્તકાલયમાં 'રાગચિકિત્સા' નામના પુસ્તકમાં વિવિધ રોગોમાં સંગીતના ઉપચારની માહિતી સંગ્રહિત કરેલી છે.

પ્રશ્ન એ થાય છે કે આ સંગીત છે શું ? સંગીત એટલે મૂક, અગાધ વક્તવ્ય કે જે આપણને અનંતને પાર લઈ જઈ તેમાં ડોકિયું કરાવે છે. મૂળભૂત રીતે સંગીત એ વિશિષ્ટ આંદોલન જગવતો નાદ છે કે જે અવકાશના માધ્યમ દ્વારા ગતિ કરી માનવ મનને સ્પર્શે છે. સંગીતરત્નાકરમાં સારંગદેવે જણાવ્યા મુજબ કોઈ પણ પ્રકારના વાદ્ય પર આંગળીઓના સ્પર્શાવેગથી અહત નાદ કે સંગીત ઉત્પન્ન થાય છે. આમ સંગીત એ રાગના સ્વરૂપમાં સર્વત્ર વ્યાપ્ત શક્તિ છે. માતંગના મત મુજબ રાગ એક પ્રકારની નાદરચના છે જેનો મધુર આલાપ તન, મન અને હૃદયને સ્પર્શે છે, ડોલાવે છે.



(૧) લોકગીત (૨) કાવ્યકલા (૩) પરબ્રહ્મની ઉપાસનાના ભાવસભર ગીતો અને (૪) શાસ્ત્રીય સંગીતકારોની રચના-જ્યારે વિશુદ્ધ મધુર આલાપ એ ભારતીય સંગીતની લાક્ષણિકતા છે. આ ચાર રાગના ઉદ્‌ગમ પરિબળ છે. સૂરિલાપણું એ ભારતીય સંગીતની લાક્ષણિકતા છે.

આ વિશુદ્ધ, મધુર આલાપ માટે ભારતમાં રાગ કે રાગિણી શબ્દ વપરાય છે. આવા રાગના સ્વરના સુમેળની તન અને મન પર વિશિષ્ટ શાંતિપ્રદ અસર થાય છે. ચોક્કસ રોગના ઉપચાર માટે ચોક્કસ રાગનું વારંવારનું શ્રવણ ઉપકારક નીવડે છે. એ રાગના અવાજના આંદોલન દ્વારા શરીરના અસ્વસ્થ ભાગના સ્નાયુ, જ્ઞાનતંતુ અને ચક્ર સંકોચન અને વિસ્તરણ પામે છે. જેને કારણે રક્તપ્રવાહ ચોક્કસ ગતિમાં તે ભાગમાં સરકે છે. જેનાથી તે અસ્વસ્થ ભાગની કાર્યશક્તિમાં સુધારો થાય છે. આમ અંતરીક્ષમાં વ્યાપ્ત અવાજના આંદોલનો માનવ દેહમાં રાગના માધ્યમ દ્વારા પ્રવેશી વ્યક્તિની કાર્યક્ષમતાને ગતિવંત બનાવે છે. શરીરની પંચેન્દ્રિયોમાંથી શ્રવણેન્દ્રિય દ્વારા સંગીતના માધ્યમ થકી ઝડપથી સ્વસ્થ થવાય છે. આમેય સંગીતના નાદને હૃદય સાથે પ્રગાઢ સંબંધ છે. દર મિનિટે નાડીના હોવા જોઈતા ૭૨ ધબકારાની નિયમિતતા માટે સંગીત ઉપકારક નીવડે છે. તેના થકી ૭૦થી ૭૫ ધબકારનું નિયમન કરી શકાય છે. સંગીતનો લય તન અને મન પર હકારાત્મક અસર ઊભી કરી મનને ઉત્તેજિત કરી કાયાકલ્પ કરે છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતે રાગને વિશિષ્ટ પ્રકારના ભાવને જાગૃત કરતું માન્યું છે. તેથી જ સંગીતોપચાર શરૂ કરતાં પહેલાં યોગ્ય ભાવને રાગ દ્વારા જાગૃત કરવામાં આવે છે.

વિવિધ રાગો દ્વારા જે ભાવ માનવના તન મનમાં જાગૃત થાય છે તે આ પ્રમાણે છે. રાગ કાફી : શાંત, અગાધ ભાવની જાગૃતિના / રાગ પૂરિયા-ધરિ : મધુર, અગાધ, ભારે, છાયાસભર મનોસ્થિતિની જાગૃતિ / રાગ મિશ્રમંદ : ખુશનુમા, તાજગીસભર, હળવા મધુર ભાવની જાગૃતિ / રાગ બાગેશ્રી : સ્થિર, ઊંડા, શાંત ભાવની જાગૃતિ.

આજના ચિંતાગ્રસ્ત, તણાવગ્રસ્ત અને અનિયમિત રક્તચાપ સામે સંગીત એક શ્રેષ્ઠ શાંતિપ્રદ ઔષધ છે.

રાગ દરબારી તણાવગ્રસ્ત પરિસ્થિતિને હળવી બનાવે છે. રાજા અકબરના આખા દિવસના તણાવયુક્ત કાર્યકાળ પછી હળવાશની અનુભૂતિ માટે તાનસેને મોડી રાત્રે ગવાતા આશાવરી પર આધારિત આ રાગની રચના કરેલી. સાત સૂરોનો સુમેળ ધરાવતો આ રાગ વિવિધ પશુ-પક્ષીના પ્રાકૃતિક અવાજ પરથી રચવામાં આવ્યો છે.

'ભાવ'ના નિર્માણ પછી રોગોપચાર માટે ઉપકારક રાગ નીચે મુજબ છે.

રાગ ભૂપતિ, ટોડી આહિર ભૈરવી : હાઈ બ્રડપ્રેશરનું નિયમન

રાગ માલકંસ અને આશાવરી : લો બ્લડપ્રેશરનું નિયમન

રાગ ચંદ્રકંશ : હૃદયની સારવાર

રાગ તિલક કમોદ, હંસધ્વનિ, કલાવતી અને દુર્ગા : જ્ઞાનતંતુની સારવાર

રાગ બિહાગ અને બહાર : અનિદ્રાની સારવાર

આ રાગોને દિવસના જુદા જુદા પ્રહાર અને માનવ મનના વિવિધ આવેગ, ભાવ, લાગણી સાથે સીધો સંબંધ છે. વળી સંગીતોપચારનો પ્રયોગ વહેલી સવારે, સાંજે કે રાત્રે કરવો હિતાવહ છે. ભૂખ્યા પેટે સંગીતના લાંબા જલસાને માણવો હિતાવહ નથી. વળી સંગીતનો જલસો બેથી ત્રણ મધ્યાંતર સાથે એકાદ કલાકનો હોય તે ઇચ્છનીય.

રાગમાધુર્યને માણવા માટે ભારતીય સંગીત શાસ્ત્રીઓએ દિવસ રાત્રીના ચોક્કસ સમયની સંરચના કરેલી છે. એ ચોક્કસ સમયે જે તે રાગ ગવાય તો જ તેની મધુર, સુંદર, ભવ્ય, દિવ્ય ઊંચાઈને માણી શકાય. કેટલાક રાગ સવારે, કેટલાક સાંજે અને કેટલાક મોડી મધ્યરાત્રે તેની ઉચ્ચતાને પામે છે. દિવસ રાત્રી દરમ્યાન આપણા તન અને મનની વિવિધ ગતિઓને ધ્યાનમાં રાખી આ સ્વીકૃત કરવામાં આવેલું છે. દરેક રાગ, રાગિણી માનવ મનની ચોક્કસ ભાવ, લાગણી સાથે સંકળાયેલા છે. સંગીતમાં ઈલાજની તાકાત છે. તે આનંદ, ઉદાસિનતા જેવા વિવિધ ભાવોની અનુભૂતિ કરાવે છે. માનવદેહ વાત, પિત્ત અને કફ એ ત્રિદોષથી વ્યાપ્ત છે. દિવસ રાત્રીના ૨૪ કલાક દરમ્યાન આ તત્ત્વો વારાફરતી કાર્યરત રહે છે. ઋતુ પ્રમાણે આ ત્રિદોષની પ્રતિક્રિયા બદલાતી રહે છે. તેથી નિયત સમયે જે તે રાગ ગાવા-સાંભળવાથી તેની ધારી હકારાત્મક અસર થાય છે. દિવસ રાત્રીના આઠ પ્રહરની ફાળવણી નીચે મુજબ છે.



| | |
|---|---|
| પ્રહર-૧ | સવારે ૭-૦૦થી ૧૦-૦૦ પરોઢ, વહેલી સવાર, સવાર |
| પ્રહર-૨ | સવારે ૧૦-૦૦થી ૧-૦૦ મોડી સવાર, બપોર પછીનો ગાળો |
| પ્રહર-૩ | બપોરે ૧-૦૦થી ૪-૦૦ બપોર પછીનો ગાળો, બપોર પછીનો મોડો ગાળો |
| પ્રહર-૪ | સાંજે ૪-૦૦થી ૭-૦૦ સાંજ, સંધ્યાપ્રકાશ, સૂર્યાસ્ત |
| પ્રહર-૫ | સાંજે ૭-૦૦થી ૧૦-૦૦ સાંજ, મોડી સાંજ, રાત્રી |
| પ્રહર-૬ | રાત્રે ૧૦-૦૦થી ૧-૦૦ રાત્રી, મધ્યરાત્રી |
| પ્રહર-૭ | રાત્રે ૦૧-૦૦થી ૪-૦૦ મધ્ય મોડી રાત્રી |
| પ્રહર-૮ | રાત્રે ૦૪-૦૦થી ૭-૦૦ મળસ્કુ, પરોઢ |

એ જ પ્રમાણે આપણા શરીરમાં રોજ પરિવર્તનની બે ઘટમાળ પસાર થાય છે. તે દરેક વાત, પિત્ત અને કફની પ્રબળતા આણે છે. આ પરિવર્તનની ઘટમાળનો લગભગ નિર્ધારિત સમય નીચે મુજબ છે.

| **પ્રથમ ચક્ર** | **દ્વિતીય ચક્ર** |
|---|---|
| સવારે ૬થી ૧૦ કફ | સાંજે ૬થી ૧૦ કફ |
| સવારે ૧૦થી ૦૨ પિત્ત | રાત્રે ૧૦થી ૦૨ પિત્ત |
| બપોરે ૨થી ૦૬ વાત | રાત્રે ૨થી ૬ વાત |

| **રાગ** | **રોગોપચાર** |
|---|---|
| આહિર ભૈરવ | અપચો, સંધિવા, તાણ |
| આશાવત | આત્મવિશ્વાસ - લો બી.પી. |
| બાગેશ્રી | અનિદ્રા |
| બસંતબહાર | પથરી |
| ભૈરવી | સંધિવા, ઘા, નિરાશા |
| ભીમપલાશ | ચિંતા, તાણ |
| ચંદ્રકંશ | અરુચિ, હૃદયપીડા |
| દરબારી | શાંતિપ્રદ, તાણમુક્તિ |
| દરબારી કાનડા | માથાનો દુખાવો, અસ્થમા |
| દીપક | અપચો, અરુચિ, એસિડિટી, પથરી |
| ગુજરી તોડી | કફ |
| ગુણાકલી | સંધિવા, કબજિયાત, માથાનો દુખાવો, હરસ-મસા |

| | |
|---|---|
| હિંડોલ | સંધિવા, પીઠનો દુખાવો, તાણ |
| જૌનપુરી | ગેસ, અતિસાર, કબજિયાત |
| કૌશી કાનડા | તાણ, શરદી |
| કેદાર | શિરશૂળ, શરદી, કફ, અસ્થમા |
| ખમાજ | અનિદ્રા |
| મધુવન્તી | હરસ-મસા |
| માલકંશ | ગેસ, લો બી.પી. |
| મારવા | અપચો, અસિડિટી |
| નટ ભૈરવ | અપચો, સંધિવા, આંતરડાનો સોજો |
| પુરિયા | આંતરડાનો સોજો, અસ્થમા, તાણ |
| પુરિયા, ધનશ્રી | લોહીની ઊણપ |
| રામકલિ | આંતરડાનો સોજો, હરસ-મસા |
| શ્રી | અરુચિ, શરદી, કફ, અસ્થમા |
| શુદ્ધ સારંગ | અરુચિ, પથરી |
| શ્યામ કલ્યાણ | કફ, અસ્થમા |
| સોહની | શિરશૂળ |
| યમન | સંધિવા |
| તિલક કમોદ, હંસધ્વનિ, કલાવતી, દુર્ગા | તાણમુક્તિ, જ્ઞાનતંતુની સારવાર |
| બિહાગ | મીઠી નિદ્રા |
| ભૂપાલ તોડી | હાઈ બ્લડપ્રેશર |

પૂ. બાપજીના સ્તોત્રો, ભજનો ઉપરોક્ત વિવિધ રાગ-રાગિણીમાં રચાયેલા છે. તેના ગાન-શ્રવણ થકી ભક્તો અવશ્ય સ્વસ્થતા પ્રાપ્ત કરી શકે છે.



# સંપાદકની સાત્ત્વિક સંવેદના

બાપજી, આ સંવેદના સાત્ત્વિક છે છતાં કોઈ પણ ભક્તને ગમે કે ના ગમે તેથી પ્રથમ હું આપની તથા સૌ ભક્તોની ક્ષમા યાચું છું. બાપજી ! પુત્ર બાપ પાસે હૈયાની વરાળ ના ઠાલવે તો ક્યાં ઠાલવે ?

પૂ.શ્રીને હજુ આપણે એમના સ્થૂળ દેહનાં જ દર્શન કરીએ છીએ કે શું ? કે આપણે બધા પરબ્રહ્મ પરમાત્મા છે ઐશ્વર્યોથી સભર, સર્વ વ્યાપક, સર્વાશ્રત્વ, સર્વજ્ઞત્ત્વ અને સર્વસુખત્ત્વથી સભર છે તેના દર્શન કરીએ છીએ ? સ્થૂળ દેહે તેમને દેશ, કાળ ને ધ્યાનમાં રાખી બોધપાઠ આપ્યો હોય કે ના ગમ્યું હોય ને સાત્ત્વિક ગુસ્સો પણ કર્યો હોય તેને આપણે આપણા પૂર્વાકર્માનુસાર આપણે જે લઈને આવેલા સંસ્કારો સાથે જોડીને પૂ.શ્રીને એ રીતે કેમ પકડી રાખીએ છીએ ? અભેદ ભક્તિથી પૂજ્યશ્રીની પરબ્રહ્મ પરમાત્મા, શ્રેષ્ઠ ગુરુત્ત્વને સમજીને ભક્તિ કરવાથી મને મારા કર્માનુસાર, ગત જન્મનાં કે આ જન્મનાં જે ફળ મળવાના હોય તે ભલે મળો. બાપ પાસે મારી આ સાત્ત્વિક સંવેદના યાચનારૂપે મારા બાપ પાસે રજૂ કરું છું. મને ખબર છે આપની દૃષ્ટિ સદા સર્વદા અભેદ છે. જે જેવું, જેવા આશયથી, જેવી શ્રદ્ધા તથા નિષ્ઠાથી કર્મ કરશે તેવું જ આપ ફળ આપશો. આપને તો ભક્તિ, ભક્તની ભાવના સિવાય કશું જ અડતું નથી.

બાપજી, એ નિર્વિવાદ છે કે જે કાંઈ બની રહ્યું છે તે આપની ઈચ્છાથી જ તથા દરેક ભક્તના શુભ, ગાંડાઘેલાં સંકલ્પો પૂરા કરવા માટે જ બની રહ્યું છે. માટે જ તો આપે “એકી સાથે આઠ સ્વરૂપ ધરીને ભક્તોની ઈચ્છા પૂરી કરી પણ અમે આમાંથી શું સમજ્યા ?

ભૌતિક્તાથી સભર ભક્તો લાખોનાં લાખો રૂપિયા પારાયણો પાદુકાપૂજનો તથા અન્ય કાર્યક્રમોમાં ખર્ચે છે. બરાબર છે. કરનાર (ભાગ લેનાર) તથા કરાવનાર ખૂબ જ પુણ્ય કમાયા પણ ખરા, પરંતુ આ લાભ કેટલા જણને મળ્યો ગણાય. આટલા બધા રૂપિયા ખર્ચાયા પછી જો મૂઠીભર ભક્તોને લાભ મળે તેના બદલે આવા ને આટલા પૈસા વડે હાલમાં વિકસેલી નવી ટેકનોલોજી વડે એવા પ્રોજેકટ બનાવવામાં આવે જે વિશ્વના બધા જ બાપજીના ભક્તો લાભ લઈ શકે તો આ પૈસાનો કેવો સરસ ઉપયોગ લોક સેવાર્થે થયો

ગણાય ! એ પણ બરાબર છે કે ભગવાનનાં કોઈપણ કાર્યક્રમમાં ગમે તેટલા પૈસા ખર્ચાય એની કોઈ વિસાત નથી. પરંતુ પૂ.શ્રીને આ ગમશે ? આના પર પૂ.શ્રીની બીજી બાજુ (Flexibility) ને ધ્યાનમાં રાખીને, અભેદ દૃષ્ટિથી, ખૂબ જ શાંત મનથી અને તટસ્થતાથી વિચારવાની જરૂર છે. આવા કાર્યક્રમો કર્યા ને થોડા વખતમાં ભૂલાઈ ગયા. એવું નથી લાગતું કે ખરા દિલની અને હૃદયના સાતમા પડદે (સાતમા લેયર)થી ઊઠતી ખરેખર ભક્તિભરી ભાવના આવા કાર્યક્રમો કરવામાં ગૌણ બની જાય છે અને દેખાદેખી તથા થોડા અહમ ઉપર આવવાથી આવા કાર્યક્રમો થતા હોય છે. પૂ.શ્રીએ 'તેલનો' પ્રસંગ, તથા નારેશ્વરમાં થયેલ સર્જરી કેમ્પ દ્વારા કેટલી મોટી ક્રાંતિ સર્જી હતી ! ગામના કેટલાય ગરીબભક્તોને ત્યાં તેલ પહોંચ્યું હતું તથા કેટલાય દર્દીઓની વિનામૂલ્યે સર્જરી થઈ હતી. એકી સાથે જનોઈનો કાર્યક્રમ સરખેજમાં થયો હતો. પૂ.શ્રીએ એક જગ્યાએ એવું પણ કહ્યું છે કે, "જેને જે કહેવું હોય તે કહે કે ગમે તે વિચારે, ભગવાનનાં કામમાં ભવ્ય કાર્યક્રમ થતો હોય તો થવા દો." વિવેકથી વિચારીએ તો અહીં વર્ષમાં આવતા એક બે પ્રસંગોની વાત છે. કાર્યક્રમો ના જ થવા જોઈએ એવું પણ નથી. પરંતુ વર્ષમાં બે કાર્યક્રમો આવા થતા હોય તો બીજા બે કાર્યક્રમોને પ્રોજેક્ટમાં ફેરવીને પૂ.શ્રી કે દત્તપરંપરાને વણી લઈને ભવિષ્યની પ્રજાને કામ લાગે તેવામાં પૈસા ખર્ચાવા જોઈએ. પારાયણો, પાદુકાપૂજનો કે ભજનોનો કાર્યક્રમ આ બધાં જ ભક્તિનાં જુદા જુદા અંગો છે, કરવા પણ જોઈએ. પરંતુ આમાને આમાં જ ગળાડૂબ રહીશું તો ભક્તોની અન્ય સેવા માટે ક્યારે જાગીશું ?

આવનાર નવી જનરેશન - યુવાન ભક્તો કે જે પૂ.શ્રીને આપણે જેટલી ડેપ્થ (depth) માં જાણીએ છીએ તેટલું કદાચ ના પણ જાણતા હોય. નારેશ્વરમાં લાખો નવા નવા ભક્તો દર્શનાર્થે આવે છે. તથા જે કોઈ ઈચ્છાથી આવ્યા હોય તે પૂરી પણ થાય છે.પરંતુ બીજા કે ત્રીજા જનરેશન માટે શું ? જે કોઈ કૂતુહલતાથી કે થોડું જાણીને કે દેખાદેખીથી આવે ને પૂ.શ્રીના દર્શન કરે પણ જો પરબ્રહ્મ સ્વરૂપ પૂ.શ્રી બાપજીને એ બરાબર ના જાણતા હોય તો શ્રદ્ધા તથા દર્શન કરવાના ભાવમાં ફરક પડે કે નહીં ? ભગવાનની મહત્ત્વતા, તેના ગુણો, ઐશ્વર્યને સમજી ભાવથી દર્શન ક્યારે થાય ? જો ભગવાનની મહાનતાને આપણે બરાબર સમજ્યા હોઈએ તો. તો પૂ.શ્રીની આપણા બાપની આ મહાનતાને કાયમ રાખવા એમના ભક્તો, પુત્રોની ફરજ શું ?



પૂજ્ય શ્રીએ આપણને કેટલું બધું વૈદિક સાહિત્ય આપ્યું છે. જેમકે ભજનો, પ્રભાતિયા, ધૂનો, સ્તોત્રો, દોહરા. વળી દરેકની કક્ષા તેમજ ઔચિત્યને, પસંદગીને પણ ધ્યાનમાં રાખીને આપ્યું છે. નહીં તો એક જ વાક્યનું સાહિત્ય કે આદેશ પૂરતો નથી ? "શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ !" પરંતુ પૂ.શ્રીને દરેકની કક્ષા તથા ઉચિતતાની ખબર છે. સાંપ્રત સમયમાં તેને ધ્યાનમાં લેતા આપણી ફરજ શું ? શ્રી વ્યાસ ભગવાન, વાલ્મિકીજી, તુલસીદાસજી, નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીરજી વિગેરેનું સાહિત્ય યુગોથી ચાલતું આવ્યું છે ને યુગો સુધી ચાલશે તો ઊંચી કક્ષાનું આપણાં પૂ. બાપજીનું સાહિત્ય કેમ નહી ? પૂ.શ્રીની લાઈવ વીડિયો તથા એઓશ્રીના લાઈવ પ્રવચનો મને મેળવતા નાકે દમ આવેલો. હજુ પણ ઘણા ભક્તો પાસે પૂ. શ્રીનું ઘણું જ મટીરીયલ છે. પણ જાણે એ તેમનો જ ખજાનો હોય તેમ વર્તે છે. જેટલું મને મળ્યું છે તેનો આજે ભક્તો આનંદથી ઉપયોગ કરી રહ્યા છે. દત્ત પરંપરામાં જોઈએ તો આપણા બાપજીનું સાહિત્ય અતિ ઉત્તમ છે તથા ભવિષ્યની પેઢીને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. આપણી ફરજ પરિવારના કુટુંબનાં પિતાના (પૂજ્યશ્રીના) પુત્ર, પુત્રીઓ તરીકે પારિવારિક ભાવનાના ભાગ રૂપે આપણા પૂ. બાપજીનું આધ્યાત્મિક વાઙ્મય આપણે જાળવીને નવા જનરેશનને ગમે તથા ખૂબ જ પ્રેમથી ઉપયોગ કરે એ રીતે ન્યાય આપીને નવાં ઢાંચામાં મૂકવાની જરૂર છે. આવનાર જનરેશન ઘણું જ સ્માર્ટ આવશે. આપણે જેમ આપણા પિતા કહેતા તે કદાચ ગમે કે ના ગમે, નૈતિક કે અનૈતિક હોય તો પણ કહ્યું કરતાં હતાં જ્યારે નવું જનરેશન કાંઈ પણ સ્વીકારતા પહેલા એમને ઊઠતા પ્રશ્નોના જવાબ માગે છે. જો તેમને એ જવાબ નહીં મળે તો આપણા પુત્રો, પૌત્રો કે પ્રપૌત્રો આપણે કહીશું તો જ્યાં સુધી એમને આપણી જરૂર છે ત્યાં સુધી માનશે ખરા પરંતુ અંદરની એમની શ્રદ્ધાને પુષ્ટિ મળે એવી રજૂઆતો જો આપણે મૂકેલી નહિ હોય તો એમની માન્યતા, શ્રદ્ધા, નિષ્ઠા બદલાતા વાર નહીં લાગે.

અલબત્ત, પરિવારના વિદ્વાનો, પંડિતો, સંતો, કામ કરી જ રહ્યા છે. પરંતુ તે નવા જમાનાને અનુસાર કેટલું છે તેનો વિચાર કરવો જોઈએ. બાપુજી અમેરિકામાં આવીને યુવાનો તથા બાળકો માટે ઘણું કામ કરી રહ્યા છે. ઘણા વિદ્વાનોએ ઘણા બધા પુસ્તકો બહાર પાડ્યા છે. પણ આવનાર તથા અત્યારનાં

ફાસ્ટ, બીઝી, સમયની ખૂબ જ ખેંચ અનુભવતા ભક્તો થકી તેનો કેટલો ઉપયોગ થશે ? માટે બીજા Sources નો પણ વિચાર કરવો રહ્યો. આ માટે જૂની ઘરેડમાંથી બહાર નીકળી યુવાનોને ગમે તેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી, યુવાનોને વિશ્વાસમાં લઈ પૂ.શ્રીનું મીશન યુગો સુધી ચાલે એ રીતે આગળ વધવું જરૂરી છે.

મારા માતાપિતાના પુણ્યબળે તથા આ દેહ પર પૂ.શ્રીની (જ્યારે અમારે ઘરે પધારેલા ત્યારે) તીખી પણ મહેરવાળી, કૃપાદષ્ટિ પડવાને કારણે આ દેહ થકી પૂ.શ્રીની પ્રેરણા અનુસાર ભવિષ્યની પ્રજાને ગમે એ રીતે એઓશ્રીના સાહિત્યને (અન્યાય થવા દીધા વગર) ન્યાય આપવા પ્રયત્ન થયેલો છે, જે સુભગ ભક્તોને દેશમાં તથા વિદેશમાં ગમ્યો છે. પૂજ્યશ્રી પૂર્ણ કરાવશે તો 'રંગ હૃદયમ્'માંથી બોલી તથા ગાઈ શકાય તેવા ૨૭ સ્તોત્રોનું રેકોર્ડીંગ કરવાની શુભ કામના છે. શરૂઆતમાં, અંતરાઓ વચ્ચે, તથા અંતમાં મ્યુઝિક વગર કોરસથી જ ગવડાવવાનો વિચાર છે, અલબત્ત બેકગ્રાઉન્ડમાં ભક્તના કોન્સન્ટ્રેશનને ડીસ્ટર્બ ના થાય તે રીતે મ્યુઝીક મુકાશે. બીજો પ્રોજેક્ટ જે સૌ ભક્તો માટે તથા સૌ ભૌતિક્તાથી સભર ભક્તો દ્વારા થાય તે છે **પૂ.શ્રીની વીડિયો સિરિયલ.** પૂ.શ્રીના પ્રાદુર્ભાવથી લઈ સાંપ્રત દર્શનને આવરી લે તેવી. હાલમાં સ્ટાર ચેનલ પર ચાલી રહેલી સિરિયલ 'સાંઈબાબા' જેવી જો બને તો ભવિષ્યની પ્રજા અત્યારના કાર્યકર્તાનો ખૂબ જ આભાર માનશે. રામાનંદ સાગરની સિરિયલો જેવી કે રામાયણ, ક્રિષ્ના, સાંઈબાબા, કૃષ્ણકથા વગેરે ખૂબ જ સુંદર, દર્શનીય, ભાવવાહી બની છે. આવી જ, સિરિયલ જો બાપજીનો પરિવાર બનાવે તો કેટલું સરસ ! પરિવારનાં ભૌતિક્તા સભર તથા વિદ્વત્તા સભર ભક્તો જરૂર આના પર વિચાર કરે એવી મારી વિનંતી છે.

ફરી એક વાર ક્ષમાયાચું છું. પરંતુ નવું વિચારી, નવા જમાના અનુસાર પરિવારે ચાલવું ખૂબ જ જરૂરી છે એવું મારું માનવું છું.

*(આટલું લખવાની નિખાલસતા પૂ.શ્રીએ જ આપેલી છે તથા પ્રથમ ઉપરના વિચારો પ્રમાણે પ્રથમ આચરણ કરીને, ચાલીને પછી જ દર્શાવ્યા છે.)*

હું પણ પૂ.શ્રીનો ગાંડો ભક્ત છું મને તેમના વગર કાંઈ જ સૂઝતું નથી. મારો તો ભગવાન જ એ છે. જો મારે પૈસા ખર્ચવાના હોય તો હું મારા જ



લાભ માટે ખર્ચું ? ના, ખર્ચ્યા પણ નથી. હું પોતે, મારા પિતા "અમે સૌનો રંગ અવધૂત" માં માનવાવાળા છીએ. મારા પિતાને સામે ચાલીને પૂ.શ્રીએ બોલાવીને પૂ. શ્રી નારણભાઈની પુણ્યતિથિ કરવાની આજ્ઞા કરી હતી. પરંતુ જૂના બીજા ત્રણ ભક્તોએ (વડોદરાના) એ માટે પૂ.શ્રી પાસે વિનંતી કરતા, પૂ.શ્રીએ એમને મારા પિતાને મળવા કહ્યું. કે મારા પિતાની ઈચ્છા મુજબ કરો, મને વાંધો નથી. મારા પિતાએ ત્રણેની વિનંતીને માન્ય રાખીને ઘણાં વખત સુધી ચારેય જણાએ દરેક વર્ષે એ પૂણ્યતિથિને ન્યાય આપેલો. આ દેહથી પણ ભવિષ્યની પેઢીને કામ લાગે તે પ્રમાણે જે કોઈ પ્રોજેક્ટસ થયા છે તે સર્વ અમદાવાદ રંગ પરિવારને જ અર્પણ કરેલ છે. જેમાં મારે કંઈ લેવા દેવા નથી. તેઓ જ હેંડલ કરે છે. પૂ.શ્રીએ પણ જ્ઞાનકાંડની સમાપ્તિ એ ગુરુ મહારાજની કરેલી "વંદના" પણ પોતાના માટે કરેલી હશે છતાંય બીજી લીટીમાં જ "વિક્ષેપ દૂર થઈ બધા **અમ** ચિત્ત સ્થિર તુજમાં થજો." એમ સહુને માટે વંદના કરેલી છે.

બીજા સંપ્રદાયો તથા પરિવારોએ નવી ટેકનોલોજીનો ઉપયોગ કેટલો સરસ કરી રહ્યા છે તે અહીં યુ.એસ.એ.માં જોવા મળે છે. જ્યારે આપણા પરિવારે હજુ સુધી નવી ટેકનોલોજીનો ઉપયોગ કે લાભ લીધો જ નથી. જે એક કરુણા છે !

પરિવારના સૌ રંગભક્તો આ નમ્ર નિષ્કામ પ્રયાસને વધાવી લેશે. પૂજ્યશ્રીના ચરણકમળમાં અનંત કોટી પ્રાર્થના, અનંત કોટી નમસ્કાર, અનંત કોટી વંદન, અનંત કોટી પ્રણામ. "ગુરુકૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્."

**જસભાઈ એ. પટેલ (યુ.એસ.એ.)**

## સમપર્ણ વંદના

જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવો ભવ' ભાવે એકત્ર થયા એ શ્રી અખિલ ભારત રંગઅવધૂત પરિવારને આ પ્રકાશન / નિર્માણ અહેતુકી ભાવે સમર્પિત કરવાની શ્રી ગુરુમહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહો ભાગ્ય !

**શ્રીમતી કોકિલાબેન જસભાઈ પટેલ**
**યુ.એસ.એ.**

**શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ**
**યુ.એસ.એ.**

# અવધૂત મનન (શ્રી ગુરુલીલામૃત ગદ્યાંતર)

ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મો કરવાથી પાપ બળી જાય છે અને ક્ષણવારમાં ચિત્તની શુદ્ધિ થાય છે. ચિત્તશુદ્ધિ થયા પછી શાસ્ત્રનાં શ્રવણની રુચિ જાગે છે અને એવી રુચિ જ્ઞાનપ્રાપ્તિમાં ઉપયોગી છે. ચિત્તશુદ્ધિ તો નિષ્કામ કર્મો કરવાથી જ થાય છે. માટે જ્ઞાન પ્રાપ્તિમાં ઉપયોગી થાય એવું પરંપરાથી ચાલી આવતું કર્મ કરવું જોઈએ. ચિત્તશુદ્ધિ થાય એટલે પછી બધું છોડીને સદ્ગુરુનાં ચરણનું અનન્યભાવે શરણ લેવું. પ્રેમપૂર્વક ગુરુની રાતદિન સેવા કરીને ભાવપૂર્વક તત્ત્વજ્ઞાનનું શ્રવણ કરવું.

હે અલર્ક ! પ્રાકૃત (સ્વભાવિક) ગુણો દૂર કરીને બ્રહ્મથી જોડાવું એ જ મુક્તિ છે અને એ અસંગથી (નિઃસંગી થવાથી) મળે છે. વૈરાગ્યોદય થતાં સંગ છૂટે છે. જ્ઞાનથી વૈરાગ્ય જન્મે છે અને જ્ઞાન વિવેકથી પ્રગટે છે એ વાત નિશ્ચિતપણે જાણી લે. નિત્ય અને અનિત્ય (સત અને અસત્) વસ્તુના વિચારથી વિવેક પ્રગટે છે. ધીરે ધીરે એ વિવેક સુદઢ થતાં મુક્તિ આપનારું જ્ઞાન પ્રગટે છે. શરીર, ઈન્દ્રિયો, પ્રાણ, મન અને અહંકાર ભૌતિક ગુણોની જેમ આદિ અને અંતવાળા છે. એ બધા અસત્ છે અને બર્હિવૃત્ત સ્વભાવનાં છે. એ બધા ભલે ભેગા જણાતા હોય પણ એ જડ અને નાશવંત છે અને એ આત્મા નથી. અગ્નિમાં લોખંડ તપાવતા લોખંડ પણ લાલચોળ, ગરમ અને પ્રકાશમય અગ્નિ જેવું જ જણાય છે તે જ રીતે આત્માના આરોપણથી દેહ વગેરે (દેહ, ઈન્દ્રિય, પ્રાણ, મન, અહંકાર વગેરે) ચેતન હોય તેવા જણાય છે.

અંતરમાં વ્યાપેલો આત્મા ભિન્ન છે અને કેવળ સાક્ષીરૂપ છે. દેહ વગેરેના અધ્યાસથી (મિથ્યા આરોપથી) તેના ગુણોથી યુક્ત જણાય છે. અજ્ઞાની માણસ આ વાત ક્યારે પણ સમજી શકતો નથી અને અહંકાર રાખીને સકામભાવે (સાદર) કર્મ કરે છે અને બંધનમાં પડે છે. યંત્રની જેમ કર્મ વશ થઈને એ દિવસ-રાત કર્મ કર્યા કરે છે. પરિણામે એને સ્વપ્નમાં પણ શાંતિ મળતી નથી અને દુઃખમાં સબડ્યા કરે છે. અજ્ઞાનતાને લીધે તેનામાં અવિવેકનું જોર વધે છે. અવિવેકથી અભિમાન અને અભિમાનથી લુચ્ચાઈનું જોર વધે છે. પરિણામે રાગ વગેરે (રાગ-દ્વેષ) જન્મે છે અને રાગદ્વેષથી પ્રેરાઈને ત્રણ પ્રકારના કર્મો (પુણ્ય કર્મ, પાપ કર્મ, પાપ-પુણ્ય નિશ્ચિત કર્મ) કરીને દુઃખી થાય છે. કર્મથી



જે દેહનો જન્મ છે અને પાછું જન્મ ધરીને કર્મ અને સુખ-દુઃખની પરંપરા એમ અચૂકપણે વારંવાર ચાલ્યા જ કરે છે.

અહંપણુ રાખીને નાદાન થઈને નાહકનાં શું કામ દુઃખી થાઓ છો ? તમારું પરાધીનપણું જાણીને અહંનું અભિમાન ત્યજી દો. જે વ્યક્તિ કર્તાપણાના અભિમાનથી દૂર રહે છે તેને સારું કે નરસુ કર્મ બંધનરૂપ થતું નથી. સોનાની કે લોખંડની સાંકળ બંને સમાન છે અને પ્રાણીને બંધનકારક છે. એમાં જરા પણ શંકા નથી. એ જ રીતે મોક્ષની પ્રાપ્તિમાં પાપ જેમ ઘણાં વિઘ્નો કરે છે તેમ પુણ્ય પણ ખરેખર વિઘ્નરૂપ બને છે. આત્મજ્ઞાન વગર યુગોના અંતે પણ જન્મમરણનું દુઃખ ટળતું નથી. માટે જ ફળની ઈચ્છા ત્યજીને જો માણસ અહીં ઈશ્વર પ્રીત્યર્થ પુણ્ય કર્મ કરે તો જ એનું ચિત્ત શુદ્ધ થાય છે. શરીરનું અભિમાન (દેહાભિમાન) ગળી જતાં માણસનું ક્યારેય પણ મરણ આવતું નથી અને એનો પુનર્જન્મ થતો નથી. દેહાભિમાન ન રહે એ જ જીવમૃત્યુ ગણાય. અહંકારથી ઘેરાયેલા માણસની અજ્ઞાનતાને લીધે લક્ષચોરાસીની આ જન્મમરણ ઘટમાળ ટળતી નથી. આત્મા જે જાતે જ પ્રકાશ સ્વરૂપ છે, કેવળ સાક્ષીરૂપ છે, અજ, અક્ષય અને અવિકારી છે એ જ મારું સાચું રૂપ છે, એવો કાયમ માટેનો તું દઢ નિશ્ચય કર. હું નિત્ય છું, સત્ય છું, એક છું, બધા ભૂતો મારામાં વસે છે અને હું બધા ભૂતોમાં વસું, છું, એવો નિશ્ચય કર. હું શુદ્ધ છું, બુદ્ધ છું, અદ્વૈત છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એવું જ્ઞાન ધ્યાન દ્વારા દઢ કરીને તું સ્વાત્મામાં જ રહે. દરેક રીતે સંગ છોડી દેવો. (કોઈનો પણ સંગ કરવો નહિ.) જો કદાચ આવું ન બની શકે તો હંમેશા સંતનો સંગ કરવો કારણ કે સંતો આપણને તારે છે. દરેક પ્રકારની ઈચ્છાનો ત્યાગ કરવો. જો બની શકે એમ ના હોય તો કેવળ સુખનો ભંડાર એવા મોક્ષની ઈચ્છા કરવી.

પંચ મહાભૂતોનો સમૂહ એવો આ સ્થૂળ દેહ તો જડ છે. એમાં ક્ષણે ક્ષણે ફેરફાર થયા કરે છે અને એ તો કેવળ અનિત્ય (ક્ષણભંગુર) છે. આત્મા પોતે તો નિર્વિકાર છે, વ્યાપક છે અને અખંડ છે. આ મર્યાદિત એવો દેહને એ અળગો રહીને જાણે છે. એ જ મારું સાચુ સ્વરૂપ છે. દેહથી જુદો એવો હું સત્ (સત્ય) અને ચિત્ આત્મા એવો હું એક છું અને ચાલક તેમજ ભાસક છું. (ચાલક એટલે બધાને કાર્ય કરવા પ્રેરનાર અને ભાસક એટલે બધાને પ્રકાશિત કરનાર.) આ મન ક્ષણે ક્ષણે દોડાદોડ કર્યા જ કરે છે. તેથી હું મન નથી. હું તો મનથી તદ્દન જુદો છું, સર્વવ્યાપક (વિભુ) છું અને તેથી હું મન નથી.

ઊંઘમાં ઈન્દ્રિયો જડ તથા બુદ્ધિ વિલીન થઈ જાય છે તે પ્રાણ તથા બુદ્ધિ વિજ્ઞાન પણ નથી. ત્રણ ગુણવાળો જડ એવો અહંકાર પણ નથી. હું તો સાક્ષીરૂપ ચૈતન્ય છું અને બધાથી જુદો છું.

હું તો શુદ્ધ છું, બુદ્ધ છું, શ્રેષ્ઠ (પર) છું, ઈંદ્રિયાતીત (ઈંદ્રિયોથી પર) છું, અજ છું, અમર છું અને અક્ષય છું. મૃત્યુના ધર્મવાળો માનવી હું નથી. આવો દઢ નિશ્ચય થાય તો પછી ક્યાંથી દુઃખ આવે ? હું તો કેવળ સુખ સ્વરૂપ છું. જન્મ, મરણ, રોગો એ બધા આ સ્થૂળ શરીરનાં દુઃખો છે. હું તો બધાથી ન્યારો છું એટલે એ બધાં મુજને ક્યારેય સ્પર્શતા નથી. ભૂખ અને તરસથી પણ એ જડ પ્રાણ જ પીડાય છે. એ બધાના દુઃખે હું કદી પણ દુઃખી થતો નથી. એ બધા તો મારા નોકર (ભૃત્ય)ની જેમ મારી સત્તાને લીધે વર્તે છે. ચંચળ મન એ જ રાગ-દ્વેષનું મૂળ કારણ છે. અન્નના વિકારને લીધે એ સુખથી હસે છે અને દુઃખથી રડે છે. જો હું કોઈપણ રીતે એ ન હોઉં તો એ બધું ક્યાંથી નડે ? શું એક જણનું દુઃખ કદી પણ બીજાને દુઃખી કરી શકે ખરૂં ? આકાશ (વ્યોમ), વાયુ, તેજ (અગ્નિ), જળ અને પૃથ્વી એ પાંચ ભૂતો બધાં જ જડ અને ચંચળ છે. એ મારૂ રૂપ નથી. (હું એ નથી.) હું તો સત્, ચિત્, નિશ્ચલ, કેવળ સ્વરૂપ એવો એકમાત્ર આત્મા છું. પંચભૂતો અને એના (ભૌતિક) ગુણોથી હું ન્યારો છું. હું તો નિર્ગુણ છું. ઈન્દ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિનો સાક્ષીરૂપ ચેતન આત્મા હું છું. હું એ બધાથી જુદો હોઉં તો એમના દુઃખે શું કામ દુઃખી થાઉં ? દુઃખનું અમંગલકારી મૂળ દેહની અહંતા છે. એના સંગનો ત્યાગ કરવાથી દુઃખનું સ્થાન શોધ્યું પણ જડતું નથી. વિવેકપૂર્ણના સૂક્ષ્મ વિચારથી મેં મારું મૂળ સ્વરૂપ જાણી લીધું છે. હવે હું અનુભવના જોરે કહું છું કે ખરેખર ! જે દુઃખ થયું છે તે તો મનને થયું છે. હું તો હંમેશા સ્વયં રીતે પૂર્ણ છું. મારામાં વધઘટ નથી. મનમાં જે દુઃખ જણાય છે તે મને કેવી રીતે સ્પર્શી શકે ? આ બધું જે જે દેખાય છે તે માયાવી નશ્વર છે, એવું તું જાણ.

હું તો નિત્ય, અદ્વૈત, અખંડ, શુદ્ધ, નિરંજન, પવિત્ર, તેજ-પુંજ અને અદંડ (દંડી ન શકાય તેવો) છું. હું હંમેશા અક્ષય છું, અવિનાશી છું, પરિણામથી પર છું. સર્વસંગથી મુક્ત છું અને સુખદુઃખથી પર છું. ચૌદ લોકનો નાથ એવો હું કેવળ સુખનું ધામ છું. આપ્તકામ (સંતુષ્ટ), નિષ્કામ (કામના રહિત) અને અભિન્ન એવો આત્મારામ છું. હવે મારામાં ભ્રાંતિ રહી નથી અને કોઈપણ પ્રકારનો શોક રહ્યો નથી.



મારા અંતરમાં વિવેકનો ઉદય થયો છે તેથી હવે મને સુખ કે દુઃખની લાગણી થતી નથી. મને કોઈ ભલેને કાંઈ કહી જાય તો પણ હું એને દુઃખ માનતો નથી. હું સાચે જ શુદ્ધ, નિરંજન છું અને અહંતા-મમતા વગરનો છું. હું પ્રકૃતિથી પર છું. હવે હું લાચાર (દુઃખી) નહિ થાઉં. હું (અહંમ્) કહેતાની સાથે જ બંધનકારક સંગ આવી રહે છે અને સંગ જ બધા પ્રકારના શોકનું કારણ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. જીવમાત્ર જેટલા પ્રિય સંબંધો બાંધે છે તેટલા એ હાથે કરીને શોકના ખીલા પોતાના અંતરમાં ઠોકે છે. મમતાથી બંધન વધે છે જે છેવટે દુઃખકારક નીવડે છે. જ્યાં મમતા નથી ત્યાં બંધન પણ નથી અને ત્યાં એકમાત્ર અખંડ સુખ જ છે. ગુરુદેવ દત્ત !

"કુલીનભાઈ, ખૂબ ખૂબ આભાર. બીજા ભક્તોની ખબર નથી પરંતુ મને તો ખૂબ ગમે છે એવું ગદ્યાંતર વાંચન તથા ઉપયોગ."

**સંકલન**

**જસભાઈ એ. પટેલ** (યુ.એસ.એ.)

# ગીતામનન

સત્ એટલે શું ? તત્ત્વજ્ઞાનની ભાષામાં સત્ એટલે 'હોવું', કેવળ અસ્તિત્ત્વ, અને અસત્ એટલે 'જવું' જે ક્ષણે ક્ષણે જાય છે તે. એટલે હોવામાં પણ આનંદ નથી અને જવામાં પણ આનંદ નથી. 'હોવું', 'જવું' ની રમત રમનારને તે ''સદસપ્તત્પરં યત'' સત્ અને અસત્ કરતાં પણ પર એવું તત્ત્વ ! 'હોવું', 'જવું' ભગવાનની રમત છે.

ભગવાનને નમસ્કાર એટલે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિની નમ્રતા. નમસ્કાર ક્યારે થાય ? ભગવાનનું સર્વવ્યાપકત્ત્વ, સર્વાશ્રયત્ત્વ, સર્વજ્ઞત્વ અને સર્વ સુખત્ત્વ સમજાય તો જ નમસ્કાર થાય. ભગવાનને કેવળ ભજવાથી ભજનારા બધા એક કક્ષાના થયા એમ ન સમજવું. એક, ગુણ શ્રેષ્ઠતા સમજીને, હૃદય ભાવભીનું રાખીને ચઢાવે છે અને બીજો, શ્રેષ્ઠતા સમજીને ચઢાવતો રહેલો છે. તેથી તેની તે વિશેષતા અભિવૃદ્ધિ માટે વપરાય છે. ભગવાનની મહાનતા અને આપણી સામાન્યતા સમજાય ત્યારે, ઈન્દ્રિયો નમે તેને દીનતા કહેવાય, નમસ્કાર નહિ ! તું જ મહાન છે, અમે તને પહોંચી ન શકીએ, હું તો તારા પગની રજ પણ નથી. આવી ભાવના અંતઃકરણમાં આવે એટલે ઈન્દ્રિયો નમે, પણ મન નથી નમતું. આને હીનતા કહેવાય. પણ મારાથી તું અસામાન્ય છે, છતાં મારા જેવા સામાન્યની જોડે સામાન્યતા લઈને ઊભો છે, એ જ્યારે સમજાય ત્યારે મન નમે, મન નમ્ર થાય. તું મહાન છે એ તારી શક્તિ છે અને તું મારા માટે સામાન્ય થયો છે એ તારી કલા છે. શક્તિ અને માયા બંનેનું જ્ઞાન જ્યારે મનને થાય ત્યારે મન નમે તેને લીનતા અને કેવળ ઈન્દ્રિયો નમે તેને કહેવાય દીનતા ! ત્યારપછી આગળ સમજાય કે મારા જેવા સામાન્ય માટે તું પૂર્ણકામ હોવા છતાં આશક થઈને આશકતા દેખાડે છે. મારી પાસેથી તને કંઈ અપેક્ષા છે, ઈચ્છા છે, વાસના છે, એવું નાટક તું કરી રહ્યો છે, આ વાત જ્યારે બુદ્ધિને સમજાય ત્યારે બુદ્ધિ નમે અને તેને નમ્રતા કહેવાય. માટે દીનતા, લીનતા અને નમ્રતા એ દરેકની જુદી જુદી સ્થિતિ છે. જે ઠેકાણે ઈન્દ્રિય, મન અને બુદ્ધિ આ બધા સંપૂર્ણતઃ એક થઈને નમ્રતાનો ભાવ અનુભવે તેને સાચા અર્થમાં નમ્રતા કહેવાય અને ત્યારે નમસ્કારનો ભાવ આવે.

ભક્તિના ચાર તત્ત્વો છે. પહેલું તત્ત્વ છે : ભગવાન પરમેશ્વર સર્વોત્પાદક અને સર્વજ્ઞ છે. ભક્તિનું આ પહેલું તત્ત્વ આપણા મગજમાં



ઉતરવું જોઈએ, તો આપણે ભક્ત થઈએ. બધાને ઉત્પન્ન કરનાર ભગવાન છે. ભગવાનના સર્વજ્ઞત્ત્વને કારણે જગત છે, વધે છે, પ્રકૃતિ પુષ્ટ થાય છે, વ્યક્તિઓમાં પરસ્પર આકર્ષણ રહે છે. પરસ્પરનું આકર્ષણ ન રહે તો મોટા માટે આદર અને નાના માટે વાત્સલ્ય નિર્માણ ન થાય. ભગવાન સર્વોત્પાદક છે અને સર્વજ્ઞ છે એ સમજાય તે પછી જ માનવ માત્ર માટે આદર થાય. પરસ્પર દેવો ભવ.

બીજી વાત, જગત પ્રભુની નિર્મિતિ છે, તેનું કાર્ય છે. તેથી અતિ સુંદરતાથી ભરેલું છે. જગત ખરાબ છે, માયા છે, કીચડ છે, કાદવ છે, આપણે ભૂલથી અહીં આવ્યા છીએ, આવી સમજવાળો માણસ શાસ્ત્રની દષ્ટિએ ભક્ત ન કહેવાય. તેવી જ રીતે પરમેશ્વરની ઈચ્છાથી જે સ્થિતિ મળે તેમાં સુખી, ઉપકૃત અને સંતોષી રહેવું એ ત્રીજી વાત છે. જે તારી ઈચ્છા હશે તેમાં હું સુખી છું. તેં જે મોકલ્યું છે, તેના માટે હું ઉપકૃત છું, તેથી હું સંતુષ્ટ છું. ચોથી ભૂમિકામાં થોડી ભાવશૂન્યતા દેખાય છે. અહીં આ દૈવી ભાવશૂન્યતા અપેક્ષિત છે. કંટાળીને, થાકીને આવેલી અથવા અજ્ઞાનથી આવેલી ભાવશૂન્યતા અપેક્ષિત નથી. આ ચારેચાર ભૂમિકા જ્યાં સુધી તૈયાર થતી નથી ત્યાં સુધી ભક્ત થતો નથી. ઈશ્વરનાં સર્વવ્યાપક્તા, સર્વાશ્રયત્ત્વ, સર્વજ્ઞત્ત્વ અને સર્વ સુખત્ત્વની ખબર પડે તો આ ભૂમિકાઓ તૈયાર થાય, તો જ માણસ નમ્ર બને. પરસ્પર દેવો ભવ.

મન બુદ્ધિનાં સ્તરે સંપૂર્ણ અનાશક્તિ અશક્ય છે. મન અને બુદ્ધિ કોઈને કોઈ વસ્તુ કે પ્રાણી પ્રત્યે આશક્ત થયા વિના રહી શકે જ નહિ. એટલે સાધક પહેલા તો ઈશ્વરાર્પિત કર્મ દ્વારા બીજી બધી વસ્તુઓમાંથી આશક્તિ સંકેલતા શીખે છે અને પછી ભક્તિપૂર્વકની આશક્તિની ફોરમ સાથે તેને ભગવાન પ્રતિ વાળે છે. સાધકની મહાનયાત્રા પ્રભુ સમર્પિત કર્મથી શરૂ થાય છે. ટૂંક સમયમાં જ ઈશ્વર જ તેના જીવનનું લક્ષ્ય બની જાય છે. તે આ મહાન લક્ષ્ય માટે પરમ રૂચિ પ્રાપ્ત કરશે. સ્વભાવિક રીતે જ પદાર્થજગત સાથેની તેની ક્ષણિક આશક્તિઓ છૂટી જશે અને અંતે તે પરમાત્માનો અનુભવ કરી શકશે. વ્યક્તિ આત્મા સાથે એક થયા પછી સર્વત્ર, સૌમાં પોતાને નિહાળે છે અને તેમ થતાં તેનામાં શત્રુતાનો ભાવ લગીરે રહી શકતો નથી. ''સૌના માટે પ્રેમ અને દ્વેષ કોઈના પ્રત્યે નહિ.'' પરસ્પર દેવો ભવ.

ભક્તિયોગ એમ નથી કહેતો કે "છોડી દો". તે કેવળ એટલું જ કહે છે કે "ચાહો; પણ ઊંચામાં ઊંચી વસ્તુને ચાહો !" અને જેનું પ્રેમપાત્ર સર્વોચ્ચ હોય છે તેની નજરમાંથી સ્વાભાવિકપણે જ પ્રત્યેક હલકી વસ્તુ સરી પડે છે. ભક્તિ માટેના આવશ્યક ત્યાગની પ્રાપ્તિ કોઈપણ વસ્તુનો નાશ કરીને થતી નથી. પરંતુ વધતા જતા પ્રબળ પ્રકાશના સાંન્નિધ્યમાં મંદ પ્રકાશવાળા પદાર્થો જેમ વધુને વધુ ઝાંખા થતા થતા સંપૂર્ણપણે વિલીન થઈ જાય છે, તેમ આ ત્યાગ પણ તેવી જ સ્વાભાવિક્તાથી આવે છે. એ જ પ્રમાણે ઈન્દ્રિયોના અને બુદ્ધિના ઉપભોગ પ્રત્યેની આ આશક્તિ પણ સ્વયં ઈશ્વર પ્રત્યેના પ્રેમ વડે નિષ્પ્રભ બની જાય છે અને દૂર ફેંકાઈ જાય છે. ઈશ્વરનો પ્રેમ વૃત્તિ પામીને પરાભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે. જેને આ ઈશ્વર પ્રેમનો અનુભવ થાય છે તેને માટે પછી પ્રતીકો અદશ્ય થાય છે, અનુષ્ઠાનો દૂર નાસી જાય છે, ગ્રંથોને રજા મળે છે; મૂર્તિઓ, મંદિરો, દેવળો, ધર્મો, સંપ્રદાયો, દેશ અને જાતીયતા, આવા બધાં નાનાં નાનાં વાડાઓ અને બંધનો સ્વાભાવિક રીતે ખરી પડે છે. તેને બંધન કરે અથવા તેની સ્વતંત્રતાને તોડી નાંખે તેવું કશું જ પછી રહેતું નથી. આમ, ભક્તિના સહાયક ત્યાગમાં કોઈ પ્રકારની કર્કશતા નથી, કોઈ શુષ્કતા નથી, કશો સંઘર્ષ નથી, કોઈ જાતનું દબાણ નથી, કોઈ જાતનો જુલમ નથી. ભક્તે પોતાની એકેય ઉર્મિને દબાવવાની નથી; તે માત્ર તેમને પ્રબળ બનાવી ઈશ્વરાભિમુખ કરવા મથે છે. ભક્તિયોગનું મુખ્ય રહસ્ય એ છે કે મનુષ્ય-હૃદયમાં ઉદ્ભવતી જુદી જુદી વાસનાઓ અને લાગણીઓ પોતે હાનિકારક નથી. કેવળ જ્યાં સુધી તેઓ પરમોચ્ચ અવસ્થા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેમને ઉચ્ચ અને વધુ ઉચ્ચ ધ્યેય તરફ સાવધાનીપૂર્વક વાળવાની છે. આપણને જે ઈશ્વરની સમીપ લઈ જાય છે. તે જ દિશા સર્વોચ્ચ છે; તે સિવાયની બીજી દરેક દિશા અધમ છે. ઈન્દ્રિયોના વિષયોમાં મનુષ્યો કેટલું અનહદ સુખ માણે છે ! તેઓ જે વસ્તુને ચાહે છે, જે વસ્તુ તેમની ઈન્દ્રિયોને પ્રિય છે, તેને માટે તેઓ ગમે ત્યાં જાય છે, કોઈપણ જોખમ ખેડે છે. આ જ પ્રકારનો ઉત્કટ પ્રેમ ભક્તે ઈશ્વર તરફ વાળવાની જરૂર હોય છે. જ્યારે મનુષ્ય પોતાને ઈશ્વર પ્રાપ્તિ ન થવાને કારણે ઉત્કટ વેદના અનુભવે છે, જ્યારે એકમાત્ર જાણવા યોગ્ય વસ્તુ જાણી ન હોવાને પરિણામે અત્યંત અસંતુષ્ટ અને લગભગ પાગલ જેવો બની જાય છે. ઈશ્વર સિવાય અન્ય વસ્તુની વાત પણ બેસ્વાદ લાગે છે. "તેનું ચિંતન કરો, કેવળ તેવું જ ચિંતન કરો, અને અન્ય



સર્વ વૃથાનો વાણીનો ત્યાગ કરો." જેઓ કેવળ ઈશ્વરની જ ચર્ચા કરે છે તેઓ જ ભક્તને પ્રિય લાગે છે; તે સિવાયની અન્ય ચર્ચા કરનારાઓ તેને અપ્રિય લાગે છે. આમ ભક્તિમાં તરબોળ થયેલો ભક્ત પ્રભુનાં પ્રેમની એક વધુ ઉચ્ચ અવસ્થાએ પહોંચેલો હોય છે. જીવન મધુર છે, કેમ કે પ્રભુનું ચિંતન થાય છે, અને ભક્તને અવનવા સાત્ત્વિક અનુભવો પણ થાય છે ત્યારે તેનું જીવન ધન્ય બને છે અને જાણે એ અનુભવોમાં ઈશ્વરનાં ચરણોને સ્પર્શે છે, ત્યારે ભક્તિના આરે ભક્ત પૂર્ણ બને છે, જીવનનાં સર્વ ઉદ્દેશો ચરિતાર્થ થાય છે. ભક્ત કહે છે કે, સંસારની બધી બાબતો અંગે જાણે કે તે મૃત છે અને આત્મ સમર્પણની આરે આવીને ઊભો છે. જે કાંઈ બનતું હોય તે ભલે બનતું. "તારી ઈચ્છા મુજબ થાઓ" હે પ્રભુ ! બધા તારા નામે ભવ્ય મંદિરો બાંધે છે, તારા નામે પાદુકાપૂજનો, પારાયણો તથા ઘણા મોટા દાન કરે છે; હું તો દીન છું કે મારી પાસે કંઈ સાધન નથી એટલા માટે હું મારું આ શરીર તારા ચરણોમાં ધરી દઉં છું. હે ભગવાન ! મને છોડી દેશો નહીં. "ભક્તના હૃદયમાં ઊંડાણમાંથી આવી પ્રાર્થના નીકળે છે. ભક્તને મન ઈશ્વર પ્રેમ સ્વરૂપ છે, તે જ પ્રેમનો સર્વોચ્ચ આદર્શ છે, ભક્તને માટે આટલું જ બસ છે, અને જેણે આ જગત નિર્માણ કર્યું છે તે નિર્માણ કરનારી શક્તિ માનવીનો આકાર લઈને અહીં તે ભક્તને આશ્વાસન આપતી જાય છે કે, **"દિકરા, ડર નહિ, હું છું ને તારૂ શ્રેય કરવા માટે !"**

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત

ગુરુકૃપા હિ કેવલમ્, ભક્ત પરમ મંગલમ્ !

*(અન્ય ગીતામાંથી સંકલન)*

# ગુરુ વચન - ગુરુ વરદાન

અવધૂત તો કાલે દૂર ઉપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર પણ દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે.

અવધૂતની સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે તેને પરમાત્મા કદી વિસરનાર નથી. તમારી સત્યનિષ્ઠા હશે તો પથ્થરમાં દેવત્વ પ્રગટી મહદ્ભયથી તમને તારશે, એમાં જરાય શંકા નથી.

સ્થૂળ શરીર ભલે અહીં રહ્યું પણ સૂક્ષ્મ ત્યાં જ છે અને દરેકની યોગ્ય સંભાળ લે છે. માટે બિલકુલ ગભરાવું નહીં કે કોઈને ગભરાવા દેવું નહીં.

જીવનના ઉત્તરાર્ધમાં તેમણે હરિદ્વાર તરફ પ્રયાણ કર્યું. ભક્તો તેઓશ્રીને પૂછતા, ''બાપજી, હરિદ્વારથી ક્યારે પાછા આવશો?'' રંગઅવધૂતજીએ જવાબ આપ્યો, ''ભલા, હરિનાં દ્વારે ગયેલો કોઈ પાછો આવ્યાનું સાંભળ્યું છે ?''

**- પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ**

---

''મારા જે ભાવિક સેવકો છે અને મને હંમેશા અનન્ય ભાવે ભજે છે તેમને માટે હું કળિકાળમાં પણ અહીં હંમેશ માટે હાજરા હજૂર છું. મારા કહેવાનો મર્મ સમજો. આ મારું સત્ય વચન છે. તમે જરા પણ ચિંતા ન કરશો. હું તમને એકવાર નહીં પણ ત્રણવાર આશ્વાસન વચન કહું છું કે હું ગાણગાપુરમાં રહીને ભક્તોનું હિત કરીશ, કરીશ અને કરીશ જ. તમે એમાં શંકા કરશો નહિ. જે ભક્તો મારામાં આસક્ત છે અને હંમેશા મારી સાથે જોડાયેલા છે તે મને પ્રિય છે અને એમનાં કાર્યો તરત જ સફળ થશે.

હે શિષ્યો ! તમે બધા અંતરમાં ભક્તિ રાખીને પોતપોતાના ઘરમાં મારા ભજનમાં રચ્યાપચ્યા રહો. એ તમને ભોગ અને મોક્ષ બંને આપશે.''

**- શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ**

---

''પૂર્વ જન્મોમાં મેં જે કર્મો કર્યા છે તેના પરિણામે થતા વ્યાધિઓ મારા આ શરીરમાં પ્રવેશ કરો અને મને દુઃખોની પીડા આપો અથવા તેમાંથી મુક્તિ આપો. હે દેવ ! મારો ફરીથી જન્મ ન થાય - તે માટેની તમે મારા ઉપર કૃપા



કરો. એટલે જ કહું છું કે કર્મોનું ઋણ મારા ઉપર ન ચઢો. બધા જ પૂર્વસંચિત કર્મોના વ્યાધિઓ અહીં (મારા દેહમાં) હાજર થાય. હું તે વિષ્ણુના પરમપદમાં ઋણ વગરનો થઈને જવા ઈચ્છું છું.''

''તમે બધા 'દત્ત દત્ત' બોલ્યા કરો. મને ઘણો આનંદ છે.'' એવું બોલીને એ સ્વૈરવિહારી શ્રી ગુરુવર ખડખડાટ હસી પડ્યા.

**- શ્રી વાસુદેવાનંદ સ્વામી મહારાજ**

---

શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુની અમૃતમયી દૃષ્ટિનો અને મહિમાનો પાર નથી. આસો વદ બારસ (વાઘ બારસ) ને હસ્ત નક્ષત્ર (ઋક્ષ) હતું. એ સમયે કૃષ્ણા નદીના જળમાં પ્રભુ કહેવા પૂરતું લીન (અદૃશ્ય) થયા. શ્રીપાદ શ્રીવલ્લભ હંમેશા અદૃશ્ય રહે છે પરંતુ જ્ઞાની એને જોઈ શકે છે અને ભાવના રાખનારને આજે પણ દર્શન આપે છે. ''હું પણ (શ્રીપાદ શ્રીવલ્લભ) ફરીથી હેતુવશ આ ધરતી પર નરસિંહ (નૃસિંહ) સરસ્વતીના નામથી પૂર્ણ સન્યાસી રૂપે અવતરીશ.'' આજે પણ જે ભક્તો મનમાં શ્રદ્ધા અને ભક્તિ રાખીને જાય છે તેને ખુલ્લી આંખે એમનાં પુનિત દર્શન થાય છે. લોકોનું કલ્યાણ કરવાના હેતુથી એણે બીજો અવતાર ધારણ કર્યો છતાં કુરવપુરમાં અદૃશ્ય રહીને આજે પણ ભક્તોનો ઉદ્ધાર કરે છે.

**- શ્રી રંગ અવધૂત મહારાજ (શ્રી ગુરુલીલામૃતનું ગદ્યાંતરમાંથી - શ્રી કુલિનભાઈ ઉપાધ્યાય)**

---

''જાતે જાતે બોલે સ્વામી, હમ ગયા નહીં જિંદા હૈ ।
મેરી તરફ તુમ ધ્યાન સે દેખો, ઈમ્તિહાન તુમ લે કે દેખો ॥
મેરી શરણમેં આકે દેખો, મેરી દુઆ અપનાકે દેખો ॥''

મહા સમાધિ લેવી વખતે શ્રી સ્વામી સમર્થે (અક્કલકોટનાં સ્વામી સમર્થ) કહ્યું, ''હું ક્યાંય જતો નથી. મારું અસ્તિત્વ અહીં અનંતકાળ સુધી રહેશે. મારી તરફ ધ્યાનથી જુઓ. મારી પરખ કરો, મારે શરણે આવો અને મારી કૃપાનો અનુભવ કરો.''

**ડૉ. શ્રી મુકુંદ હનુમંતે (અનુવાદક : શ્રી કૌશિકભાઈ ઓઝા)**

**શ્રી સ્વામી સમર્થ મહારાજ, અક્કલકોટ - ભગવત ચૈતન્યનું શલાકા દર્શન**

(૧) ૐ ધ્યાન : અનિકેત ખાંડેકર, ૦૦.૦૨.૨૭/૩.૩૬ MB

(૨) માનસ પૂજન : વિષ્ણુ જોષી, દર્શના ગાંધી, પરાગી પરમાર, હર્ષ પટેલ, કોરસ ૦૦.૦૪.૦૫/૫.૬૪ MB

બીજ દ્રાં શક્તિ હ્રીં ક્લીં છે કીલક વજ્ર શું મહાન ।
ધર્મ અર્થ કામ મોક્ષે વિનિયોગ કહ્યો તિહાં. ॥ ૧ ॥

માળા કમંડલુ લસે કર નીચલામાં
ડમરું ત્રિશૂલ વચલા કરમાં બિરાજે ।
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખ ચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત. ॥ ૨ ॥

એવું ધ્યાન ધરી પ્રિતે વંદી સાત્ત્વિક ભાવથી ।
માનસ પૂજને હેતે રીઝવું ગુરુદેવને. ॥ ૩ ॥

પૃથ્વી તત્ત્વે કરું ટીલું, **લં** બીજે હરખે તિહાં ।
**હં**-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ. ॥ ૪ ॥

**યં**-બીજે ધૂપ વાતાત્મા, અગ્ન્યાત્મા દીપ - **રં** વળી
નૈવેદ્યાર્થે અમૃતાત્મા, **વં** - બીજે સાદર કર્યો. ॥ ૫ ॥

સર્વાત્મા **સં** થકી કલ્પ્યા રહ્યા; અન્યોપચાર જે ।
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા. ॥ ૬ ॥

***(શ્રીદત્તરક્ષા સ્તોત્ર માંથી)***

(૩) મંત્ર : ૐ નમો ભગવતે શ્રી રંગ અવધૂતાય નમઃ - કોરસ ૦.૦૪.૫૧/૪૮.૯ MB

(૪) અયિ માત સરસ્વતી : પરાગી પરમાર ૦૦.૦૫.૩૪/૫૬.૨ MB

અયિ માત સરસ્વતી નમીયે, પદપંકજ ભાવે ચૂમીએ. - ધ્રુ૰
વરવર્ણિની વંદન કરીએ, ભવસાગર પાર ઉતરીએ;
શબ્દે શબ્દાતિગ વરીએ, ધ્યાને તુજ મૂર્તિ ભરીએ;



આપી સદ્‌બુદ્ધિ માડી, કર પુષ્પિત આ હૃદ્‌વાડી;
દુર્બુદ્ધિ કચરો કાઢી ! દાડી તુજ નામ સ્મરીએ !! - અયિ૰ ૧

તવ શરણે રહી કાં ડરીએ ? સ્વાનંદે નિર્ભય ફરીએ;
પામી અક્ષય સુખ રમીએ, દુઃખો સઘળાં વિસરીએ;
હૃદ્‌ધ્વાંત નિવારી સર્વ, સંહારી દુર્નય ગર્વ;
દેખાડ તૂર્ણ તું શર્વ ! ચરણે તુજ તન્મય થઈએ !! - અયિ૰૨

[1]કવિકુલગુરુ ગાતાં દોડી, સત્વર કાર્યાન્તર છોડી;
બુદ્ધિના બંધો તોડી, કીધો કૃતકૃત્ય રમાડી;
કીધો કાં આજ વિલંબ ? તરછોડ્યો કાં શિશુ અંબ ?
ત્વદ્ વિણા ના અન્યાલંબ ! છોડી તુજને ક્યાં જઈએ !! - અયિ૰ ૩

નિગમાગમ જેના શ્વાસ, બ્રહ્મા હરિ શંકર દાસ;
નાસે યન્નામે ત્રાસ, અનુકૂલ કટાક્ષે ખાસ;
પાડા વેદો ઉચ્ચારે, મૂગે વાચસ્પતિ હારે;
મૂષક [2]હરિદર્પ નિવારે; ના સંશય એમાં જરીએ ! - અયિ૰ ૪

દોષો અમ સર્વ વિસારી, આગંતુક આધિ ટાળી;
દુઃશંકા મૂળ વિદારી; લે બાળક આ ઉદ્ધારી;
બેસી હંસે ઉમંગે, લે સત્વર મા ઉત્સંગે;[3]
નાદામૃત પાઈ રંગે[4], કર પાવન; પાયે પાડીએ !! - અયિ૰ ૫

૧. વાલ્મીકિ ૨. સિંહનો ગર્વ ૩. ખોળામાં ૪. સાંસારરૂપી રંગ ભૂમિમાં

(૫) અનસૂયા બાવની : કોરસ ૦૦.૧૦.૨૫/૧૦૫ MB

જય અનસૂયા માત દયાળ, શરણે આવ્યો તારો બાળ;
માતૃગયાનું તીર્થ પવિત્ર, કર્દમ દેવહૂતિ માવિત્ર.
અજ નેત્ર સંભવ અત્રિનાથ, ચિત્રકૂટમાં રહેતાં સાથ;
પતિ પ્રાણ ને પતિ જીવન, પતિકાર્યમાં હોમે તનમન.

મ્યુઝીક

અગ્નિ અતિથિનું પૂજન થાય, નિરાશ નવ કોઈ એ જાય;
વરસ દશના દુષ્કાળ મહીં, અન્ન જળ દેશે મળતું નહીં.

આશ્રમ-આશ્રમ જે કોઈ કરે, તે પ્રાણી નવ ભૂખે મરે
સ્નાન સંધ્યાદિ કરવા ખાસ, વહે ગંગા તપોવન પાસ
મ્યુઝીક
સોમવલ્લી રસ કર્મયુક્ત, હવન સાત કર્યા સંયુક્ત;
દીઠું ન તોયે સંતતિ મુખ, તેથી દંપતી ધરતાં દુઃખ
તપ કર્યા વિણ નહિ સુતનું સુખ, તો તપ કરવું વેઠી દુઃખ
એવો નિર્ણય પાકો કરી સ્વામી આજ્ઞા શિર પર ધરી
મ્યુઝીક
આવી નર્મદા તટ પવિત્ર, એરંડી સંગમની ધરિત્ર;
ગયાં વરસ સો કરતાં જાપ વેઠી દેહે કષ્ટ અમાપ.
ભીનાં વસ્ત્ર શિયાળે ધરી પંચાગ્નિ સાધન ગ્રીષ્મે કરી;
ચોમાસે ખુલ્લે મેદાન, ત્રિમૂર્તિનું ધરતાં ધ્યાન.
મ્યુઝીક
શ્રી સાવિત્રી ને પારવતી, સતીનો ફાંકો રાખે અતિ;
વિષ્ણુમન નારદજી ત્યાંય આવી વદ્યા સુણો માય;
"નથી ત્રિલોકમાં એકે સતી, જે અનસૂયા સરખી થતી"
સુણી વચન ઊપજી ઈર્ષાય, વ્રત ચૂકવવા કરવો ઉપાય.
મ્યુઝીક
રિસાયેલાંની રાજી માટ, ત્રિમૂર્તિ લે સંગમની વાટ;
ત્રિદેવ વેશ સંન્યાસી લઈ, માગે ભિક્ષા આશ્રમ જઈ.
"ભિક્ષાં દેહિ દિગંબર થઈ" - સૂણી વચન નવ ગુસ્સે થઈ;
સ્વામી આજ્ઞા લઈને ત્યાંય, છાંટ્યું જળ ને બાળક થાય.
મ્યુઝીક
દિગ્વસ્ત્રે લઈ ખોળે બાળ, પયપાન કરાવ્યાં તત્કાળ;
એમ અતિથિની પૂરી આશ, નિજનિયમ પણ પળાયો ખાસ.
અહીં ઝૂલે પારણે ત્રિદેવ તમો કરતાં તેમની સેવ;
એમ કરતાં ખટ માસ જ જાય, સતીઓને મન ચિંતા થાય.
મ્યુઝીક
જાણી નારદજીથી વાત, આવી સદ્ય એરંડી ઘાટ;
ભિક્ષા માગે જોડી હાથ, આપો દેવી અમારા નાથ.
"લઈ લો પારણે ઝૂલે બાળ, ઉછેરજો રાખી સંભાળ;"
જોઈ ત્રણેનું એક સ્વરૂપ, સતીઓ ત્રણે થઈ ગઈ ચૂપ.
મ્યુઝીક



માતા આપો ઝાલી હાથ, તો અમે સૌ થઈએ સનાથ;
અંજલ્યુદકે શિશુત્વ જાય, વિધિ હરિ હર પ્રગટ જ થાય.
"વરં બ્રુહિ" નો સુણી સાદ, માગે "પુત્ર બનો સાક્ષાત્"
વદી "થાઓ એમ અવશ્ય", થાય સજોડે દેવ અદશ્ય.
મ્યુઝીક
વિષ્ણુ દત્ત દિગંબર થાય, ચંદ્રમા બ્રહ્મા કહેવાય;
દુર્વાસા એ શિવાવતાર, પૂરી કામના થઈ પરિવાર.
સતી નર્મદા તુજ વચને, દે છૂટ ઊગવા સૂર્યને;
માંડવ્ય શાપે ઊગતાં ભાણ, નર્મદાપતિના જાયે પ્રાણ.
મ્યુઝીક
તુજ સતીત્વ પ્રભાવે કૌશિક જીવે રોગમુક્તથી કાયિક;
દંડક વનમાં જાતાં રામ, અત્રિ આશ્રમે કરે મુકામ.
બોધ્યાં સીતાને આપ્યું દાન, અંગરાગ ને અમર વસન;
ધરી હિમાલય પુત્રદા નામ, કરો ભક્તોનાં પુરણ કામ;
મ્યુઝીક
જે સ્ત્રી વર્તે તુજ આદર્શ દિન દિન થાય તેનો ઉત્કર્ષ.
ચર્મરોગ સૌ પામે નાશ, મૃત્તિકા-લેપન કરતાં ખાસ;
ભણે બાવની સાંજ સવાર, ધૂપ કે દીપ કરી નિરધાર.
વૈભવ આપે તેને માત, રાખી પૂર્ણ નિરોગી ગાત;
મ્યુઝીક
કરી વ્રત બાવન રવિવાર, ભણે બાવની બાવન વાર.
રોગ દોષ સૌ તેના જાય-મન-કામના પૂરી થાય;
ચરિત્ર તારાં દિવ્ય અનંત, શું વર્ણવે વિષ્ણુ મતિમંદ.
તાપસી એ મહાસતી માત, બોલો જય શ્રી અનસૂયા માત.
એન્ડ મ્યુઝીક

બોલો જય જય અનસૂયા માત (નવ વખત)

## (૬) અમે બાલુંડા રે, રંગ પરિવારના : કોરસ

૦૦.૫.૪૬/૫૮.૩ MB

અમે બાલુંડા રે, રંગ પરિવારના, અમે બાલુંડા રે, રંગ પરિવારના,
રહીશું હળીમળી ભેળાં બાલુડા રે...અમે બાલુંડા રે, (૨) ટેક

માત, તાત, ભ્રાત, સખા નારેશ્વરનો નાથ છે,
સુખમાં ને દુઃખમાં સદા એનો સંગાથ છે,
હાં રે અમે રંગાની ભક્તિમાં ઘેલાં - બાલુડાં રે...રંગ
રંગાજી રાજી રહે એવા કામ કરશું,
રંગાની ભક્તિમાં જીવીશું ને મરશું,
હાં રે અમે રંગાની ભક્તિમાં ડૂબેલાં - બાલુડાં રે...રંગ
ભૂખ્યાં ને દુઃખિયાંના આંસૂડા લૂછશું,
આપવાનું શિખીને માંગવાનું ભૂલશું,
હાં રે અમે ભરીશું પરિવાર - પ્રેમ - મેળાં બાલુડા રે...રંગ
પાપીગણું રંગ તણો એક જ આધાર છે,
જીવનનાં જંગમહી એનો જયકાર છે,
હાં રે અમે રંગાના પ્રેમને વરેલાં - બાલુડાં રે...રંગ
(પંચામૃતમ્ પાન નં. ૩૭)

## (૭) સહુ ભેગા મળી ગાઓ : અમી વ્યાસ / નીરજ પાઠક

**૦૦.૧૦.૦૯/૧૦૨ MB**

સહુ ભેગા મળી ગાઓ દિગંબર દત્ત અવધૂતને;
ધીરી આંખે નિહાળો એ દિગંબર દત્ત અવધૂતને !... - ટેક.
ઋષિ અત્રિતણું તપ એ સગુણ રૂપે અહા પ્રગટ્યું !
વધાવો પ્રેમપુષ્પે એ દિગંબર દત્ત અવધૂતને !! - ૧
સદા ગંગાજળે ન્હાતા, વિલોકી યોગીજન માતા;
સુરાસુરધ્યેય એ ધ્યાઓ દિગંબર દત્ત અવધૂતને ! - ૨
તિલક પંઢરપુરે કરતા, અલખ ભિક્ષામિષે[1] ફરતા;
જઈ કોલ્હાપુરે ભાળો દિગંબર દત્ત અવધૂતને ! - ૩
કહાડે જઈ જુઓ વ્હાણે, પ્રભુ સંધ્યા કરે ટાણે;
ભભૂતિ ધૂતપાપેશ્વર, દિગંબર દત્ત અવધૂતને ! - ૪
જઈ પાંચાલેશ્વર જમતા, મનોવેગે બધે ફરતાં;

૧. ભિક્ષાને બહાન



જુઓ માહૂરગઢ સૂતા દિગંબર દત્ત અવધૂતને ! - ૫
જુઓ આ તુંગભદ્રામાં પ્રભુ જલપાન એ કરતા;
રખે કો દિન કદી ભૂલતા દિગંબર દત્ત અવધૂતને ! - ૬
બદરિનારાયણે સૂણતા કથા વેદાંતની ભાવે;
ગિરિ ગિરનાર પર ઠરતા દિગંબર દત્ત અવધૂતને ! - ૭
કદિ ઉન્મત્ત જડ બાળક, કદી રાગી વિરાગી એ,
વિવિધ વેષે નિહાળો રે, દિગંબર દત્ત અવધૂતને ! - ૮
કરી સુરતાતણી પાંખો, અડગ શ્રદ્ધાતણી આંખો;
વિલોકો રંગરંગે એ દિગંબર દત્ત અવધૂતને ! - ૯

## (૮) હમો મનમોજી ફરનારા : હેમલ નાણાવટી

**૦૦.૦૮.૪૮/૮૮.૮ MB**

હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારૂં કુણ ?
સદા નિઃસંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ ! - ૧
સ્વયં - અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી !
ચઢ્યા જઈ તખ્ત પર અદ્ધર, રવિ શશી તારલા હંડી !! - ૨
કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે હૂરી સત્ત્વસ્થ !
વિવિધ રાગે અલાપે હા ! ઝનન વાદ્યે ફિરસ્તા મસ્ત !! - ૩
દિવસ કે રાત ના ઠરીયે, નિરખીયે નિત્ય નાટારંગ !
બજે સોહંતણો ડંકો ન થાએ તોય નિદ્રાભંગ ! - ૪
સ્તુતિ-નિંદા બની કુત્તા, કરે ચોકી નિજ-દ્વારે !
નથી ભય શોક કે ચિંતા, ફટકતાં કોઈ દિ ભૂલે ! - ૫
વિધિ-પ્રતિષેધ-કિંકરતા, અગમ-આગમ-તણી સત્તા !
છતાં નૈનાં ન દેખંતા, કરમ સાથે કરી કટ્ટા ! - ૬
સૂતા નિત સોડ તાણીને, ન લેવું-દેવું કો સાથે !
મૂઆ જીવતા હમો નિશ્ચે, ન ઝૂરીયે દ્વેષ કે પ્રીતે !! - ૭
કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા !
અવળપંથી અટૂલા રંગ દેખે કોઈ હક - બંદા !! - ૮

### (૯) બન જા દિવાના દિવાના : અમી પરીખ, સૃષ્ટિ ભટ્ટ
**૦૦.૦૭.૫૬/૮૦.૧ MB**

બન જા દિવાના દિવાના, અસલ ફકીરી બાના. - ટેક.
ઝંઝટ દુનિયા છોડ ઠગારી, કર [૧]બીયાંબાં થાના;
કંથા કૌપીન ઝોલી ઝંડા સૂટ,[૨] દિગંબર[૩] ધ્યાના. - બન૦ ૧
ઔર કેફ કછુ કામ ન આવે, જ્ઞાનધતુરા ખાના;
[૪]શૌકશરાબે પીકર સાધો, સાંસ સાંસ હર ગાના. - બન૦ ૨
સબસે હાં હાં કરના સાધો, કર અપને મન ભાના;
ચંદા સૂરજ તાલ બજા કર, જોગન નાચ નચાના. - બન૦ ૩
કર્મ [૫]કિતાબાં કીચડ સાધો, કાંચન રામ સુહાના;
હાર ગલેમેં ખોજત બનમેં, ક્યાં મૂરખ ક્યા સ્યાના ! - બન૦ ૪
ક્યૌં રોના કહાં જાના ફકકડ, ક્યા લેના ક્યા દેના ?
[૬]મુડ અસલ ઘર અલખ જગાના, આવાગમન મિટાના ! - બન૦ ૫
રંગ બિરંગી લોગ [૭]જહાં કે, કાહે કોઉકો કહના ?
શૂન્ય સમજ કર મસ્ત નશેમેં, સાક્ષી હોકર રહેના ! - બન૦ ૬

---
**૧. જંગલ ૨. ફેંકી દઈને ૩. નિરાવરણ ૪. નિરંજન ૫. ઈશ્વરી આનંદનો શરાબ ૬. વળવું ૭. દુનિયાના.**

---

### (૧૦) અજબ ખેલ જોયો રે : વિષ્ણુ જોષી ૦૦.૦૬.૩૭/૬૬.૮ MB

અજબ ખેલ જોયો રે, જોયો તે તો જોવું ભૂલ્યો;
બીજો દેખી રોયો રે, રોતાં રોતાં ભેદ ખૂલ્યો ! - ટેક.
નિર્દય તરે દયાવંત ડૂબે આ ભવસાગર માંહ્ય;
સાચો હારે વિજયી જૂઠો માલમલીદા ખાય !
મૂષક મીંદડી મારે રે, અજા દેખી સિંહ ડર્યો !! - અજબ ૧
કુંવારી જણે વિવાહિત વંધ્યા, કરે ન કુળની વાત;
દેખી નપુંસક દોડે રંભા, કરે દિવસની રાત !!
પાણી માંહે દાઝ્યો રે, જીવ તે તો આગે ઠર્યો !! - અજબ ૨
નેવનાં પાણી મોભે ચઢ્યાં, ને ઠર્યાં અદ્ધર આકાશ;
વિના સરોવર કંજ ખીલ્યું, તે તો મ્હેંકે અજબ સુવાસ!
રકુણપ કાને સૂંઘે રે, ચાંદે આખો રાહુ ગળ્યો !! - અજબ ૩
ફૂટ્યાં નેન તે જુએ તમાશો, સૂએ ન દિન કે રાત,
દેખનહારો પડે ખાડમાં, કુલટા મારે લાત !
જોતાં મનડું લાજે રે, રંગ પોતે સભર ભર્યો !! - અજબ ૪

### (૧૧) ગુરુએ બતાવ્યું અચરજ આજ : હર્ષ પટેલ ૦૦.૦૯.૩૬/૯૭.૦ MB

ગુરુએ બતાવ્યું અચરજ આજ, ગુરુએ બતાવ્યું અચરજ આજ - ટેક.
ઈંદ્રતણો ઐરાવત મોટો [૧]સર્ષપખૂણે ભરાએ;
સસાસિંગથી થર થર કંપે, રુદન કરે સુરવરનો રાજ ! - ગુ૦ ૧
વંધ્યા સુત ત્યાં આવી પહોંચ્યો, શૂન્ય-સિપાઈ સાથે;
ગાંધર્વ નગરે રણે ચઢ્યા બે ખપુષ્પ[૨] ડોલે શિરનો તાજ ! - ગુ૦ ૨
બિન વાદળ ત્યાં વીજળી ચમકે, અમૃતવરખા થાયે;
અમરવેલે પલ્લવ ફૂટે, પુષ્પતણો કો વર્ણે સાજ ? - ગુ૦ ૩
તુડડડ તુડડડ પડઘમ બાજે, ભેરી મૃદંગ અપાર;
[૩]દિવ્ય સુંદરી થેઈ થેઈ નાચે, બંસી વગાડે નટવર રાજ ! - ગુ૦ ૪
દિવા કોટી રવિ શશી પ્રકાશ્યા, અંતર થાય ઉજાસ;
ઘુવડ કાળાં ખૂણે ભરાયાં, સરિયાં જનમતણાં સહુ કાજ ! - ગુ૦ ૫
પાણી વિના હા ! તરસ છિપાઈ, અન્ન વિના ક્ષુધ શાંત;
જાગ નિંદા જ્યાં બેઉ ગંવાઈ, સુખદુઃખ ટળિયાં બંને આજ ! - ગુ૦ ૬
ભેખ ભીખ જ્યાં બંને શમીયાં, સુખ શે વર્ણ્યું જાય ?
ગુરુશિષ્યનું નામ રહ્યું ના, એક અગોચર રંગ સુસાજ[૪] !! - ગુ૦ ૭

---
**૧. રાઈ ૨. આકાશપુષ્પ ૩. દિવસે ૪. સુંદર શણગારવાળો**

---

### (૧૨) વાહ ફકીરી ! કૌન અમીરી ? : દર્શના ગાંધી, કલ્યાણી કોઠાળકર
**૦૦.૦૭.૫૩/૭૯.૭ MB**

વાહ ફકીરી ! કૌન અમીરી ? દાસી તેરે ચરણોમેં;
રાજા રંક જમીનદાર સબ, ચાકર તેરી નઝરુંમેં ! - ટેક.

કોઈ દિન ખાવે માલમલીદા, કોઈ દિન ફક્કમૂફક્કા હૈ;
કોઈ દિન ચાવલ ચના ચબીના, કોઈ દિન અક્ક ધૂતરા હૈ ! વાહ૦ ૧
કદિ તો પહને જરિયન જામા, કોઈ દિન સિર્ફ લંગોટી હૈ;
કોઈ દિન ચોળે રાખ ભભૂતિ, કોઈ દિન કાયા નંગી હૈ ! વાહ૦ ૨
કોઈ દિન બૈઠે મહલ ઝરોખા, કોઈ દિન મરઘટ[૧] સોતે હૈં;
કોઈ દિન શહર વજીફા વાડી, કોઈ દિન જંગલ ઝાડી હૈ ! વાહ૦ ૩
કોઈ દિન ઘોડા મોટરગાડી, કોઈ દિન પેદલ સ્વારી હૈ;
કોઈ દિન પાંવ દબાવત દાસી, કોઈ દિન સોજા ભારી હૈ ! વાહ૦ ૪
કોઈ દિન ઊડતા અબીલ-ગુલાલા, અત્તર ફુલેલ સુગંધી હૈ;
કોઈ દિન ધૂમાધૂળ ધડાકા, સિર પર જૂવાં ખેલત હૈ ! વાહ૦ ૫
કોઈ દિન પંડત મંડત[૨] સારે, કોઈ દિન દુરિજન દંડત હૈં;
કોઈ દિન ગાવતનાચત નંગે, કોઈ દિનદુઃખદરિયાવ ડૂબે ! વાહ૦ ૬
કોઈ દિન શાસ્તર સુખસંવાદા, કોઈ દિન મૂરખ મૂક રહૈ;
બાહિર રંગ[૩] અનેક ધરે કિન,[૪] અંદર દેખત એકહિ હૈ ! વાહ૦ ૭

૧. સ્મશાન ૨. પૂજે; માન આપે ૩. વેષ, ઢંગ ૪. લેકિન, પણ

## (૧૩) નીતિ નેવે મૂકી રે : જયદીપ ચાવડા

**૦૦.૦૮.૩૮/૮૭.૦ MB**

નીતિ નેવે મૂકી રે, અનીતિ કાં કોટે ધરી ?
પદમણી મેલી રે, ગુણકા તે શીદ વરી ? - ટેક.
[૧]શ્રેય પ્રેય[૨] બે એક ન માનો શ્રુતિએ કહ્યો વિવેક;
શ્રેયથી સુખ અક્ષય મળતા, પ્રેયથી દુઃખ અનેક;
[૩]ઉલૂકને ભાવે રે; દિવસથી રાત્રિ ભલી. - નીતિ૦ ૧
મિષ્ટ મેવા પણ ખરને નકામા, વિષ્ઠા જોઈ દોડે એહ;
પામર નર પરમેશ્વર મૂકી, [૪]પ્રમદાને પૂજે તેહ;
ફરી ફરી નાવે રે, મનખા આ દેહ હરિ ! - નીતિ૦ ૨
ઉપર કેવાં સુંદર રસિયાં, માંહે હળાહળ ઝેર;

૧. જેમાં સાચું કલ્યાણ રહેલું છે તે, મોક્ષ ૨. જે પ્રિય લાગે, છતાં જેમાં પારમાર્થિક કલ્યાણ ન હોય; સાંસારિક સુખ ૩. ઘુવડ ૪. સ્ત્રી



ઈંદ્રવરણાંનાં ફલ સમ જાણો, વિષય[૫] વિખારની પેર;
મણિ જોઈ મોહ્યો રે, પડ્યો તે તો મોતદરી[૬] ! - નીતિ૦ ૩
સ્વાત્મમાં રમતા સુર કહેવાએ, અસુર ઇંદ્રિયદાસ;
ચાર દિવસ રાજ કરીને, આખર પામે ત્રાસ;
શાણા કેમ ભૂલો રે ? પાછું વળી જુઓ જરી ! - નીતિ૦ ૪
ક્યાંથી આવ્યા તે કેથે જવાના, મારગ જાય છે ક્યાંય ?
આંખ છતાં આંધળા થાઓ, આખર રડશો હાય !
વેળા છતે ચેતો રે,કહું છું હું ફરી ફરી !! - નીતિ૦ ૫
યમનિયમનું બખ્તર પહેરી, ધર્મધનુષ સુહસ્ત;
સોહંબાણે લક્ષ્ય વીંધતાં, રંગ બ્રહ્માનંદમસ્ત;
અંસગને શસ્ત્રે રે, [૭]સંસૃતિ જાય મરી !! - નીતિ૦ ૬

૫. સાપ ૬. મોતની ખાણ ૭. જન્મમરણના પ્રવાહરૂપે સંસાર

## (૧૪) હુઆ ક્યાં યે મુઝે સાંઈ : કલ્યાણી કોઠાણકર, ઉર્મીશ મહેતા

**૦૦.૦૬.૫૩/૬૯.૪ MB**

હુઆ ક્યા યે મુઝે સાંઈ, ન મૈં જાનૂં ન તું જાનૂં !
ફટી દિલસે દૂઈ સારી, ન મૈં જાનૂં ન તું જાનૂં !! - ધ્રુ૦
અગર જિંદા ન હાલું મૈં, મરા ચેતન ભરા ભરપૂર;
મરે જીતે પરે બૈઠા, ન મૈં જાનૂં ન તું જાનૂં !! - હુઆ૦ ૧
બના આશક બિના માશુક, હકીકી ઈશ્ક કા દરિયા,
બિના ખિલકત[૧] બના ખાલિક, [૨]ન મૈં જાનૂં ન તું જાનૂં !! - હુઆ૦ ૨
ન દેખું પૂન ના પાપા, કહાં સૈતાન વો આપા ?
બિના બેટા કહાં બાપા ? ન મૈં જાનૂં ન તું જાનૂં !! - હુઆ૦ ૩
બના માલિક બિના દોલત, બના રાજા બિના રૈયત;
કરૂં બાતાં બિના મૈયત, ન મૈં જાનૂં ન તું જાનૂં !! - હુઆ૦ ૪
વૃથા હૈ ઔર સબ બકના, વૃથા લિખના વૃથા પઢના;
ચૂપાચૂપ મૌજ હૈ લૂંટના, અકેલા રંગ યહ જાનૂં !! - હુઆ૦ ૫

૧ સૃષ્ટિ ૨. સૃષ્ટિના કર્તા

## (૧૫) છોડ દિયા માઈ સંસારા : અનિકેત ખાંડેકર, હર્ષ પટેલ

**૦૦.૦૭.૩૫/૭૬.૫ MB**

છોડ દિયા માઈ સંસારા ! - ધ્રુ૦
કાહે શોક કરે તૂ ખાલી ? દેખ ભરા સબ જગ બનમાલી !
ઉસ કાલેકા સબહિ પસારા !.. છોડ૦ ૧
જહાં દેખો વહાં એકહિ સાંઈ, ઘટઘટ બોલે વોહિ ગુસાંઈ,
સબમેં સબસે હૈ વો નિરાલા !.. છોડ૦ ૨
દધિ બેચન આઈ મહિયારી, ફૂટી ગગરિયા ફટ ગઈ સારી;
ભૂલી આપ તબ મિલા ગોવારા !.. છોડ૦ ૩
હાથમેં લકરી કાંધે કમરિયા, બજે અનાહત પાંવ ઘુઘરિયાં;
સૂનત મનરા યહ મતવાલા !.. છોડ૦ ૪
આપ ન જાને ઔર ન જાને, સુખદુઃખ દોનું કૌન પિછાને;
રંગ દૂઈકા ખેલ બિસારા !!.. છોડ૦ ૫

## (૧૬) હમસે મત મીલો : જયદીપ ચાવડા

**૦૦.૦૫.૨૧/૫૪.૦ MB**

હમસે મત મીલો, મત મીલો !
રાહ હમારા ન્યારા, બચ્ચે ! ખાના કચ્ચા પારા - ધ્રુ૦
ગગનમંડલ પર હમરી મઢિયા, નહીં પાયા નહીં છપરા;
ધૂની ખુદીકી જલે અખંડા, નહીં લકરી નહીં ચૂલા. - હ૦ ૧
સોલા સહસ્ર રાનિયાં નંગી, બીચ નટ નંગડ કાલા,
હરદમ હોત તડીંગ ધીંધીંધીન્, નહીં બીસ્તર નહીં કપરા - હ૦ ૨
નહીં નીંદર નહીં સુપના જાગર, જાગ જાગ અખંડા;
સ્ત્રીપૂત ખાના ખાકે સોલે, મત કલકા બન બંદા. - હ૦ ૩
[1]જુગલરકી જો બાલી ભોલી, તાસે સુરત લગાના;
અધરામૃત પીકે મૃત હોકર, રંગ અજર હો જાના. - હ૦ ૪

૧ નિર્દોષ આત્માનુભૂતિ



## (૧૭) દત્ત દિગંબર દેવ, ભજી લે : હેમલ નાણાવટી ૦૦.૦૫.૪૬/૫૮.૩ MB

દત્ત દિગંબર દેવ, ભજી લે પ્રાણી દત્ત દિગંબર દવ. - ટેક.
ભક્તન કારન દેહ ધર્યો હૈ (૨) અલખનિરંજન એહ. - ભજી૦ ૧
ચૌદ લોક ચાકર જાકે (૨) જગ્ત જગાવત અલેખ. - ભજી૦ ૨
ગોકૂતર પશુ પંખી સમાના (૨) નરનારાયણ પેખ. - ભજી૦ ૩
રંગ કહે સૂણસૂણ રતનજી (૨) એ વિણ ફોગટ ભેખ. - ભજી૦ ૪

## (૧૮) અબ ન મોહે હરિમિલન બિન આસ ! : પરાગી પરમાર

**૦૦.૦૮.૨૨/૮૪.૬ MB**

અબ ન મોહે હરિમિલન બિન આસ ! - ધ્રુ ૦
લોગ ઠગારે મોહે ફંસાવત, રહું જગબીચ ઉદાસ ! અબ૦ ૧
કોઉ તો ધનકે કોઉ જોબનકે, કોઈ કીરતકે દાસ ! અબ૦ ૨
પાપ ન જોડું પૂનકો છોડું, દૌડું ગુરુપદ પાસ ! અબ૦ ૩
હરિ ગુરુ સંતન ભેદ મિટાઉં, અંતર હોત ઉજાસ ! અબ૦ ૪
જહઁ વહઁ સોહં એક ભરો હૈ, રંગ ઝૂઠ સબ ભાસ !! અબ૦ ૫

## (૧૯) અનસૂયા મા, ના ઠરવા દે લોક : ગાયત્રી ઉપાધ્યાય, પંક્તિ ડાભી

**૦૦.૧૧.૦૮/૧૧૨ MB**

અનસૂયા મા (૨) ના ઠરવા દે લોક મને ઘરમાંહ્ય જો;
જાઉં વનમાં (૨), સાધુ જોગ જઈ ડુંગર એકાંત જો - ટેક.
ઊભો અર્જુન જો આ દ્વારે, યદુ આયુ પિંગલ સંભારે;
પ્રહલાદ વિષ્ણુદ્વિજ પોકારે... અનસૂયા મા૦ ૧
લોકોને જ્ઞાન તણી શિક્ષા, દેવાને લીધી આ દીક્ષા;
અવધૂતતણી અદ્ભુત કક્ષા... અનસૂયા મા૦ ૨
નિત ગંગામાં મારે ન્હાવું, માહૂરગઢ આવીને સૂવું;
ભિક્ષા કોલ્હાપુર લઈ ખાવું... અનસૂયા મા૦ ૩
જઈ પંઢરપુર તિલક કરું, ગાંધર્વપુરે[1] જઈ ધ્યાન ધરૂં;
ગિરિ રૈવત[2] પર વિશ્રાંતિ વરું... અનસૂયા મા૦ ૪
ના રહેવું એક સ્થાન પડી, મરવું ના તોય બધે રખડી;
અનિકેત[3] છતાં સઘળે સ્વારી... અનસૂયા મા૦ ૫

૧. ગાણગાપુર ૨. ગિરનારનો એક ભાગ ૩. નિશ્ચિત ઠામ વગરનો

પંચાગ્નિ જ્ઞાનતણી તાપી, સુરતાની સેજ ગગન થાપી;
પોઢું તાળી જમને આપી... અનસૂયા મા૦ ૬
કરી દેહતણું આ જો મડદું, પ્રેતાસન પર મનડું જકડું;
સાધી સ્વર સોહં-ને પકડું... અનસૂયા મા૦ ૭
વ્યાઘાંબર-અહિંસા પર બેસી, ચોળી તન ખાખ અહં ખાસી;
સંકલ્પ-ધૂમ લઉં સહુ ગ્રાસી... અનસૂયા મા૦ ૮
સહુ રંગ જગતના છે ખોટા, પાણીના જેવા પરપોટા;
ઉગર્યા નર જે ચાલ્યા ઊલટા... અનસૂયા મા૦ ૯

## (૨૦) અવધૂતો કી ગત ન્યારી હૈં : હર્ષ પટેલ

૦૦.૦૫.૩૯/૫૭.૦ MB

અવધૂતોંકી ગત ન્યારી હૈં; ન્યારી હૈ સબ આલી હૈ ! - ધ્રુ૦
કોઉ તો બનઠન ચંગે દિખાવે, વો તો નંગે ખાલી હૈ ! - અવ૦ ૧
કોઉકો ગાડી કોઉકો ઘોડા, ઉનકો પૈર સવારી હૈ !! - અવ૦ ૨
કોઉ તો પૂજત મંદર મૂરત, વો તો સૂરત પૂજારી હૈ !! - અવ૦ ૩
કોઉકો રામા કોઉકો દામા, વો તો અકામ અપારી હૈ ! - અવ૦ ૪
ઈતઉત દૌડે દુનિયા સારી, ઉનકો શાંતિ ભારી હૈ !! - અવ૦ ૫
આત્મનશેમેં મસ્ત હી ડોલે, રંગ અસંગ નિહારી હૈ !!! - અવ૦ ૬

## (૨૧) કહાં જાના નિરબાના : જયદીપ ચાવડા, અમી વ્યાસ

૦૦.૦૬.૧૭/૬૩.૫ MB

કહાં જાના નિરબાના, સાધો, કહાં જાના નિરબાના ? - ટેક.
આના જાના દેહધરમ હૈ, તું દેહી જુગજૂના;
ક્યા મતલબ દુનિયાસે પ્યારે ? મરઘટ અલખ જગાના. - સા.૦ ૧
રાતદિવસ સબ તેરી કરામત, તું ચંદા સુર સ્યાના;
ફૂંક મારકે સૃષ્ટિ ઉડાવત, પેદા કરત પુરાના. - સા.૦ ૨
ચૌદ માળકા મહલ પિયારે, છનમેં મિટ્ટી મિલાના;
ભસ્મ લગાકે બંભોલાસે, પુનિ પુનિ નૈન મિલાના. - સા.૦ ૩



અહં ખોપડી તોડી ખપ્પર કાલા હાથ ગહાના;
શૂન્ય શહરમેં ભીખ માંગ કર, નિજાનંદ રસ પાના. - સા.૦ ૪
પર્વત સંત્રી દેખો પ્યારે, નદીયન નાચ [૧]સુહાના;
તરુવરમુજરા મોજ દેખકે, સોહં ડમરુ બજાના. - સા.૦ ૫
સુરત પ્રિયાસે રંગ જમાના, ભેદ ભરમ મિટાના;
[૨]ખુદી ખોદ કે દેહ દફાના, જીવન્મુક્ત કહાના. - સા.૦ ૬

૧. સુંદર ૨. અહંકાર

## (૨૨) હું અખંડ એ બ્રહ્મ છું : પાયલ રાવલ ૦૦.૦૫.૦૪/૫૧.૨ MB

હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક ! ૧૭/૧૨૮
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીન્દ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન ! ૩૩/૩૭
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
બ્રહ્મનિષ્ઠ હું સર્વદા, બ્રહ્માસક્ત અખંડ;
બ્રહ્માત્મા મુજમાં કદિ, દિસે ન માયાબંડ ! ૯/૫૯
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
ચૌદ લોકનો નાથ હું ! કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ ! ૩૩/૮૨
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.

## (૨૩) અનુપમ હીરલો પાયો : ભાસ્કર શુક્લ ૦૦.૦૪.૫૪/૪૯.૬ MB

અનુપમ હીરલો પાયો, બાબા ! અનુપમ હીરલો પાયો;
એક અનામી અંતરજામી વણદીઠે ભટકાયો !! - બાબા૦ ૧
રાતે ચમકે દહાડે ચમકે, ચમકે જુગજુગ ન્યારો;
સૂરજ ચાંદો એથી ઝગઝગે, અસલી એક ઝગારો ! - બાબા૦ ૨
જપતપ-તીરથ જોગ જુગતથી એ છે સાવ નિરાળો;
નેતિ નેતિ કહી નિગમ ઓચરે, બાવનથી એ બ્હારો !! - બાબા૦ ૩

સર્વશેષ અશેષ આતમ, ચેતન હીર છબીલો;
ચારથી પાર નિહાળો મુંગો, મોહન એ રઢિયાળો !! - બાબા૦ ૪
હું-તું-તે-માં બોલણહારો, વાણી મૂળ હુંકારો;
જ્યાં ત્યાં સઘળે એહજ સળગે દેખ રંગ મતવાલો !! - બાબા૦ ૫

## (૨૪) આજ હમારી જીવનનૌકા : વિપુલ ત્રિવેદી, કૃતિ જાની
**૦૦.૦૪.૨૮/૪૫ MB**

આજ હમારી જીવનનૌકા ડૂબું ડૂબું ભર દરિયે કરે;
તું વિણ નાથ ન તારક દૂજો, જે ભવસાગર પાર કરે - ટેક
વાદળથી નભ ઘોર છવાયું, કડડડ કડડડ શબ્દ કરે;
વાટ અંધારે લેશ ન સૂઝે, તું વિણ નાથ કો ભીતિ હરે ? આજ૦ ૧
મેરુ સમાં મોજાં ઉછળે આ, જળચર ખેચર ખાવા ધસે;
હાથ સુકાન રહે ના, નટવર ! દૂર રહી તું કેમ હસે ? આજ૦ ૨
શ્રદ્ધા-સઢ ફાટ્યો ન ઝલાયે, પ્રલયવાત સમ વાયુ વહે;
શંકાવર્તે[1] નાવ ભરાયું, તું વિણ નાથ ન રંગ રહે. આજ૦ ૩

૧. શંકાવમળે

## (૨૫) આર્તબંધુ શ્રી ગુરુ નકી : કૃતિ જાની, પંકિત ડાભી
**૦૦.૧૦.૪૨/૧૦૮ MB**

આર્તબંધુ શ્રી ગુરુ નકી, કલ્પવૃક્ષ સમાન,
ના વિસારે ભક્તને, માનો રંગ પ્રમાણ. ૯૨/૯૧
શિ ચિંતા મુજને પછી, તમ સત્તા એ સર્વ,
નાચું નચાવો, તેમ હું, પાંડુરંગ હે શર્વ !! ૧૨૨/૧૪૨
ચણા ચાવવા લોહના, ના બચ્ચાનો ખેલ;
રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ !! ૪૦/૧૦૦
ભક્તિ સારથિ તું પ્રભો ! દોરી તારે હાથ;
મૂક્યું માથું ચરણમાં; મા કર અધવચ ઘાત ! ૨/૧૦
હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક ! ૧૭/૧૨૮



દેહભાવે દાસ હું, જીવભાવે ત્વદંશ;
આત્મભાવે તું જ હું, થયો દ્વૈતનો ભ્રંશ. ૧/૬૪
શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીંદ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન. ૩૩/૩૭
ચૌદ લોકનો નાથ હું ! કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ. ૩૩/૮૨
બ્રહ્મનિષ્ઠ હું સર્વદા, બ્રહ્મા સક્ત અખંડ;
બ્રહ્માત્મા મુંજમાં કદિ, દિસે ન માયાબંડ. ૯/૫૯
આત્મા એ પરબ્રહ્મ હું, અખંડૈક રસધામ;
કેવળ સચ્ચિત્સુખ નકી, શુદ્ધ બુદ્ધ ગતકામ. ૧૯/૨૯
બલિહારી ગુરુદેવની, એ જ વદાવે આમ;
રંગ રાંકડો શું લહે, લે કેવળ ગુરુનામ. ૧૯/૧૩૦
સાર સર્વ વેદાંતનો, જાણ નિરંજન એહ;
કહે અલખ પુણ્યે પડે, 'રંગ' કાન પર તેહ ૫૧/૧૩૬

## (૨૬) લહિયાનો પાર નાહીં : નિરજ પાઠક ૦૦.૦૬.૧૪/૬૩.૦ MB

લહિયાનો પાર નાહીં, અલખ નિહાળો !
અલખ નિહાળો રામા, અક્ષર-બહારો !! - ટેક.
દેખાએ તે દેખ્યે ખોટું ! અદશ્ય સમણું જૂઠું;
અવશેષ એ અજોટું ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૧
સૂરતની કીધી શય્યા, નૂરત ઓઢી ચદરીયા;
સૂતો સ્હેજતણી ખટિયા ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૨
વાગે અખંડ ચોઘડિયાં, વગાડે સુખમણ સુંદરિયા;
ચંદાસૂર બળે હંડિયાં ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૩
[1]સુમન - સંકલ્પ માળા, પ્હેરી ઊભી વૃત્તિબાળા;
કરે ઊલટા સુલટા ચાળા ! અલખ નિહાળો ! - લહિયાનો૦ ૪
ફૂલમાં દોરો છૂપાયો, રંગે અરંગી લપાયો;
જોતાં જોવું ભૂલી ગયો ! અલખ નિહાળો !! - લહિયાનો૦ ૫

૧. ફૂલ

## (૨૭) સાનમાં સમજાવ્યું : પંકિત ડાભી

00.0૬.૫૯/૭૦.૬ MB

સાનમાં સમજાવ્યું, શાણે સાનમાં સમજાવ્યું;
ભણેલું ભૂલાવ્યું શાણે, સાનમાં સમજાવ્યું. - ટેક.
અવળો સવળો સોહં ચાલે, વચમાં પ્યારો અળગો ન્યાળે;
બ્રહ્મા વિષ્ણુ તરણે તોલે એવું, અચરજ બતાવ્યું ! - સા૦ ૧
રણકો એક અંદર ઊઠ્યો પન સ્વપ્ન જાગર રૂઠ્યો;
નિદ્રાનો તાર તૂટ્યો ત્યારે, અખંડ જગાયું ! - સા૦ ૨
ગૈયા નીચી દોણી ઊંચી છલાછલ દુધડે સીંચી;
દોહ્યું આંખો મીંચી, દોણું ફૂટ્યું તોએ દૂધ ના ઢળ્યું ! - સા૦ ૩
રંગરંગી સાડી પહેરી, તોએ હું ઉઘાડી ભોળી;
થાક્યા સહુ ખોળી ખોળી તોએ, કાંઈ ના જડ્યું !! - સા૦ ૪

## (૨૮) અવળું સવળું બોલું રે : દર્શના ગાંધી

00.0૬.૩૭/૬૬.૮ MB

અવળું સવળું બોલું રે, સંતો મારા ક્ષમા કરે,
ઓસડીયું અજાણ્યું રે, આપ્યું વૈદે રોગ હરે. - ટેક.
મૂળ મૂકીને ડાળાંઓ કાપ્યે, વૃક્ષ વધે ચોપાસ;
ઘર છોડીને જંગલમાં દોડ્યે, મરે ન મેલી આશ;
ભૂખે પાપ સૂઝે રે, રોટલો તે કેમ મળે ? - અવળું૦ ૧
જન્મમરણની રો રો જે ટાળે, રોટલો તેજ પ્રમાણ;
આપે સદ્‌ગુરુભઠિયારો, ઠરે મન ને પ્રાણ;
સંયમની આગે રે, શેકી એને મિષ્ટ કરે ! - અવળું૦ ૨
પ્હાણાઓ તરે પલકમાં, ને ડૂબે તુંબાં ખાસ;
એવું ભવજળ ચોગમ ભરીયું, દીસે દૂર ઉજાસ;
હાંકણનારો ઉલ્લુ રે, ડૂબું ડૂબું હોડું કરે ! - અવળું૦ ૩



દક્ષિણનો વા નિસર્યો, ને આવી સુગંધની લ્હેર;
હર હર ઓમ્ કરતું ચાલ્યું, હોડું પવનની પેર;
[1]હરિને ધામ પહોંચ્યું રે, રંગ કોથી કેમ ડરે ? - અવળું૦ ૪

**૧. નર્મદાપરિક્રમામાં દક્ષિણતટથી સાગરસંગમ ઓળંગીને ઉત્તરતટ પર પરિક્રમાવાસીઓ જે જગ્યાએ ઊતરે છે તે સ્થાનને પણ હરિનું ધામ કહે છે; આમાં અણઘડ પરિક્રમાવાસીઓને તો ગર્ભિત સંબોધન નહિ હોય ?**

## (૨૯) અરે ઓ દીનના દાતાર : દર્શના ગાંધી 00.0૮.૪૮/૮૮.૮ MB

અરે ઓ દીનના દાતાર ! દિગંબર દત્ત જગ કીરતાર !!
કરે ના કાં મહારી વ્હાર ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૧
ગયો પ્રહલાદને કાજે ? બોલાવ્યો શું યદુરાજે ?
સહસ્રાર્જુન શિરતાજે ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૨
ઊભી માહૂરની નારી, લઈ મૃત કંથ દુઃખિયારી !
કરે કાં વાર અઘહારી[1] ? લપાયો ક્યાં અરે અવધૂત ? ૩
ત્રિવિક્રમભારતી પેલો મદોન્મત્ત વિપ્ર સહ હેલો !
જુએ જો વાટ ગુરુઘેલો ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૪
નડે પ્રારબ્ધ શું મારું, દિસે ના તેથી મુખ તારું ?
જીવન તુજ વિણ ગોઝારું ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૫
વિના જળ માછલું જેવું, કુણપ[2] વિણ પ્રાણ જો કેવું !
દરસ વિણ જીવવું તેવું !! લપાયો ક્યાં અરે અવધૂત ? ૬
શુભાશુભ કર્મનાં ફૂલડાં લઈ વધાવું જોગીડા;
સતાવે વ્રેહની વ્રીડા[3] ! લપાયો ક્યાં અરે અવધૂત ? ૭
ચીરી હું... તું તણો પડદો, લે [4]અંકે રંગ નિજ બંદો;
ભૂલાવી અન્ય સૌ ફંદો !! લપાયો ક્યાં અરે અવધૂત ? ૮

**૧. પાપ હરનાર ૨. મડદું ૩. લજ્જા ૪. ખોળામાં**

## (૩૦) જો ચાહે સો કહેના : કલ્યાણી કોઠાળકર, ભૌમિક શાહ ૦૦.૦૮.૪૪/૮૮.૧ MB

જો ચાહે સો કહેના, પ્યારે, જો ચાહે સો કહેના. - ટેક.
ના 'મૈં' ન્હાતા ના 'મૈં' ધોતા, ના 'મૈં' તિલક લગાતા;
ના પઢતા ના જપતા સાધો, સ્વૈર મૌજ મેં ફિરતા ! - પ્યારે૦ ૧
કાલી કંબલ ભગવી ચાદર, ઝોલી શ્વેત ટિંગાતા;
પંથ ભેખકી બાત ન જાનું, નિજાનંદમેં રહેતા ! - પ્યારે૦ ૨
નિતનિત નૂતન ભોગ ભોગ કે [1]બ્રહ્મચારી કહેલાતા;
નારીનરકે વસ્ત્ર[2] ખીંચકે, દિવ્ય [3]તનુ દિખલાતા ! - પ્યારે૦ ૩
મુડદા જમકા કબર [4]દુઈસે, કાઢ છાતીપે ચઢતા;
જંગલ બસ્તી દોનું છોડકે, જાકે મરઘટ સોતા ! - પ્યારે૦ ૪
ઈશ્ક હકીકી પીકે પ્યારે, ઘોર અઘોરી બનતા;
ખાખ ખુદીકી દિલપે ચોળી, સોહં શંખ બજાતા ! - પ્યારે૦ ૫
કોઈ દિન બમ્મન હોકે ફિરતા, બેદબચન સુનવાતા;
દાઢીમૂછ મુંડાકે કોઈ દિન, સુધ સંન્યાસી ભાતા ! - પ્યારે૦ ૬
અનલહક્ક અહાલેક નિરંજન, કોઈ દિન બંદગી ગાતા;
ફતેહ ગુરુકી રંગ રંગકે, આતમ રૂપ દિખાતા ! - પ્યારે૦ ૭
સબસે ન્યારા સબમેં પ્યારા, એક અનેક ભગાતા;
આખર જીવશિવકો પીકે, નિરાલંબમેં સોતા ! - પ્યારે૦ ૮

૧. ઔપાધિક દૃષ્ટિએ અંતઃકરણની અનેકવિધ વૃત્તિઓરૂપી સ્ત્રીઓ સાથે નાના પ્રકારના ખેલ ખેલવા છતાં, આત્માના નિરુપાધિક અખંડ બ્રહ્મભાવમાં સાત્ત્વિક દૃષ્ટિએ જરાએ વિકાર કે ભંગ થતો નથી, તેથી એને નિત્ય બ્રહ્મચારી (બ્રહ્મમાં ફરનાર) કહ્યો છે. ૨. વાસનાઓ રૂપી આવર ૩. સ્વરૂપ ૪. દ્વૈત

## (૩૧) દત્ત દિગંબર મન સુમરી લે : અમી વ્યાસ ૦૦.૦૬.૦૫/૬૧.૪ MB

દત્ત દિગંબર મન સુમરી લે, પુણ્યપંથ [1]પાથેય ભરી લે. - ટેક
પ્રેમગંગ નિત સ્નાન કરી લે,
અનાસક્તિ સુરસાજ સજી લે. - દત્ત૦ ૧

૧. ભાતું



[2]શીલવર્મ સુદૃઢ કરી લે,
ક્ષમા શાન્તિ [3]અસિ ઢાલ ધરી લે. - દત્ત૦ ૨
મોત સાથ રણબાથ ભીડી લે,
મુક્તિ-સુંદરી શીઘ્ર વરી લે. - દત્ત૦ ૩
વનવગડાની વાટ ત્યજી લે,
રાજમાર્ગ પર રંગ રમી લે. - દત્ત૦ ૪

૨. ચારિત્ર્યરૂપી બખ્તર ૩. તલવાર

## (૩૨) થયો આનંદ : હર્ષ પટેલ ૦૦.૦૬.૨૮/૬૫.૪ MB

થયો આનંદ, દીઠો સચ્ચિત્સુખકંદ ! - ટેક.
પાપતાપ પળમાં સંતાયાં, મોહશોક મનમાં ગભરાયાં;
દુઃખ દૈન્ય ક્યાંએ ન જણાયાં, માયાફંદ ! - દીઠો૦ ૧
જ્ઞાનસૂર્ય અંતરમાં ઉદિયો, અજ્ઞાનાંધકાર સંહરિયો;
પ્રિયતમ ઓથે નજર પડિયો, ધન્ય અનન્ત ! - દીઠો૦ ૨
દર્શનથી ભૂખ ભાગી ક્ષણમાં, આધિ ઉપાધિ નાઠી પળમાં;
દેખી આ મંગલ જંગલમાં, નમું ભગવંત ! - દીઠો૦ ૩
સૂણી નામ દોડીને આવ્યો, દેખી પદકંજે લપટાયો;
દિવ્ય સુગંધે મન લલચાયો; સેવે સદ્‌વૃંદ ! - દીઠો૦ ૪
જન્મોજન્મે માગું સેવા, પ્રેમામૃત તુજ અક્ષય મેવા;
ચાખે તે નર ન રહે કહેવા; રંગ નિસ્પંદ !! - દીઠો૦ ૫

## (૩૩) દેહમંદિરમાં દેવ બિરાજે : ભાસ્કર શુક્લ, પાયલ રાવલ ૦૦.૧૯.૫૦/૨૦૦ એમ.બી.

દેહમંદિરમાં દેવ બિરાજે, અનહદ વાજાં વાગેજી;
નોબત ભેરી મૃદંગ તાસાં, શંખ શરણાઈ ગાજેજી. -' ટકે.
આસન વાળી સુરતા સાધી, ભાળે અંદર જોગીજી;
કાન બંધ કરી સૂણે વિરલો, તે સચ્ચિત્સુખ ભોગીજી ! - દેહ૦ ૧
કોટિ ચંદ્રસુરજની શોભા, મેઘ વિના ઘન ગાજેજી;
અમૃતબરખા ઝરે આભમાં, જન્મમરણ દૂર ભાગેજી. - દેહ૦ ૨

નાભિકમળસે હંસા બોલે, સોહં સોહં શ્વાસાજી;
જાપ અજંપા જપે જોગીડા, જેના સવળા પાસાજી. - દેહ૰ ૩
ઈડાપિંગલા છાશ વલોવે, મેરુદંડ રવૈયોજી;
સુખમણ સુરતી માખણ કાઢે, ચોરે ચિત્ત કનૈયોજી. - દેહ૰ ૪
મૂલાધારે વસે મૂળમાં, ગણપતિદાદા દેવાજી;
ચતુર્દલે પૃથ્વી રંગ પીળો, કરે જોગીજન સેવાજી. - દેહ૰ ૫
વંશંષંસં બીજ પાંખડી, એક એક વિચારોજી;
ખટ્શત અર્પણ કરો [૧]મોરયા, વિઘ્નબીજ નીવારોજી. - દેહ૰ ૬
ખટ્દલ બીજુ ઉપસ્થ[૨] ઉપર, શ્વેતરંગ જલ જાણોજી;
બંભંમંયંરંલં બીજે, ચતુરાનન[૩] પરમાણોજી. - દેહ૰ ૭
સૃષ્ટિતાત ખટ્ સહસ્ર એને, ભાવે અર્પી શ્વાસાજી;
કમલજાત લક્ષ્યે લક્ષીને, તોડો ભવભયપાસાજી. - દેહ૰ ૮
નાભિસરોજે[૪] વિષ્ણુ બિરાજે, દશદલમાં સુખકારીજી;
તેજ તત્ત્વ [૫]રક્તાભ શું રાજે, લક્ષ્મી દે છે તાળીજી. - દેહ૰ ૯
ડંઢંણંતંથંદંધં ત્યાં નંપંફં ઉર ધારોજી;
સહસ્રખટ્ અર્પણ કરી ભાવે, આપ આપમાં ભાળોજી. - દેહ૰ ૧૦
હૃદયકમળ દ્વાદશદલ દીપે, નીલરંગ શિવ જોગીજી;
મારુત તત્ત્વે કરે કેલિ[૬] ચિત્શક્તિ સાથ વર ભોગીજી. - દેહ૰ ૧૧
કંખંગંઘંઙં ચંછંજંઝંઞંટંઠં વિલોકેજી;
અર્પણ કરી ખટ્ સહસ્ર પ્રાણી પાશ કર્મના કાપેજી. - દેહ૰ ૧૨
કંઠે કંજ[૭] ષોડશદલ રાજે, શ્યામરંગ રૂપાળુંજી;
વ્યોમતત્ત્વે ધ્યાન ધરે જીવ, જ્યોતિ કેરું રસાળુંજી. - દેહ૰ ૧૩
અં આં ઈ ઈં ઉં ઊં ઋં ૠં લૃં એં ઐં ન્યારાજી;
ઓં ઔં અં અઃ બીજ સહસ્રજપ ભવભયહારક સારાંજી. - દેહ૰ ૧૪
ભ્રૂમધ્યે દ્વિદલ ચક્રે હંક્ષં અક્ષર રઢિયાળાજી;
નિર્મલ રંગે વસે નિરંતર ચિત્શક્તિ મહામાયાજી. - દેહ૰ ૧૫
સહસ્ર અર્પણ કરી પ્રીતથી, તુરિય પદે વિશ્રામાજી;

૧. ગણપતિ ૨. જનનેંદ્રિય ૩. બ્રહ્મા ૪. કમળ ૫. લાળ ૬. ક્રીડા ૭ કમળ



સોહં સોહં કરે ગર્જના, સુધાપાન સુખધામાજી. - દેહ૰ ૧૬
ઉપર વાટ અતિશય વસમી, બ્રહ્મરંધ્ર ગઢ ઘેરાજી;
સહસ્રદલ અનુપમ ઓપે, પરમ જ્યોતકા ડેરાજી. - દેહ૰ ૧૭
સહસ્રજોગી જપે જુક્તિથી; કોટ ભાણ ઉજીયારાજી;
અક્ષર અવ્યક્ત અનંત જેમાં, નાદ મેઘ થડાડાજી ! - દેહ૰ ૧૮
જીવ શિવ ત્યાં એક હો જાવે, કરે અગોચર કેલિજી;
તુરિયાતીત અગમગઢ જીતી, ભેદે દશમ વિચારીજી. - દેહ૰ ૧૯
લક્ષ્ય લહે ગુરુકૃપા હોય તો, આગળ નાવે વાણીજી;
મનબુદ્ધિનું મૂળ નહિ ત્યાં, કેમ તોડવું તાણીજી ? - દેહ૰ ૨૦
દેવ અગોચર વિરલો દેખે, દ્રષ્ટા દૃશ્ય વિરામેજી;
[૮]સદ્ગુરુસાન સમજતાં, અંદર રંગ અનુપમ જામેજી ! - દેહ૰ ૨૧

**૮. આખા ભજનમાં ટૂંકમાં અજપાજાપનો વિધિ અને તેથી થતા ષટ્ચક્રભેદ અને દિવ્ય નાદ (અનાહત) શ્રવણાદિનું વર્ણન કર્યું છે. વિષય ગૂઢ અને કેવળ ગુરુગમ્ય હોવાથી વિશેષ સમજૂતી માટે કોઈ અનુભવીની સલાહ લેવી જ ઉચિત છે.**

**(૩૪) મંત્ર : ૐ રંગ અવધૂતા નમોસ્તુતે : કોરસ ૦૦.૦૯.૩૪/૯૬.૬MB**

**(૩૫) આજે સૂણી ચમનમેં મોહન : દર્શના ગાંધી, ગાયત્રી ઉપાધ્યાય ૦૦.૦૭.૨૩/૭૪.૬ MB**

આજે સૂણી [૧]ચમનમેં મોહન, તિહારી બંસી,
મીઠી અનેરી મોંઘી, મોહન, તિહારી બંસી ! - ટેક.
કોઽહં વદે છે કાક, સોઽહં કથે છે હંસ;
તું-હું તું-હું પુકારી, કોયલ રહી છે ધીરી ! - આજે ૰ ૧
ખીલ્યું ગુલાબ કેવું ? શું હાસ્ય એ ન તારૂં ?
એ કંટકો તું હિ તું, ખુશ્બો મહીં સખે તું !! - આજે ૰ ૨
વૃક્ષો નભે અડ્યાં શાં, તું-કીર્તિગાન ગાતાં;
એ પત્તિ ફૂલ વેલી, તું રૂપ આત્મદેવા ! - આજે ૰ ૩
એ કાષ્ઠજીવી તું તું, એ કાષ્ઠભેદી તું તું !
ધૂણી તપે તપસ્વી, એ રૂપ તું હિ તું તું !! - આજે ૰ ૪

૧. બગીચામાં

વારિ નિકુંજ મત્સ્યો, એ મત્સ્યજીવી[૨] તું તું !
એ [૩]પદ્મ ભૃંગ[૪] તું તું, નાચે મયૂર તું તું !! - આજે ૦ ૫
માળી ગુલો[૫] તું હિ તું, માળા ગ્રથે ધરે તું;
તંતુ મહીં સખે તું, સિંચંત ચૂંટતો તું ! - આજે ૦ ૬
તું-રંગ સર્વ રંગ્યુ, ના રંગરાગ તુજમાં,
તું રંગ રંગ રાચે, નાચે સુરંગ રંગે[૬] !! - આજે ૦ ૭

૨. માછલાં મારી ગુજરાન ચલાવનાર; માછી ૩. કમળ ૪. ભમરો ૫. ફૂલો ૬. સંસારરૂપી રંગભૂમિમાં

## (૩૬) પશ્ચિમ વાની રે, વાદળી : વિષ્ણુ જોષી, કલ્યાણી કોઠાણકર

**૦૦.૧૧.૨૧/૧૧૪ MB**

પશ્ચિમ વાની રે, વાદળી, ઝેરી બરખા થાય;
સદ્‌ગુણ ખેત રે, ખેરવી, વેલો ખાવા ધાય ! - પશ્ચિમ૦ ૧
ચાર ચક્ષુએ રે, ના જડે, જગજીવન અમાપ;
અંદર ઓપે રે, આતમા, થાય અજપા જાપ. - પશ્ચિમ૦ ૨
એમાં શું શું રે, એમ વદે, નાસ્તિક એ બકવાદ;
કંઠે પ્રાણ રે, આવતાં, કોણ સૂણશે સાદ ? - પશ્ચિમ૦ ૩
માન મૂકીને રે, માનવી, સંતચરણ પ્રણામ;
સેવા અદકી રે, જો કરે, આવે આપની ફામ[૧] - પશ્ચિમ૦ ૪
ભાગે ભીતિ રે, મોતની, જમડાં નાસી જાય;
જાગે જ્યોતિ રે, અંતરે, મુક્તિમેવા ખાય. - પશ્ચિમ૦ ૫
શ્રદ્ધાસીડી રે, જો ચઢે, શૂન્ય માનસર ન્હાય;
મુક્તા ભાખે રે, હંસલા, વાયસ વિષ્ઠા ખાય !! - પશ્ચિમ૦ ૬
પરની પડતી રે, મેલીને, આપ હિસાબ તપાસ;
દેવું ચૂકે રે, દાનથી, લક્ષ્મી આવે પાસ ! - પશ્ચિમ૦૭
આઘો દિસે રે, અજ્ઞાને, પાસે પુણ્યપ્રકાશ;
દષ્ટે નાવે રે, અંધને, અટવાએ ચારે પાસ ! - પશ્ચિમ૦ ૮
લાખ અનુભવ રે, અંધના, એ સહુ આખર રાખ;
ક્ષણમાં દેખે રે, દેખતો, બીજો થાશે ખાખ !! - પશ્ચિમ૦ ૯

૧. સ્મરણ, યાદ



રાખ લંગોટી રે, લાખ છે, લાખો રાખ સમાન;
બંદર નાચે રે, બંદરે, મૂઠી ચણક પ્રમાણ ! - પશ્ચિમ૦ ૧૦
ઉપર ટોપી રે, તંગડી, માંહે જૂની ખાણ;
ગાલ બજાવે રે, ગોરીલો, સમજે ચતુર સુજાણ ! - પશ્ચિમ૦ ૧૧
મસ્તક મૂકી રે, મારુતે, સેવ્યા રામ [૨]રહીમ;
ઘર ઘર પૂજે રે, રંગ એ હનુમાન બલભીમ. - પશ્ચિમ૦ ૧૨

૨. દયાળુ

## (૩૭) છેડ મા છેડ મા, બ્રહ્મ વિના : પરાગી પરમાર, નિરજ પાઠક

**૦૦.૦૫.૦૨/૫૦.૯ MB**

છેડ મા છેડ મા છેડ મા રે, વાત બ્રહ્મ વિના બીજી છેડ મા - ટેક.
મેવા મિઠાઈ મીઠાં ત્યજીને, ગંધાતી વિષ્ટા હેડ[૧] મા રે. - વાત૦ ૧
દરાખ દાડમ કેળ ત્યજીને, કડવાં તે કેરાં વેડ[૨] મા રે. - વાત૦ ૨
ચંદન કલ્પદ્રુમ ઉખેડી, કાંટાને પાણી રેડ મા રે. - વાત૦ ૩
રંગ બજારે ફાંફાં નકામાં, બાળમુકુંદ તારી કેડમાં રે.. - વાત૦ ૪

૧. ઉઠાવવું (નિમાડી શબ્દ છે) ૨. વીણવું

## (૩૮) સગપણ સાચું રે : કૃતિ જાની, ભૌમિક શાહ ૦૦.૧૯.૨૧/૧૯૫ MB

સગપણ સાચું રે, શીલનું, જેથી રીઝે શ્યામ;
અવર ઉપાસન રે, મેલનું, જેથી ખીજે રામ. - સગ૦ ૧
વિષયકથાએ રે, કા'નુડો, કદીએ નાવે હાથ;
બાવળ વાગ્યે રે, કારમા, કંટક વાગે હાથ. - સગ૦ ૨
[૧]શમદમ સાથે રે, પ્રીતડી, કરીએ ચતુર સુજાણ;
પર ઉપકારે રે, દેહડી, પાથરીએ નિશદિન પ્રાણ. - સગ૦ ૩
નરકતણાં છે રે, બારણાં, કામ, ક્રોધ ને લોભ;
દાન દયાથી રે, દમમાં, દમીએ મનનો ક્ષોભ. - સગ૦ ૪
ચોરી ચાડી રે, ના કરે, ઢાંકે દોષ જે આન;
નિંદા ત્યાગે રે, નારકી, પોષે સદ્‌ગુણ ખાણ. - સગ૦ ૫

૧. મનોનિગ્રહ તે શમ, અને ઈન્દ્રિયનિગ્રહ તે દમ

હિંસા મનથી રે, ના કરે, દેહવેણથી અન્ય;
બૂરું ભાખે રે, ના કદી, જીવતર તેનું ધન્ય. - સગ૰ ૬
તપસંતોષે રે, જે રહે, મુખમાં હરિનું નામ;
નિદ્રાસ્વપ્ને રે, ના શમે, ચિંતે હરિનું [2]ધામ. - સગ૰ ૭
પ્રભુની લીલા રે, સાંભળે, ગાએ હરિજશગાન;
સજ્જન સેવે રે ભાવથી, ઉર નાણે[3] અભિમાન. - સગ૰ ૮
જન્મમરણની રે, ચક્કીમાં, પીસે નિશદિન કાળ;
કોક કરોડે રે, ઊગરે, વિરલો સદ્‌ગુરુબાળ.[4] - સગ૰ ૯
મનને મારી રે, જે મરે, ફરી ફરી મરવું જાય;
એ વિણ મુક્તિ રે, ના મળે, છો કર કોટિ ઉપાય - સગ૰ ૧૦
જ્ઞાનવિરાગે રે, જે હે, વીંધે નામનિશાન,
નામી માંહે રે, દેવ દિસે, ભૂલે દેહનું ભાન !! - સગ૰ ૧૧
અક્ષર અળગો રે, રંગ એ, અંતરમાં નિઃસંગ;
જાણી જાગે રે, જોગીઓ, ભવભય થાએ ભંગ !! - સગ૰ ૧૨

**૨. સ્વરૂપ ૩. ન આણે ૪. જેના ઉપર સદ્‌ગુરુનો પંજો પડેલો છે તેવો**

## (૩૯) દત્ત દત્ત કરો બધા : ઉર્મીશ મહેતા, વૈશાલી મહેતા ૦૦.૦૪.૩૩/૪૫.૯ MB

દત્ત દત્ત કરો બધા, છે મુજને આનંદ !
એમ કહી ખડ ખડ હસે, ગુરુવર એ સ્વચ્છંદ !! ૧૪૭/૨૦
ઠોકી નોબત જોરથી, કહું ભજો ગુરુ અત્ર;
વેદ શાસ્ત્રાદિક કહે, ગુરુ ત્રિમૂર્તિ સર્વત્ર. ૧૦૧/૪૪
બ્રહ્મરૂપ જે જીવ તે, કરતાં બ્રહ્મધ્યાન;
બ્રહ્માત્મૈક્ય જ્ઞાનથી, થાય બ્રહ્મનિર્વાણ. ૫૫/૧૦૨
એક ગુરુ વિણ કાળને, જીતે કોઈ ન જાણ;
જોઈ રીઝે ભાવને, સદ્‌ગુરુ એ પણ માન. ૮૬/૮૦
આવ્યો શરણે દીન હું, આપ માતને તાત;
ના બીજું કોઈ મુને, વિના આપ ગુરુનાથ ! ૩૬/૧૩૩



ઊગ્યો વિવેક અંતરે, ના મુજને સુખદુઃખ;
ભલે કોઈ કાંઈ કહે; ગણું ન તેનું દુઃખ. ૩૩/૯૩
શુદ્ધ નિરંજન હું નકી, મમતા હંતા હીન;
પાર પ્રકૃતિથી અહા ! થાઉ હવે ન દીન. ૩૩/૯૪
સ્વયંપૂર્ણ હું સર્વદા, વધુ ઘટું ના તેમ;
ભાસે મનમાં દુઃખ જે, સ્પર્શે મુજને કેમ ? ૩૩/૫૧
સાધુ ઓળખવા સ્વયં, થાવું સાધુ જાણ;
એ વિણ સૂક્ષ્મ રહસ્ય એ, લહે ન કોઈ માન. ૩૧/૧૧૫
અદ્‌ભૂત માયા ઈશની, પામે કોઈ ન પાર;
થાય કૃપા જો એહની, તરે રંગ નિર્ધાર. ૩૩/૧૪૨

## (૪૦) હોય કોઈ પ્યાસા રે : પંક્તિ ડાભી ૦૦.૦૭.૨૯/૭૫.૫ MB

હોય કોઈ પ્યાસા રે, આવો અમીરસ પીવા;
અંધારે અથડાતા રે, આવો અહીં છે અક્ષય દીવા. - ટેક.
પાણી પાણી જપ કર્યે રે, પ્યાસ ન બૂઝે ક્યાંય;
દીપ જપે તમ નવ ટળે રે, કલ્પકાળ અથડાય;
અમરફળ સેવો રે, અમૃત દેહ થવા. - હોય૰ ૧
પ્યાસાં પશુ પેલાં મૃગજળ દેખી, અંતર અતિ હરખાય;
દોડી દોડીને તંગ તૂટે ને, આખર મન પસ્તાય;
નેન ખોલી દેખો રે, સેવે સદ્‌જ્ઞાન દવા. - હોય૰ ૨
ધોળા તેટલા હંસ નહિ રે, કાળા સર્વે નહિ કાક;
મીઠું તેટલું માખણ ના રે, કડવું ન ઝેર કુપાક;
સાચા સંત સેવો રે, જેથી મળે મુક્ત હવા. - હોય૰ ૩
હાથ જોડીને નહિ નભે રે, ડોક નમાવી હોય;
અહં મૂકીને આપ પિછાને, લાખમાં વિરલો કોય;
લોકલાજ છાંડો રે, ખાંતે ખાઓ મિષ્ટ મેવા. - હોય૰ ૪
ધારામાં ધાય તે અંતે જઈ મરતો ઊંડા સમુંદર માંહ્ય;
મૂળ તો પૂરવ પશ્ચિમ દોડે, ભ્રમ મહીં સપડાય;
સામે પાણી ધાઓ રે, રંગ અહીં તો અક્ષય ઝરા. - હોય૰ ૫

## (૪૧) હું મૂરખ નાદાન, સંતો ! : નીરજ પાઠક, અમી વ્યાસ
**૦૦.૦૪.૧૩/૪૨.૬ MB**

હું મૂરખ નાદાન, સંતો ! હું મૂરખ નાદાન.
સ્નાન ન જાણું, ધ્યાન ન જાણું;
પૂજા નવ પવમાન[1] સંતો - ૧
દેવ ન જાણું, ધર્મ ન જાણું;
કર્મ તણું નવ ભાન. - ૨
વેદ ન જાણું, પુરાણ ન જાણું;
દર્શન નાહીં કુરાન. - ૩
કાવ્ય ન જાણું, [2]ભાણ ન જાણું;
છંદ તાલ નહિ જ્ઞાન. - ૪
મંદિર જાઉં ન મસ્જિદ ધાઉં;
દત્તદ્વાર હું શ્વાન ! - ૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ,
રંગ થજો અવસાન !! - ૬

૧. એક વૈદિક સૂક્ત ૨. જૂના નાટકનો એક પ્રકાર, જેમાં ઘણુંખરું એક જ માણસ બધા ભાગ ભજવે છે. અહીંયાં નાટકના સામાન્ય અર્થમાં શબ્દ વાપર્યો છે.

## (૪૨) ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્ ! : હેમલ નાણાવટી
**૦૦.૦૮.૩૫/૮૬.૭ MB**

ગુરુ દત્ત દિગંબર તવ શરણમ્ !
દાતા દત્ત દિગંબર તવ શરણમ્. - ટેક.
અત્રિસૂનું[1] અનસૂયાનંદન, યોગિરાજ ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૧
શ્રીપાદશ્રીવલ્લભ યતિવર, નૃસિંહસરસ્વતી તવ શરણમ્. - ગુરુ૦ ૨
કાર્તવીર્યભુક્તિમુક્તિપ્રદ, પિંગલપૂજિત તવ શરણમ્. - ગુરુ૦ ૩
ગોરખગર્વવિનાશકદાતા, અવધૂતનિરંજન તવ શરણમ્. - ગુરુ૦ ૪
હીનદીનતારક પુરુષોત્તમ, વાસુદેવ ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૫

૧. અત્રિપુત્ર



એકનાથ જનાર્દન સ્વામી, અક્કલકોટ ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૬
દાસોપંત યવન નૃપતારક, સિદ્ધ સરસ્વતી તવ શરણમ્. - ગુરુ૦ ૭
પૂર્ણપરાત્પર સગુણ ગુણેશ્વર, નિરાકાર ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૮
નીલકંઠ આલમ બક નૂરી સાંઈનાથ ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૯
નારાયણ ભૈરવ માણિક પ્રભુ, રંગતાર ગુરુ તવ શરણમ્. - ગુરુ૦ ૧૦

## (૪૩) ભક્તન કે કાજ : અમીપ, આશીતા પ્રજાપતિ
**૦૦.૦૭.૨૧/૭૪.૩ MB**

ભક્તન કે કાજ જોગીવેષ ધર્યો રાજ શી, બલિહારી ! - ટેક.
બલિહારી !! શી બલિહારી !!
માથે જટાનો તાજ વિરાજે,
જોઈ સ્વયં લક્ષ્મી લાજે !... હો રાજ૦ ૧
માલા ત્રિશૂલાદિ હાથે દુલારો;
હિંસા - અહિંસાને ઠારો !... હો રાજ૦ ૨
અંગે વિભૂતિ દેહ-નશ્વરતા;
દેહે વિદેહી ભાતા !... હો રાજ૦ ૩
ગોકૂતરસંગે ફરો ઉમંગે;
લેપ ન તોય કો સંગે !... હો રાજ૦ ૪
કાષાય-અંબર, કદિ દિગંબર;
ઝોળી ખભે તોય વિશ્વંભર !... હો રાજ૦ ૫
પવન પાવડી પગે ખટ ખટ વાગે;
સુણતાં તે રંગ-ભીતિ ભાગે !!... હો રાજ૦ ૬

## (૪૪) વસમી વાટડી માંહે : ભૂમિ સોની ૦૦.૦૫.૩૮/૫૬.૯ MB

વસમી વાટડી માંહે કંટક શૂળ અપાર. - ટેક.
સુવાવડીનો શીરો એ તો, જે જાણે તે ખાય;
વંધ્યા દેખી બાળે જીવને, મન પરણી રંડાય. - વસમી૦ ૧
ભવાટવીમાં ભૂલા પડીયા, વાટ ન સૂઝે ક્યાંય;
કામકંકરી ખૂંચે પગમાં, વનચર ખાવા ધાય. - વસમી૦ ૨

તરુવર ફાલ્યાં ગીચ આકાશે, ઊંચાં મૂળ અપાર;
ડાળ પાંખડાં નીચે ધસીયાં, ફોડ્યાં સપ્ત પતાળ. - વસમી૦ ૩
રંગબેરંગી પંખી બેઠાં, શોર કરે કલ્લોલ;
ફલપુષ્પમાં રડતાં હસતાં, જીવન જાય અમોલ. - વસમી૦ ૪
ધીરજ ધરથી ધારી હરિજન, ધરી શસ્ત્ર અસંગ;
કાપે કરવત મૂકી કળથી, તે દેખે પર રંગ. - વસમી૦ ૫

**(૪૫) હમો ચંગા હમો ચંગા : વિષ્ણુ જોષી ૦૦.૦૬.૫૩/૬૯.૪ MB**

હમો ચંગા હમો ચંગા, ખુદાના નામ પર નંગા !
વહે દિલ પ્રેમની ગંગા, અગર ન્હાયા ન વા તો શું ? ૧
ન પોતાનું કશું રાખ્યું, અહં ચિદ્‌વહ્નિમાં નાખ્યું !
સુધામૃત શૂન્યનું ચાખ્યું, અગર [1]દીધું ન વા તો શું ? ૨
રખડવાની ન ઉર ઊર્મિ, સભી ગોપાલકી ભૂમિ !
જહાં દેખો તિહાં સ્વામી ! કરી યાત્રા ન વા તો શું ? ૩
જઈ બેઠા પ્રભુ પાસે, સદા સંતૃપ્ત ઉપવાસે !
બુભુક્ષા[2] ના દહે વાંસે ! રખ્યા રોજા ન વા તો શું ? ૪
શબદ - સૂરતા સહજ સાધી, નિરાલંબે નજર બાંધી !
વહી સ્વાનંદ - શાહજાદી ! ગ્રહી માળા ન વા તો શું ? ૫
સહજ સાધન સુલભ છોડી, ન મર રંગે વૃથા દોડી !
કરી લય વૃત્તિ રે' પોઢી ! પઢ્યો પોથાં ન વા તો શું ? ૬

૧. દાન આપ્યું ૨. વિષયોપભોગની ઈચ્છા, વાસના

**(૪૬) છોડું ન મૈં દિલસે અબ સાંઈ ! : અમી પરીખ / સૃષ્ટિ ભટ્ટ ૦૦.૦૭.૦૮/૭૨.૦ MB**

છોડું ન મૈં દિલસે અબ [1]સાંઈ !
ભટકત ભટકત સહજ મિલા હૈ, છટકત છટકત થિર રહા હૈ;
જાને ન દૂં અબ પ્રાણ હિ જાઈ !... છોડું ૦ ૧
ભાવ ભજનસે મોલ મૈં લીના, તનતપસ્યા તોલ હૈ કીના;

૧. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા.



મન મંદર અબ બિઠા લૂં ભાઈ !... છોડું ૦ ૨
ધન દોલતસે કભુ ન પાવે, માન મગરૂબી પાસ ન જાવે;
દીનપનોંસે બશ હો જાઈ !... છોડું ૦ ૩
વો માલિક મૈં ઉસકા બંદા, મૈં હૂં ચકોરા વો હૈ ચંદા;
પ્રેમ પિયાલા ભર ભર પાઈ !... છોડું ૦ ૪
આપ ન દેખું, પર ન દેખું, જહાં તહાં એકહિ રંગ વિલોકું;
દેખત દૃષ્ટિ દૃશ્ય હો જાઈ !!... છોડું ૦ ૫

**(૪૭) અબ તો લહર : પરાગી પરમાર ૦૦.૧૧.૨૧/૧૧૪ MB**

અબ તો લહર મરનકી આઈ, સાધો ક્યા જીનેસે નવાઈ !! - ધ્રુ૦
આજ તલક જીયે ન જીયે, ખાયે ખત્તે ભાઈ;
આશ પાસ સબ ટૂટે અબહૂ, સુરતા ગોલી ચલાઈ ! - અબ૦ ૧
ગયા બાલપન ગઈ જવાની, બુરા બૂઢાપા લાઈ;
જોશહોશ સબ ઊડ ગયે અબ, નકર નિરાશ છવાઈ ! - અબ૦ ૨
નાચત દેખા જમરા નંગા, દૂરસે મસ્તી ચલાઈ;
છોડ આશ તન ભયા ઉદાસા, સુસ્તી ઉસકી ઉડાઈ ! - અબ૦ ૩
લગી ભૂખ તબ ખાયા દર્દા, શ્વાસા નીર પિલાઈ;
જાગ સ્વપ્ન નિદ્રા તજ દીની, શાશ્વત શાંતિ મિલાઈ ! - અબ૦ ૪
માયાકા તો કિયા બિછૌના, સોહં ચદ્દર છાઈ;
શ્વાસકાસ દબા કર સીધા, નૈનાં દ્વૈત મીંચાઈ ! - અબ૦ ૫
જ્ઞાનજહર આપે પી લીના, જગ ઝંઝટ ભૂલાઈ !
બનકે મુરદા પડે ચૌકમેં, રંગ જીવ ઊડ જાઈ ! - અબ૦ ૬

**(૪૮) ડાચું શું દર્પણ દેખે રે : હેમલ નાણાવટી ૦૦.૦૮.૫૦/૮૯.૩ MB**

ડાચું શું દર્પણ દેખે રે, મૂરખ પ્રાણી !
જાશે એક દિન જમ ફાંસી રે, મૂરખ પ્રાણી ! - ટેક
ગોરું ગુલાબી તારું મુખડું, હા ચાંદ જેવું;
ક્ષણમાં કરમાઈ જાશે રે ! - મૂરખ૦ ૧

મખમલ ગાલીચા ઢોળી, ચંદનની ખાટ મેલી;
જંગલમાં વસતી થાશે રે ! - મૂરખ૦ ૨
કાયા આ કોમળ તારી, ચાંદનીમાંયે કરમાતી;
[1]ચિતાનળ ભડભડ બળશે રે ! - મૂરખ૦ ૩
અંદર દુર્ગંધી મેલી, બાહિર ફૂલેલ સુગંધી;
પવિતર શું એ દંભી રે ? - મૂરખ૦ ૪
મૂકી સહુ માન અંધા, પાયે પડ સદ્‌ગુરુ **રંગા** !
[2]પનોતી પૂરી થાશે રે ! - મૂરખ૦ ૫

**૧. ચિતાનો અગ્નિ ૨. જન્મમરણની પનોતી**

## (૪૯) બેઠો બેઠો : હેમલ નાણાવટી ૦૦.૦૭.૪૫/૭૮.૨ MB

બેઠો બેઠો ભાળે રે, જોગી બીજું કાંઈ ના કરે;
અષ્ટંપષ્ટં બોલે રે, વાતો એની ચિત્ત હરે. - ટેક.
શિયાળે થરથર તનુ કંપે, ટાઢ અતિશે વાય;
કાચબાનાં રૂંવાડાં કેરી, ગોદડીએ શીત જાય;
ઓઢી તે હરખાયો રે; બીજાં પ્રાણી ટાઢે મરે ! - બેઠો૦ ૧
ભૂખ્યો ખાએ માંસ પોતાનું, પ્યાસો કરે મધુપાન;
જાગતો બોલાવ્યો ન બોલે, ઊંઘમાં કરે બૂમરાણ;
ઉજાગરે મારે રે, અન્ય પાપી પોતે મરે ! - બેઠો૦ ૨
મીન[1] તરફડે મહાસાગરમાં, રણમાં પામે સુખ;
ખાધે પેટ ન કો દિ ભરાયે, ઉપવાસે ટળે ભૂખ;
ભણેલો ત્યાં ભૂલે રે, અભણ તો મોજ કરે ! - બેઠો૦ ૩
પશુપાળ તો પડે નરકમાં, ખાટકી વૈકુંઠ જાય,
લખપતિ તો ભૂખે મરે, માલ ભિખારી ખાય;
અણસારે સમજાવ્યું રે, અનુભવી અર્થ કરે ! - બેઠો૦ ૪
ડગલે ડગલે બાવળ કેરાં[2], ચંદન વિરલું કોય,
કલ્પદ્રુમ તો કોક કરોડે; પુણ્યે દર્શન હોય,
જનમોજનમનાં રે દળદર રંગ હરે !! - બેઠો૦ ૫

**૧. માછલું ૨. કેરડાં; કરીર**



## (૫૦) હું અનાથ અપંગ છું : ઉર્મીશ મહેતા, વૈશાલી મહેતા

**૦૦.૦૪.૩૩/૪૫.૯ MB**

હું અનાથ અપંગ છું, તું વિણ આન ન થાથ;
ભવાટવીમાં રખડતો; કરો સદ્‌ગુરુ સાથ. ૧/૭૪
ગુરુમૂર્તિ રૂપે ખડો, આપે તું જ પ્રબોધ;
કૃપા દૃષ્ટિ તારી થતાં, વહે જ્ઞાનનો ધોધ. ૧/૬૫
દૈન્યહારક તું ગુરો; અદકું તારૂં દાન;
મારી મૃત્યુ શિષ્યનું, કરે અમર અમાન. ૧/૬૮
ભવતારક તુજ પાદુકા, વંદુ પુનિ પુનિ ધન્ય !
ન્યોછાવર કર પ્રાણને, ભજું ચરણ અનન્ય.
બુદ્ધિ નિર્મળ થાયને, થાય વાસના ક્ષીણ;
દેહઅહંતા સહુ ગળે, થાય ચિત્ત વિલીન. ૭/૧૮
સ્વસંવેદ્ય અભેદ્ય તું, સર્વવંદ્ય સર્વેશ;
સ્વયંપ્રકાશ નમું તને, પરબ્રહ્મ પરમેશ. ૨૬/૫૧
તુંજ મુક્તિ મારી વિભો ! ભુક્તિ મુક્તિ પણ તેમ;
પુનઃ પુનઃ પ્રણમું તને, વંદુ શતધા એમ. ૪૧/૧૦૩
લગાડ લગની ભજનની, જગાડ આત્મવિવેક;
ભગાડ ભેદો જે થકી, થાઉં અસંગ છેક ! ૪૭/૧૧૦
પતિતોદ્ધારક શ્રી હરિ, દૃષ્ટિ માત્રાથી જાણ;
હરે પાપ ભક્તો તણાં, આપી આત્મ જ્ઞાન. ૫૭/૧૦૨
છેદી માયાપડળ આ, દે સ્વસ્વરૂપ જ્ઞાન;
કર અપરાધ ક્ષમા પ્રભો ! એ જ યાચના માન. ૫૮/૪

## (૫૧) કરે નિજ દાન જો સાઈ : અતુલ બ્રહ્મભટ્ટ

**૦૦.૦૬.૫૨/૬૯.૩ MB**

કરે નિજ દાન જો સોઈ, દિગંબર હો તો ઐસા હો !
ત્રિમૂર્તિ દત્ત હર વોહી, દિગંબર હો તો ઐસા હો ! - ધ્રુ૦
જટા સિર કાંધ પે ઝોળી, વિભૂતિ[1] અંગ પે ચોળી;
પિછાડી સંતજન ટોળી, - દિગંબર૦ ૧

**૧. ભસ્મ**

ગલે રુદ્રાક્ષકી માલા, ફિરે અલમસ્ત મુનિબાલા;
કભી જડ મૂઢ મતવાલા, - દિગંબર૦ ૨
શ્રુતિ બન શ્વાન પદ ચાટે, દરસ મૃત્યુ જનમ કાટે;
મિલ્યા ગો-પાલ વનવાટે, - દિગંબર૦ ૩
બજે કર શંખ ૐકારા, ડમરુ તત્ત્વમસિધારા;
કમંડલ માળ ભવપારા, - દિગંબર૦ ૪
ધર્યો સંયમ-લંગોટ, નિરાશી એહ અવધૂત;
બિના યહ રંગ સબ જૂઠ. - દિગંબર૦ ૫

## (૫૨) જીવન દો દિનકા : ઉર્મિશ મહેતા, વૈશાલી મહેતા

**૦૦.૦૭.૫૬/૮૦.૧ MB**

જીવન કો દિનકા દો દિનકા, નહીં ભરોંસા જમકા. - ટેક.
સાંસ સાંસ સુમર લે [1]સાંઈ, ચઢ લે ઘાટ અગમકા;
ગુરુગમ મારગ સ્હેજ સાધ લે, સુન લે ઘંટ નિગમકા. - જીવન૦ ૧
ધન જન દારા અરુ પરિવારા, સાથ ન કો પરઘરકા;
કરમ ધરમ દો સંગ ચલેંગે, મત બાવર[2] રખ તનકા. - જીવન૦ ૨
ઈંગલા પિંગલા સુખમણ સંગમ, સ્થાન ત્રિવેણી ઘટકા;
બંકનાલ સો વ્રજવૃન્દાવન, ધોલે મેલ સબ મનકા. - જીવન૦ ૩
સંકલપ વિકલપ દોનું બીચમેં, અલખ ધામ નિર્ગુણકા;
નેત્ર ફેર કે રંગ દેખ લે, વૃથા વાદ તીન ગુણકા. - જીવન૦ ૪
શૂન્યસમુંદર સુરત નાવસે, ધ્યાન ધરે જબ ધ્રુવકા;
સાતોં પાર [3]પળે જબ પંથા, લગે પાર ભવજલકા.- જીવન૦ ૫
અટપટ દેશ અતિશે સાધો, બજે અનાહત ડંકા;
સદ્‌ગુરુશરણ બિના નવ જાને, હો રાજા હો રંકા. - જીવન૦ ૬
જ્યોં કા ત્યોં સબ સભર ભરા હૈ, આદિ અંત નહીં જાકા;
દેખનહારા સુધ બુધ ભૂલે, રંગ કહે કો તાકા ? - જીવન૦ ૭

૧. સ્વામી; જગતનો પ્રભુ, પરમાત્મા ૨. વિશ્વાસ ૩. પાર જાય



## (૫૩) દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન : પંકિત ડાભી, કૃતિ જાની

**૦૦.૦૮.૨૪/૮૪.૮ MB**

દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન, દુર્લભ મોંઘું બ્રહ્મજ્ઞાન. - ટેક.
ભણતરની ના ચાલે બડાઈ, તર્ક વડાઈ થાકે;
પોથાંપોથાં કામ ન આવે, ગુરુગમ મારગ ચતુરસુજાણ ! - દુ૦ ૧
પાસ ખડું નજરે નવ આવે, નાટક એનું અપાર;
કલીબ સુંદરી માયા નચાવે, જગત શિશુ[1] પ્રસવે શું જાણ ! - દુ૦ ૨
જોગીજતિ જંગલમાં ખોળે, ભોગી ભામિની[2] માંહ્ય
પંડિત શાસ્ત્રો ચૂંથી મરે છે, મૂઢ ભમે કહી એ અજ્ઞાન ! - દુ૦ ૩
કાન કટાવે મુંડ મુંડાવે, ધૂણી ધીખાવે કોઈ;
ઉર્ધ્વપાદ આસન લગાવે, નિશદિન હરિહરિ મુખથી ગાન ! - દુ૦ ૪
મનબુદ્ધિથી દોડ ન ચાલે, વાણીતણું નહિ કામ;
અજ અક્ષય અવિનાશી પરાત્પર, જાણી થાવું સ્વયં નિર્વાણ ! - દુ૦ ૫
શૂળી પરની પૂરી એ તો, વિરલો જોગી ખાયે;
માન અહંતા મૂકી સઘળી, સદ્‌ગુરુચરણે રંગ પ્રમાણ !! - દુ૦ ૬

૧. બાળક ૨. સ્ત્રી

## (૫૪) દત્તગુરુ અવધૂત ભજી લે : પાયલ રાવલ, ઉર્મિશ મહેતા

**૦૦.૦૫.૪૬/૫૮.૩ MB**

દત્તગુરુ અવધૂત ભજી લે પ્રાણી, દત્તગુરુ અવધૂત. - ટેક.
કાષાયાંબર ચરણ પાદુકા (૨) અંગ સુરંગ ભભૂત. - ભજી૦ ૧
માલા કમંડલુ ડમરું બિરાજે (૨) હાથ ધર્યો હૈ ત્રિશૂલ. - ભજી૦ ૨
સ્નાન સંધ્યા અરુ ધ્યાન સમાધિ (૨) છોડ હજારો તૂત. - ભજી૦ ૩
રંગ કહે સૂણસૂણ રતનજી (૨) એ વિણ સબ કુછ જૂઠ. - ભજી૦ ૪

## (૫૫) નથી ગમતું નથી ગમતું : ગાયત્રી ઉપાધ્યાય ૦૦.૦૪.૧૭/૪૩.૩ MB

નથી ગમતું નથી ગમતું આ ઘેર; જાવું પેલે દ્વાર - ટેક
[1]અંધતમે આ સઘળું ભરિયું, ત્યાં તો તેજ અપાર;

૧. ઘોર અંધકારથી

ભૂખકડાકા તીખા અહિયાં, ત્યાં મિજલસ નહિ પાર - જાવું૦ ૪
પાણીના પણ સાંસાં અહિયાં, ત્યાં [૨]અમૃતપાથાર;
દુઃખદરિયો ઉછાળા મારે (ત્યાં) સુખસાગર રેલાય - જાવું૦ ૪
રાગદ્વેષનાં જુધ ઘણેરાં, (ત્યાં) શાન્તિ તણો નહિ પાર;
રંગરાજ ગુરુસેવા [૩]કીની, જઈ બેઠો તે ઠામ - જાવું૦ ૪

૨. અમૃતનું સરોવર ૩. કીધી

## (૫૬) દીનાનાથ દયાળુ તાત : વિપુલ ત્રિવેદી ૦૦.૦૫.૪૦/૫૭.૨ MB

દીનાનાથ દયાળુ તાત ! આજે શેં રુઠ્યા ગુરુનાથ ? - ટેક.
પાપી હું અપરાધી મેલો, આવ્યો શરણે નાથ;
દર્શન આપી દોષો કાપી, વેગે સ્હાઓ હાથ. ! આજે૦ ૧
ભવસાગર ચોગરદમ ઊછળે, વચ્ચે દીન અનાથ;
ડૂબું એકલડો હું પામર, તારક કોઉં ન સાથ. ! આજે૦ ૨
રમતાં કોડે બાળક દોડે, પડે કદાપિ નાથ !
શોભે રક્ષા, કેમ ઉપેક્ષા કરે દેવ સાક્ષાત્ ? ! આજે૦ ૩
મેઘ કને ચાતક ના માગે, ક્યાં ફેલાવે હાથ ?
કરે વિમુખ શું જલદ [૧]અભાગી જા અહીંથી, કહી તાત ? ! આજે૦ ૪
તરછોડે જલ જો માછલડું કેમ જીવે જલજાત[૨] ?
રૂઠે રંગ વિધાતા જગ પર મરે સૃષ્ટિ સાક્ષાત્ !! આજે૦ ૫

૧. મેઘ ૨. જળમાંથી ઉત્પન્ન થયેલ પ્રાણી

## (૫૭) જ્ઞાનઘટા ઝુકી આઈ : વિષ્ણુ જોષી, નીલા ધોળકીયા ૦૦.૦૭.૪૬./૭૮.૪ MB

જ્ઞાનઘટા ઝુકી આઈ, ચિદાકાશે, સંતો ઝુકી આઈ રે;
મત્તમયૂર નાચે મનડું હા ! આનંદની ઝડી ધાઈ રે. - ટેક.
વિણ દીપક અજવાળું ઘટમાં, રવિ શશી કોટ પ્રકાશ્યા રે;
રાતદિવસનો ભેદ મટ્યો જ્યાં, અગણિત તેજ ઉજાસ્યા રે. જ્ઞા૦ ૧



વીજળી ચમકે ધડધડ વાગે, અનહદ વાજાં ગાજે રે;
નાદ ઊઠે અંબરમાં અદકો, અનુપમ શોભા રાજે રે. જ્ઞા૦ ૨
સહુ સખી ટોળે રાસ રમંતી, ભૂલી ભાન વિલોકે રે;
સુરવર મુનિ જોવા સહુ ધાયા, આંખલડી ત્યાં થાકે રે. જ્ઞા૦ ૩
બિન પદ નાચે વ્રજની નારી, બિન કર તાલ બજાવે રે;
સાત સૂરથી અદકો અષ્ટમ, બિન મુખ મોહન ગાવે રે. જ્ઞા૦ ૪
સૂર્ય સૂણે થંભાવી રથને, મંદ અનિલ સુખ આપે રે;
[૧]સ્વર્ગંધર્વ વિલોકે નીચું, સુરસુંદરી[૨] પગ ચાંપે રે. જ્ઞા૦ ૫
ફૂલ સુગંધી દિવ્ય પ્રસારી, કલ્પતરુ કંઈ ડોલે રે;
અમૃતસરિતા અંદર વહેતી, જન્મમરણ તૃણ તોલે રે. જ્ઞા૦ ૬
ખેલ અલૌકિક રંગ નિહાળી, ન્યારો રહીને ખેલે રે;
અંદર બાહિર એ જ ખેલાડી, એક અગોચર રેલે રે. જ્ઞા૦ ૭

૧. સ્વર્ગના ગાનારા ૨. અપ્સરાઓ

## (૫૮) જય કરુણાકર, દત્ત દિગંબર ! : અનિકેત ખાંડેકર ૦૦.૦૬.૦૫/૬૧.૪ MB

જય કરુણાકર, દત્ત દિગંબર !
રૂઠ્યો આજે કાં વિશ્વંભર ? - ટેક.
માતપિતા તું રૂઠતાં શિશુ પર,
કોણ બચાવે ત્રિભુવનમાં નર ? - જય૦ ૧
ભવજલતારક ત્વત્પદનૌ[૧] વર,
કેમ ડૂબાડે અધવચ કિંકર ? - જય૦ ૨
પાપી હું, અઘહારક સદ્ગુરુ !
તું દાતા હું દીન યતીશ્વર ! - જય૦ ૩
[૨]રંગાનલમાં બળતો ઉગારી,
તાપ નિવારી ઠાર ગ્રહી કર !! - જય૦ ૪

૧. નૌકા, નાવડી ૨. ભવાગ્નિમાં

## (૫૯) સૂન સૂન તપસી : જયદીપ ચાવડા ૦૦.૦૨.૫૪/૨૯.૨ MB

સૂન સૂન [1]તપસી ! જ્ઞાન સૂનાવું, ફિર ફિર ધ્યાન લગાવ;
મન ચલે તો ચલન દે, પણ તન ન જાય લગાર,
ઐસી ભીતર [2]સુરત ચલાવ. - ટેક.
ગિલ્લી દંડા ખેલ ચલાયા, ગિલ્લી ઊડે આભ;
ગિરત ગિરત ફિર દંડા મારા,
ફિર ફિર ઊડે આપ. - ઐસી૦ ૧
મન મરકટ નિશદિન ભટકત હૈ, ભટક ભટક સ્થિર આપ;
ગોલી સુરત બેહોશ[3] બનાકે,
તદાકાર કર થાય.- ઐસી૦ ૨
કહાં [4]કશ્મીર કહાં ગુજરાતા, કહાં પક્ષીકી જાત ?
ચકોર ચંદા નિત આનંદા,
એહિ સુરત સાક્ષાત્. - ઐસી૦ ૩
સીતામાઈ શોક છવાઈ, દૈતગઢ ગભડાય;
સુરત ચલાઈ સેના આઈ,
રાવણ માર્યો રામ. - ઐસી૦ ૪
રંગ રાગ સબ છોડ [5]જહાં કે, સબ જગ અલ્લાહ પેખ;
બાહિર દેખે ગદ્ધા કુત્તા,
ભીતર રામ હિ રામ. - ઐસી૦ ૫

૧. પૂજ્ય મહારાજશ્રી સ્વ. મોદીજીને પ્રેમાવેશમાં કોકવાર આ માનથી સંબોધતા, એટલે એમને ઉદ્દેશીને લખાયેલાં ભજનોમાં સ્હેજે એ નામ આવી જાય છે. ૨. સજાતીય વૃત્તિનો એકધારો પ્રવાહ ૩. મૂર્છિત ૪. કાશ્મીરમાં એક જાતનાં કુંજ નામનાં શ્વેત પક્ષી થાય છે. તેઓ ત્યાં ઈંડા મૂકી જુવારો તૈયાર થઈ જાય છે તે અરસામાં દૂર દૂર ઠેઠ ગુજરાત સુધી નર્મદા અને દરિયા કિનારે ચારો ચરવા આવે છે. પરંતુ તેમની સુરત ઈંડા તરફ લાગેલી રહે છે અને કેવળ એ સુરતના બળથી એમનાં ઈંડાં સેવાઈને તૈયાર થાય છે. એ વાતનું સૂચન છે. ૫. દુનિયાના.



## (૬૦) ભજો શું મૂરખ ભૂત : દર્શના ગાંધી, હર્ષ પટેલ ૦૦.૦૮.૩૯/૮૭.૩ MB

ભજો શું મૂરખ ભૂત અનેક ? ઈશ્વર છે સઘળે એ એક. - ટેક.
પાણી અંબુ જલ વારિ આપમાં, નામ વિના નહિ ભેદ;
[1]બાષ્પ બરફ રૂપે જુદાં પણ; અંત વારિ સહુ એક. - ભજો૦ ૧
શ્યામ કોલસો મેલો દિસે, હીરો ઝગમગ તેજ;
રાગદ્વેષથી જગત નચાવે; તત્ત્વ એહનું એ જ ! - ભજો૦ ૨
સ્ત્રી પુમાન નપુંસક કહાવે, દેવી દેવ પરબ્રહ્મ;
[2]લિંગ થકી લિંગી જુદો એ, સચ્ચિદ્રૂપે ઓમ્ - ભજો૦ ૩
નામરૂપનો સકલ પસારો, માયાનો દરબાર;
માયી દરબારી ન્યારો છે, ખેલે અંદર બહાર. - ભજો૦ ૪
આદિઅંતમાં [3]અર્ક બિરાજે, મધ્યે મૃગજલ તૂત;
દેખી મૃગલાં દોડે અંધાં, જ્ઞાની પરખે ભૂત ! - ભજો૦ ૫
ખેલ સમેટે આપ ખેલાડી, ખેલે ઈચ્છાસાર;
રંગ નાટકી નટવર ખેલે, નામ રૂપ મોઝાર !! - ભજો૦ ૬

૧. વરાળ ૨. (i) જાતિ (ii) ચિહ્ન ૩. સૂર્ય

## (૬૧) મન મર્કટ રે ! કેમ ભમે છે : અમીપ, આશીતા પ્રજાપતિ ૦૦.૦૯.૦૯/૯૨.૪ MB

મન મર્કટ રે ! કેમ ભમે છે નિત નિત નૂતન[1] ડાળીએ ?
સુખ સમણું રે, લેશ ન એમાં, કળથી અંદર ભાળીએ. - ટેક.
જેમ જેમ રમાડું હું તુજને, તેમ તેમ પછાડે તું મુજને,
ફટ ફટ રે ન-ગણા[2] ફટ તુજને ! - મન મર્કટ૦ ૧
વિશ્વતણી આ વાડી રૂપાળી, ફળપુષ્પોથી સભર નિહાળી,
ભાન ગયો તું છેક જ ભૂલી. - મન મર્કટ૦ ૨
ઉપરથી અમૃતસમ ઓપે, માંહે ઝેર હલાહલ દીપે;
હાથે કંટકબીજ કયમ રોપે ? - મન મર્કટ૦ ૩
વન છોડી વનમાળી ઢૂંઢે, જે માગે તે આપે મોઢે;
ચઢ નિષ્કામતણે વરઘોડે. - મન મર્કટ૦ ૪

૧. નવી ૨. ગુણ ભૂલી જનાર; કૃતઘ્ન

કામકિરાતે[૩] જાળ બિછાવી, મૂઢ તને એ અતિ મન ભાવી;
કાં હાથે હીરાકણી ખાવી ? - મન મર્કટ૦ ૫
શી રીતે તુજને સમજાવું ? વિષય કેફ હા ! કેમ ભૂલાવું ?
દિવ્ય ઔષધિ ક્યાંથી લાવું ? - મન મર્કટ૦ ૬
જ્ઞાનસુધારસ બૂંદ પીએ જો, મોહ-ધૂંધ[૪] ક્ષણમાં નિસરે તો;
મર્કટ [૫]મોહન રંગ બને તો !! - મન મર્કટ૦ ૭

૩. પારધી ૪. ઝાંખ ૫. પરમાત્માસ્વરૂપ

**(૬૨) રુદિયામાં દીવા : કૃતિ જાની, ભૌમિક શાહ ૦૦.૦૮.૦૦/૮૦.૮ MB**

રુદિયામાં દીવા, તોએ અકર્મી અથડાતી ! - ટેક.
હૃદયનું કોડિયું, ભગતીનું ઘી હેરી,
કર્મ-દીવેટે જ્ઞાનજ્યોતિ !.... રુદિયામાં૦ ૧
ઘણઘણ ઘંટા ને ઢમઢમ ઢોલ રી,
સુણે તોએ ના સુણંતી !!... રુદિયામાં૦ ૨
મંદિર મૂકીને મસજીદ જાતી,
પ્હાણાગોખલિયે ભટકાતી !!... રુદિયામાં૦ ૩
તીરથ ધ્યાતી ને તરવેણી ન્હાતી,
બલા વળગેલી નવ જાતી !!... રુદિયામાં૦ ૪
પરણેલો મૂકીને રાંડેલો ધ્યાતી,
કુંવારે કુંવારે કોલ લેતી !!... રુદિયામાં૦ ૫
થૂંકીને સત્ત્વ એ છોતરાં ખાતી !
શ્વાસા મૂકી લેતી પોથી !!... રુદિયામાં૦ ૬
બીજાને જોતાં પોતે ખોવાતી;
રંગ આખરે પસતાતી !!... રુદિયામાં૦ ૭

**(૬૩) જીવતાં દેખ લો, માંહે : ભાસ્કર શુક્લ, પાયલ રાવલ ૦૦.૦૭.૨૩/૭૪.૫ MB**

જીવતાં દેખ લો, માંહે જીવન જ્યોત અલખ. - ટેક.
મૂવા પછીનો વાયદો નકામો, કો જાણે છે કાલ ?



આજ અત્યારે જોઈ લો રે સંતો, નગદી રોકડ માલ ! - જીવતાં૦ ૧
ઇંગલા ને પિંગલા સુખમણ ત્રીજી, અમૃતનીર અગાધ;
[૧]તરવેણીમાં ભેગાં રે મળીયાં, સ્નાન કરો સહુ [૨]સાધ !! - જીવતાં૦ ૨
ઝિમિ ઝિમિ ઝિમિ ઝિમિ બરખા બરસે, બિન બાદલ ચમકાર;
ઘડુડડુ ઘડુડડુ નોબત બાજે, દેવ સજે શણગાર !!- જીવતાં૦ ૩
દેહમંદિરમાં દેવ બિરાજે, પચરંગી નિશાન;
ઘણણણ ઘણણણ ઘંટા બાજે, સુણે દિવ્ય[૩] જો કાન !!- જીવતાં૦ ૪
પંચધૂપકી સતત સુગંધી, સૂંઘે વિરલો જન;
દશ નારી નિત આરતી કરતી, થેઈ થેઈ નાચે મન !!- જીવતાં૦ ૫
સુરવર દેખી ડોક ધૂણાવે, શોભા વર્ણી ન જાય !
જો દેખે સો મૂક હો જાવે, ગૂંગા ગૂડ જ્યોં ખાય !!- જીવતાં૦ ૬
રંગ રાગ સહુ ભૂલી ભજ લો, આતમ એ અવધૂત;
માયા મેલી નષ્ટ હો જાવે, ભગે જીવશિવ-ભૂત !!!- જીવતાં૦ ૭

૧. ત્રિવેણી, ત્રિકુટી ૨. સાધુ, સંત ૩. સામાન્ય કાનથી જુદી જાતના, યોગાભ્યાસથી અંતર્મુખ થવાને કેળવાએલા

**(૬૪) યહ ઘર નહીં તેરા : હેમલ નાણાવટી ૦૦.૦૫.૨૧/૫૪.૦ MB**

યહ ઘર નહીં તેરા નહીં તેરા; સમજ સમજ મન મેરા. - ટેક.
[૧]ચીંટી કહે ઘર મેરા મેરા, [૨]મુસા કહે ઘર મેરા;
[૩]ખટમલ કહે ઘર મેરા મેરા, ઈંટ મિટ્ટિકા ઢેરા.[૪] - યહ૦ ૧
જટા બઢાયા મુંડ મુંડાયા, કહે મઠ મેરા મેરા;
ચેલાચાટી [૫]ગંજ જમાયા, સબ અંધેરે ઘેરા. - યહ૦ ૨
તેરા તો ક્યોં જાત અકેલા ? કહાં સુત બાંધવ ચેરા ?
દો દિન જગમેં કરત બસેરા, આખિર મરઘટ ડેરા ! - યહ૦ ૩
[૬]ચિડીયા ખેત ચુગાયા[૭] સારા, મર મર કષ્ટ ઉઠાયા;
દિવસ રૈન સબ ખેલ ગુમાયા, રંગ અંત પસ્તાયા ! - યહ૦ ૪

૧. કીડી ૨. ઉંદર ૩. માંકણ ૪. ઢગલો ૫. ખૂબ ૬. ચકલાં ૭. ચરી ગયાં.

## (૯૫) પહેરી લીધા વીંટલા : હસમુખ મિસ્ત્રી ૦૦.૦૫.૨૯/૫૫.૫ MB

પહેરી લીધા વીંટલા, તારા હો અંબે, માડી, તારા હો અંબે;
કોણ કાઢે આંખ સામે, કાળ જ્યાં કંપે ? - ટેક.
શંભુ નિશુંભો કામાદિક સૌ જોઈને ત્રાસે, માડી જોઈને ત્રાસે;
મહિસાસુર અજ્ઞાન બાપડું, મુઠ્ઠી દઈ નાસે. પહેરી૦ ૧
જોઈ તારું મુખડું હૈયું આનંદે નાચે, માડી, આનંદે રાચે;
રિદ્ધિ સિદ્ધિ હાથ જોડી, બારણે યાચે. પહેરી૦ ૨
નિત નૂતન શું રૂપ તારું કોટિ રવિ રાજે, માડી, કોટિ શશિ રાજે;
દોડે સિંહે વીજળી વેગે, ભક્તોને કાજે. પહેરી૦ ૩
રાખ રંગ આ કટોકટીમાં, સંકટ નિવારી, માડી, સંકટ વિદારી;
શક્તિપાત કરી ભારતમાં, રિપુદલ સંહારી. પહેરી૦ ૪

## (૯૬) વાણી માંહી શૂરા : જયદીપ ચાવડા ૦૦.૦૭.૪૫/૭૮.૨ MB

વાણી માંહી શૂરા રે વળો નિજ મૂળ ભણી;
પાખંડમાં પૂરા રે, પળો સત્પંથ ભણી - ટેક.
કા કા કરે રે કાક અતિશે, સોહં હંસ અવાક્;
ખાલી ગર્જે મેઘ શરદમાં, નિઃસ્વન[1] વર્ષે દ્રાક્[2];
જાણ્યું કહ્યો ના જાણે રે, ન્યારી રીત જ્ઞાનતણી. - વાણી૦ ૧
ભરાયે મોઢું બંધ જ થાએ, અધૂરો કરે અવાજ;
ચિત્રની સેનાથી જુદ્ધ ન થાએ, એ તો જોવા માતર સાજ;
[3]ચલચ્ચિત્ર જેવાં રે, જોવા થાએ ગિરદી ઘણી. - વાણી૦ ૨
ખોટા જગતમાં ખોટું પૂજાએ, સત્ય ભગવંતને ત્યાંય;
વેશ્યાવાડામાં જો સતી જાયે તો, ખત્તા બાવન ખાય;
સાનમાં સમજાવે રે, રીતિ એ તો સંતતણી. - વાણી૦ ૩
નાટકી રાજા જો રણે ચઢે તો, ખેલ અનેરો થાય;
પાખંડી પ્રસંગ આવી પડતાં, આપ ઉઘાડો થાય;
સૂરજ કેમ છીપે રે, છાયા મહીં વાદળની ? - વાણી૦ ૪

૧. નિઃશબ્દ ૨. જલદીથી ૩. સિનેમા



કામાદિ શત્રુને નિઃશેષ મારે, તેજ પામે પરિબ્રહ્મ;
રાજા કહાવે ને પેટ નચાવે, એવો અજ્ઞાનીનો ભ્રમ;
રંગ જો રાચે રે, દોડે જગ ભાંડ ભણી ! - વાણી૦ ૫

## (૯૭) હું અખંડ એ બ્રહ્મ છું : પાયલ રાવલ ૦૦.૦૫.૦૪/૫૧.૨ MB

હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક ! ૧૭/૧૨૮
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીન્દ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન ! ૩૩/૩૭
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
બ્રહ્મનિષ્ઠ હું સર્વદા, બ્રહ્માસક્ત અખંડ;
બ્રહ્માત્મા મુજમાં કદિ, દિસે ન માયાબંડ ! ૯/૫૯
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
ચૌદ લોકનો નાથ હું ! કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ ! ૩૩/૮૨
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.

## (૯૮) પ્રભુ પરખ્યા હ્રદે જેણે, : હર્ષ પટેલ ૦૦.૦૬.૫૨/૬૯.૩ MB

પ્રભુ પરખ્યા હ્રદે જેણે, ફરે ભમતો જગે શાને ?
પીધું [1]આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને ? - ટેક.
મળી વટવૃક્ષની છાયા, [2]નિદાઘે તાડ કાં ઢૂંઢે ?
ભર્યા કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે ? - પ્રભુ૦ ૧
ગૃહે સુરધેનું[3] કાં દોડે ગૃહોગહ તક્રને માટે ?
વહે ગંગા નિજાંગણમાં, ભમે કૂવે એ શા માટે ? - પ્રભુ૦ ૨
શરદપૂનમતણી રાતે, અકર્મી આગીઓ ખોળે;
થવા ઉજાસ આંગણમાં, બપોરે દીપ પ્રજવાળે ! - પ્રભુ૦ ૩

૧. ઠેઠ કંઠ સુધી ૨. ઉનાળે ૩. કામદુધા, ગાય

ન શોધે મોર ચિતારો, કદિ પિક[૪] રંગ તંબૂરો;
કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલ્કની રો રો ! - પ્રભુ૦ ૪
ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી !
નિજાનંદે ફરે અવધૂત દઈને મોતને તાળી !! - પ્રભુ૦ ૫

૪. કોયલ

## (૬૯) હરિ હરિ ગાતાં રે : ગાયત્રી ઉપાધ્યાય, જયદીપ ચાવડા

**૦૦.૦૬.૦૯/૬૨.૧ MB**

હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા;
નિર્ગુણ ધ્યાતાં રે; ગુણાતીત પોતે થયા. - ટેક.
કિશોર[૧] વયની બાળા નિશદિન માત થવા તલસાય;
ઢીંગલાઢીંગલી રમતાં કોડે, અંતે માતા થાય;
જેવી જેની બુદ્ધિ રે, તેવા નર તેહ થયા. - હરિ૦ ૧
કીટ ભમરીનું ધ્યાન ધરે છે, જાત વિજાતીય[૨] એહ;
ભયથી ધ્યાતાં ભમરી થાએ, કેમ ખાલી જશે નેહ[૩] ?
ધ્યાતાં ધ્યેય નિશ્ચે રે, જીવ તે તો શિવ થયા. - હરિ ૦ ૨
સંગ દુઃખનું મૂળ તજીને, અસંગ આતમ ધ્યાય;
અંદર રહીને અળગો ખેલે, ચિદાનંદરૂપ થાય;
નર કરણી કરી રે, નારાયણ પોતે થયા. - હરિ ૦ ૩
દૂધ દારૂ બે સાથે ટકે ના, વિકૃતિ બમણી થાય;
દેવદાનવનું સખ્ય[૪] ટકે ના, રુધિર રંગ રેલાય;
વિષયની વાટે રે, વિશ્વંભર વિમુખ થયા. - હરિ ૦ ૪
ઊઠતાં બેસતાં એની જ વાતો, હરતાં ફરતાં ધ્યાન;
સુરતાનો તાર તૂટે નહિ ને, નાશ પામે અજ્ઞાન;
ભ્રમ જાતાં આપે રે, જ્ઞાની તે તો બ્રહ્મ થયા. - હરિ ૦ ૫

**૧. નાની ઉંમરની ૨. બીજી જાતની ૩. પ્રેમ ૪. મિત્રતા.**



## (૭૦) હું-મારું દુઃખ-મૂળ છે : વિષ્ણુ જોષી, પરાગી પરમાર

**૦૦.૦૯.૦૬/૯૨.૦ MB**

હું-મારું દુઃખ-મૂળ છે, તું-તારું સુખ-મૂળ;
હું ભૂલી તું-હરિ ભજે, રંગ સનાતન નૂર ! - ૧
નૂર-નૂરીમાં ભેદ ના, બ્રહ્મ-બ્રહ્મવિદ્ એક;
તું-માં હું ઓગાળતાં, રહ્યો રંગ તું દેખ ! - ૨
દેખ દેખન-હાર એ, દૃશ્ય દૃષ્ટિમાં માય;
બીજાને જોવા જતાં, રંગ આપ ખોવાય ! - ૩
વાય વાયરો, રવિ તપે, વર્ષે મેઘ અમાપ,
જેની સત્તાથી બધે, રંગ તેજ તું બાપ ! - ૪
બાપ મરે સુત વિરમતાં, સુતનો છોરુ બાપ;
બેઉ મરતાં એક તું, કરે રંગ કાં તાપ ? - ૫
તાપ-મૂળ દેહાત્મતા, રજ્જુ-સર્પની વાત;
જ્ઞાન-દીવડો પ્રગટતાં, રંગ સાપ અજાત ! - ૬
અજાત ન્હોતો ના હશે, મધ્યે કેવળ ભાસ;
આદિ અંતમાં એક તું, રંગ સ્વયંપ્રકાશ ! - ૭
પ્રકાશ વિધવિધ કાચથી, ભાસે વિધવિધ રંગ;
કાચ ફૂટતાં મૂળ તું રંગ એક અભંગ !! - ૮

## (૭૧) હરિજન આવો રે, હેતે : દર્શના ગાંધી

**૦૦.૦૬.૦૯/૬૨.૧ MB**

હરિજન આવો રે, હેતે હરિરસ પીવા;
ગુણીજન ધાઓ રે, ખાંતે હરિગુણ ગાવા. - ટેક.
જનમધર્યાનો એજ લ્હાવો છે, બીજું સઘળું ફોક;
ચેત્યા તે નર છૂટ્યા ભવથી, બીજા મૂકે પોક;
સુરિજન સેવો રે, રુદિયામાં થાય દીવા. - હરિજન ૦ ૧

[1]સુર પીએ સુધારસ સ્વર્ગે મદ્યપી મદ્યમાં મસ્ત;
પ્રેમની લહેજત પ્રેમી જાણે, પીએ કો પ્રેમી ભક્ત;
સમુંદર મોતી રે, લેતા તે તો મરજીવા. - હરિજન ૦ ૨
[2]ભંગુર ભોગની ભીખ ન માગે, સ્વાનંદરત[3] સમ્રાટ;[4]
ભાંડભવાઈથી [5]ભટ ન રીઝે, રીઝે નટવો ભાટ;
આંખ ખોલી દેખો રે, માંહે છે દેવ નવા. - હરિજન ૦ ૩
હરિ હરિ સહુ કોઈ કહે રે, શઠ સાધુ શાહુકાર;
ભવભયહારક તે હરિ જુદો, રંગહૈયાનો હાર;
સોહં સોહં બોલે રે, જાણે કોઈ ભેદુ દવા. - હરિજન ૦ ૪
ચઢતાં ચઢતાં રંગ ચઢે રે, આવરણ થાએ ભંગ;
ધ્યાતાં ધ્યાતાં ધ્યેય થવાએ, દેહનો છૂટે સંગ;
દેહે દેવ દીઠો રે, જીવ શિવ એક થયા ! - હરિજન ૦ ૫

૧. દેવ ૨. નાશવંત ૩. નિજાનંદમાં મસ્ત ૪. બાદશાહ ૫. જોદ્ધો ૫. નાની ઉંમરની

## (૭૨) ગાજે અતિશે ઘેરો : હેમલ નાણાવટી ૦૦.૦૫.૪૮/૫૮.૬ MB

ગાજે અતિશે ઘેરો, અંતરનાદ અનેરો;
સુણે કો [1]નાથચેરો, દાસાનુદાસ તેરો. - ટેક.
કરતાલ કૈંક બાજે, પડઘમ ઢોલ ગાજે;
બિનતાર બીન બાજે, ગંધર્વરાજ લાજે. - ગાજે ૦ ૧
થંભાવે સૂર્ય રથને, લહરિ અનિલ[2] ગતને;
કલ્લોલ અબ્ધિસ્વનને તારા નિજાત્મરવને.[3] - ગાજે ૦ ૨
[4]હાઉ હૂહૂ શમે જ્યાં, સા રે ગ મ ગમે ના;
નાદે કો ચિત્ત ઠરે ના, શ્રોતવ્ય[5] શેષ રે' ના. - ગાજે ૦ ૩
દિવાનું મન આ નાચે, શૂન્યે સમાઈ રાચે;
પારે જે રંગ પ્રકાશે, મનવાક્[6] બેઉ નાસે ! - ગાજે ૦ ૪

૧. સમર્થ ગુરુનો ચેલો ૨. પવન ૩. અવાજ ૪. સામ ને ગંધર્વગાન ૫. સાંભળવા યોગ્ય ૬. વાણી



## (૭૩) સુનેરી મૈંને હરિમુરલીકી તાન ! : અનિકત ખાંડેકર, અમી વ્યાસ ૦૦.૦૬.૦૬/૬૧.૬ MB

સુનેરી મૈંને હરિમુરલીકી તાન ! ધ્રુ૦ -
ઉસ મુરલીને મોહે જગાઈ દૌરી સુનત હૈરાન ! સુનેરી૦ ૧
ઈત ઉત બાજે અનહદ ગાજે, ભરા મુરદોમેં પ્રાન ! સુનેરી૦ ૨
બાજ બજૈયા એક હિ કાના, જાન લિયો અનજાન ! સુનેરી૦ ૩
સુના સુનાના ગાના બજાના, ભૂલ ગઈ ગુલતાન ! સુનેરી૦ ૪
સાંસા ખૂટી આસા ટૂટી, સેવત રંગ મસાન !! સુનેરી૦ ૫

## (૭૪) સૂણ ચતુર સુજાણ ! : હેમલ નાણાવટી, પરાગી પરમાર ૦૦.૦૯.૦૩/૯૧.૩ MB

સૂણ ચતુર સુજાણ ! વાતલડી કહું છું રે તુજને મીઠડી;
ઉર ઉદિયો ભાણ, તેજ ન માએ અંતર સ્વરની વાટડી. - ટેક.
જે આંખ મીંચીને દેખે છે, તે ઝગમગ જ્યોત વિલોકે છે;
દગ્ દૂરબીન ત્યાં તો થાકે છે ! - સૂણ૦ ૧
ત્યાં વિદ્યુત લેશ ઝબૂકે ના, સુર તારક ચંદ્ર પ્રકાશે ના;
અગ્નિ અણુ મારગ કાપે ના !! - સૂણ૦ ૨
અજ્ઞાની ઉલ્લૂની પેરે, પરણે જઈને [1]તમની વેરે,
અટવાએ [2]અટવીને ફેરે !! - સૂણ૦ ૩
જે દેહ મૂકીને દોડે છે, અભ્યંતર મુખને [3]મોડે છે;
ભવબંધન તે નર તોડે છે !! - સૂણ૦ ૪
છોડી ગુણ આકૃતિ જઈ મળીયું, અગ્નિમાં કાષ્ટ જઈ ભળીયું;
તેજે જઈ તેજ થઈ રહીયું !! - સૂણ૦ ૫
[4]સાતે જઈ [5]સવિતામાં મળતા, સહુ રંગ એકમાં જઈ ભળતા;
જ્યાં એક અનેક સૂરો શમતા !!! - સૂણ૦ ૬

૧. અંધકાર ૨. (જન્મમરણરૂપી) જંગલ ૩. ફેરવે છે ૪. મેઘધનુષ્યના સાત રંગો ૫. સૂર્યમાં

## (૭૫) તું તો દત્ત દિગંબર ભજને રે : અતુલ બ્રહ્મભટ્ટ, કૃતિ જાની ૦૦.૦૭.૧૧/૭૨.૫ MB

તું તો દત્ત દિગંબર ભજને રે;
કૂડકપટ મનનાં સહુ ત્યજને રે. - ટેક.
અવળી વાતે તે અવળું સૂઝે રે;
નામરસાયણે ઘા રૂઝે રે. - તું તો૦ ૧
[1]મિત ખાવું પીવું ને મિત સૂવું રે;
સૂર સાધીને હરિનામ લેવું રે.- તું તો૦ ૨
ઘટઘટમાં તે હંસલો બોલે રે;
મળે સાચા ગુરુ તો સાન ખોલે રે. - તું તો૦ ૩
ઊલટી સેર ગગનમાં ઊડતી રે;
મારી સર્વેને આપ વિરમતી રે.- તું તો૦ ૪
સૂતાં સૂતાં તે નિશદિન જાગે રે;
ઊંઘે જાગૃતિમાં નિંદ ભાગે રે.- તું તો૦ ૫
એક અખંડ વીજળી ઝબૂકે રે;
નેનનેમ સહુ ત્યાં ચૂકે રે. - તું તો૦ ૬
એવો રંગ અલૌકિક જામે રે;
વણ જોયે ન પાર કો પામે રે ! - તું તો૦ ૭
મૂકી આળસ સાધન કરવું રે;
મૂઆ પહેલાં તે જીવતાં મરવું રે !! - તું તો૦ ૮

૧. પ્રમાણસર

## (૭૬) ઊંઘતાનો પાડો રે : વિપુલ ત્રિવેદી ૦૦.૦૮.૩૮/૮૭.૨ MB

ઊંઘતાનો પાડો રે, જાગે તે તો પાડી હરે;
ઊંઘતાનું ઊંઘે રે, ઉદ્યમે દૈવ ફરે ! - ટેક.
દેવ દૈત બે સાથે મળીયા, સમુદ્રમંથન કાજ;



ઝેર હળાહળથી નવ બીધા, અંતે પામ્યા રાજ;
અમૃત મોંઘું રે, હોય દેવ તેને [1]જરે ! - ઊંઘતાનો૦ ૧
ક્ષણ ક્ષણ ખાએ કાળ જીંદગી, જોબન ઝટ પલટાય;
ઘડપણ દૂતી ખડી કાળની, કંપે થરથર કાય;
આળસ છોડો રે, વદો હરે રામ હરે ! - ઊંઘતાનો૦ ૨
ભોગ ભોગવે મૂઢ તુજને, ખાલી આખર થાય;
ભોગ તેટલા રોગ સમજ મન, ચેત જ્યાં લગી હાય;
આખર ખોટી રે, જમડાં ના દયા કરે ! - ઊંઘતાનો૦ ૩
જર જોબન જોરુ નવ આવે, જોજન અલ્પ સંગાત;
કર્મ ધર્મ સાથે જીવ અંધા,[2] જાશે રાતોરાત;
ફૂંકી દેશે ખોખું રે, મીજલસ ભારે કરે ! - ઊંઘતાનો૦ ૪
સતને મારગ જાજે શૂરા, સંતસમાગમ નિત્ય;
કરજે હાથે તે સંગાથે, દુખિયાં કેરી પ્રીત્ય;
[3]સરજનહારો રે, જેથી રંગ મ્હેર કરે ! - ઊંઘતાનો૦ ૫

૧. પચે ૨. જ્ઞાનરૂપી નેત્રથી રહિત ૩. પેદા કરનાર પરમાત્મા.

## (૭૭) જ્યાં ત્યાં ભરિયો : હેમલ નાણાવટી ૦૦.૦૪.૪૬/૪૮.૧ MB

જ્યાં ત્યાં ભરિયો એક જ [1]સાંઈ ! જ્યાં ત્યાં ભરિયો એક;
બીજો જોતાં આપ ખોવાણો, જેમ નાટકી ભેખ ! - સાંઈ૦ ૧
દીપ દેવતા ચાંદો સૂરજ, એક જ નૂર અલેખ;
લખ્યો ન જાયે અગમ અગોચર નૂર નૂરનું દેખ ! - સાંઈ૦ ૨
અસ્તિ ભાતિ પ્રિય નામરૂપનો જગત પસારો છેક;
નામરૂપનું સમણું શમતાં, સત્ ચિદ્ આનંદ નેક ! - સાંઈ૦ ૩
પોતે પોતામાં વિલસે વિધવિધ રૂપે અરૂપી [2]અશેખ;
આંખની આંખ સ્વયં દૃષ્ટિ એ, મારી અનુભવે મેખ ! - સાંઈ૦ ૪
સ્વપદે સર્વ દિસે મહાશૂન્યે, સર્વે સ્વપદ એક;
[3]અનભે સાક્ષી પૂરણ આનંદ, રંગ નાટકી દેખ ! - સાંઈ૦ ૫

૧. સ્વામી, જગતનો નાથ, પરમાત્મા ૨. અશેષ, પૂર્ણ ૩. નિર્ભય

## (૭૮) રમે રામ સહુ ઘટ વિષે : નીલા ધોળકીયા, વિપુલ ત્રિવેદી

**૦૦.૦૯.૦૬/૯૨.૦ MB**

રમે રામ સહુ ઘટ વિષે, રહીમ દયાધન એજ;
હિંદુ મુસલમીન કાં લડો ! રંગ નૂર તે તેજ ! -૧ રમે રામ સહુ ઘટ વિષે.
માતા મારી ચિત્કળા, પિતા બોધસ્વરૂપ;
સુત અનુભવ હું તેમનો, રંગ અરંગ અરૂપ ! -૨ રમે રામ સહુ ઘટ વિષે.
પાંડુ શુભ્ર કલંક ના, રંગ સ્વરૂપ અલેખ;
પાંડુ ર ચિન્મય બ્રહ્મ છે, ગ તન્મય થા દેખ ! -૩ રમે રામ સહુ ઘટ વિષે.
ર[1]રા તત્પદ જાણ તું, ગગ્ગા ત્વંપદ દેખ;
અનુસ્વાર અસિપદ લહ્યું, રંગ તત્ત્વમસિ એક ! -૪ રમે રામ સહુ ઘટ વિષે.
'રંગ' 'રંગ' જન સહુ કહે, રંગ સંતપદધૂળ !
ભાવે સદ્‌ગુરુ સેવતાં, ચાટે જગ પદધૂળ ! -૫ રમે રામ સહુ ઘટ વિષે.
થયો હડધૂત જીવતાં, મૂએ બન્યો અવધૂત;
પૂજે કપૂત જીવડાં, મડદાં રંગ સપૂત ! -૬ રમે રામ સહુ ઘટ વિષે.
ઝંખું પરધન સર્વદા, પરસ્ત્રી અળગી ન થાય;
કરૂં સ્વજનવધ ખંતથી, રંગ પાર કો પાય ? -૭ રમે રામ સહુ ઘટ વિષે.
ગાંડોતૂર ફરૂં બધે, સદા મદ્યચકચૂર;
લાગ્યો રંગ ન છૂટશે, રહો સંગથી દૂર !! -૮ રમે રામ સહુ ઘટ વિષે.

## (૭૯) ઠેરન દે દિન ચાર, સાંઈ : અનિકેત ખાંડેકર, અમી પરીખ

**૦૦.૦૭.૧૭/૭૩.૬ MB**

ઠેરન દે દિન ચાર, સાંઈ, તેરે દ્વારપે. - ટેક.
ફિર ફિર મેરી તંગડી તૂટી, શ્વાસ ન ઉર સમાય ! - ઠેરન૦ ૧
તુજ કારણ મૈં ભઈ બાવરી સુધબુધ ભૂલી હાય ! - ઠેરન૦ ૨
રો રો મેરી અખિયાં ફૂટી, દરસ ન પાયો [1]લાલ ! - ઠેરન૦ ૩
ફટી ચીંદડી નંગી નટિયા, દેખનહાર ગમાર ! - ઠેરન૦ ૪
દેખન દે મુખ મીઠા સાંઈ ! અમૃતવેણ પીલાવ ! - ઠેરન૦ ૫
તું-રંગે રસી અંતર બાહી, આન ન જાઉં બહાર ! - ઠેરન૦ ૬

---
૧. રત્ન (પરમાત્મારૂપી)



## (૮૦) મંત્ર : ૐ રંગ અવધૂતા નમોસ્તુતે : કોરસ ૦૦.૦૯.૩૪/૯૬.૬ MB

## (૮૧) કોટિસૂર્ય શી પ્રભા : કૃતિ જાની, ભૌમિક શાહ

**૦૦.૧૦.૨૦/૧૦૪ MB**

કોટિસૂર્ય શી પ્રભા શાન્ત કોટિચંદ્રવત્
ત્રીશ વિશ્વનાથ દેવજિતાંઘ્રિ ભૃંગવત્ !
ભક્તિપ્રાપ્ય અત્રિપુત્ર, પાળ આત્મવત્ સદા;
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૧
અજ્ઞાનાંધકારસૂર્ય શ્રીપદાખ્ય હે ગુણેટ્,
ગુણાતીત પ્રભો વરેણ્ય સ્વીકૃતાત્ર-ભિક્ષુવેષ !
ભક્તસેવ્ય ઈષ્ટદાપ્તકામ કામકલ્પ હા,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૨
કામક્રોધઆદિષટ્કમત્ત વારણાંકુશ
સચ્ચિદાત્મ સૌખ્યકંદ તત્ત્વ એક હે [1]ગવીશ !
ધર્મરક્ષણે ધર્યો નરાવતાર ધન્ય આ,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૩
સૂર્યચંદ્રનેત્ર ભક્તકામધેનુ જે થકી;
પંચભૂત વિશ્વ આ થયું; રમે પદે નકી !
થાય અસ્ત અંતમાં યદાત્મમાં વિભો અહા,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૪
રક્તપદ્મપત્રનેત્ર દંડપાત્રહસ્ત હે
પૂર્ણચંદ્રકાંતવક્ત્ર, હાસ્ય શું મુખે લસે !
વેદ નિત્ય પાદધૂલિ શોધતા ફરે અહા,
હે નૃસિંહ સરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૫
નાદ બિંદુ પાર જે, કલાતિગાપ્રમેય જે,
તાપતપ્ત કલ્પવૃક્ષ શાંતિસૌખ્યગેહ જે !
ભવાબ્ધિનાવ દૈન્યદાવ ભીતિહાર સાર હા,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૬

---
૧. ઈન્દ્રિયોના નિર્યતા

યોગધામ પૂર્ણકામ સ્વાભિરામ, જે વિરામ
જન્મમૃત્યુનો [૨]જ્ઞનો એક આશરો અનામ !
કૃષ્ણાવેણિ પંચગંગસંગમસ્થ ધ્યાઉં હા,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૭
આદિમધ્યઅંતહીન અપ્રમેયશક્તિ હે
વાગતીત વાગ્દ દષ્ટ્યગોચરાત્મક્રીડ હે !
અદ્વિતીય પૂર્ણ બ્રહ્મ તોડ રંગપાશ[૩] આ,
હે નૃસિંહસરસ્વતીશ વંદુ પાદપદ્મ આ !! ૮

૨. જ્ઞાનીનો ૩. સંસારના જન્મમરણના પાશ

## (૮૨) પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તું જ : અતુલ બ્રહ્મભટ્ટ, પરાગી પરમાર

૦૦.૧૦.૨૦/૧૦૪ MB

પૂર્વ એક અદ્વિતીય બ્રહ્મ તું જ શ્રીહરે,
થાઉં નૈક[૧] ઈચ્છી એમ સર્જ્યું વિશ્વ અંડ હે !
ગુણાત્મકે ગુણે રમાડી સંત, દુષ્ટને દમે,
વંદું હે નૃસિંહસરસ્વતી ત્વત્પદાબ્જ એ !! ૧
કર્મત્યક્ત લોકભ્રષ્ટ[૨] તિષ્યમાં વિલોકી તું,
તીર્ણ સૂર્યવત્ થઈ સ્વભક્તધ્વાંત સંહર્યું;
ભગ્નપ્રાય ધર્મસેતુ સ્થાપી સ્થિર તું રમે,
વંદું હે નૃસિંહસરસ્વતી ત્વત્પદાબ્જ એ !! ૨
સર્વનંદરૂપ શુદ્ધ સત્વમૂર્તિ તું વિભો,
ભીતિગ્રસ્ત લોક ત્રસ્તને સ્વત્રાતૃવત્ ગમ્યો !
[૩]તુર્ય આશ્રમ સ્વીકારી તારું હીનદીનને,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૩
આપે મૂકને ય વાક્, દષ્ટિ અંધને અહો !
પુત્ર વંધ્ય સ્ત્રી લભે, નવીન પ્રાણ પ્રેત હો !
ત્વત્પ્રભાવ કો લહે ? તું કાષ્ઠનેય પત્ર દે !
વંદું એ નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૪

૧. ન+એક=બહુ ૨. કલિયુગમાં ૩. ચોથો; સંન્યાસ



મુક્તઆશરો તું, [૪]કલ્પ મોક્ષ ઈચ્છનારને,
સકામને તું કામધૂક્; તું દૈન્યદાવમેઘ હે !
દુષ્કૃતાગ્નિ વેદ સર્વ ભાટ તાહરા અરે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૫
યોગિધ્યેય તીર્થતીર્થ સંતજીવન પ્રભો,
[૫]કામિદૈવત શ્રીકેલિસ્થાન નિર્મલ [૬]જ્ઞ ભો !
વિદ્વદાશ્રય સ્વભક્તતાતગેહ ત્રીશ હે !
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૬
વેદ મૂક ! કોણ શક્ત, [૭]કૃત્સ્નશઃ લહે તને ?
વિશ્વરૂપ ત્વદ્ વિનાત્ર નાન્ય, અષ્ટમૂર્તિ હે !
ૐ સ્વરૂપ તું અરૂપ મૂર્ત્યમૂર્તિભિન્ન રે,
વંદું હે નૃસિંહસરસ્વતીશ ત્વત્પદાબ્જ એ !! ૭
દંડપાત્રહસ્ત મસ્ત શાન્ત સ્વામિરૂપ આ,
ભીમાડમરજાસંગમસ્થ ધ્યેય ચિત્તમાં સદા !
થાય સ્થિર એ જ ધીર માગું તાર હે,
વંદું હે નૃસિંહસરસ્વતી ત્વત્પદાબ્જ એ !! ૮

૪. કલ્પવૃક્ષ ૫. સકામ મનુષ્યોનું દૈવત ૬. જ્ઞાની ૭. સંપૂર્ણ રીતે

## (૮૩) એક દિગંબર દેખા અવધૂ ! : હર્ષ પટેલ, સૃષ્ટિ ભટ્ટ

૦૦.૦૭.૧૫/૭૩.૨ MB

એક દિગંબર દેખા, અવધૂ ! એક દિગંબર દેખા. ટેક.
ના દૂરી ના પંજા સાધો, દશ બિન અનુપમ એક્કા. - અવધૂ૦ ૧
કોઈ કહે રામા, કોઈ કહે કૃષ્ણા, કોઈ દત્ત અદેખા. - અવધૂ૦ ૨
આપહિ રાજા, આપહિ રાની, આપ કુમાર અલેખા. - અવધૂ૦ ૩
રંગ રંગારા રંગને જૈસા, છોડ દિયા સબ ઠેકા. - અવધૂ૦ ૪

**(૮૪) જય જય જય બજરંગ (આરતી) : ઉર્મીશ મહેતા ૦૦.૦૩.૦૯/૩૧.૮ MB**

જય જય જય બજરંગ,
જય જય વાયુકુમાર, અંજનીસુત ધીરા; (૨)
રાક્ષસદલસંહારા, જય વાનરવીરા. - જય૦ ૧
અવતરતાં જ ક્ષુધા-પીડિત તું ઊડ્યો; (૨)
માની રવિફલ ખાવા, સુરગણ રગદોળ્યો. - જય૦ ૨
રામદૂત હનુમાન, બુદ્ધિનો ભંડાર; (૨)
સીતાશુદ્ધિ કાજે કૂદ્યો સાગરપાર. - જય૦ ૩
અહિ-મહિ-રાવણગર્વ ક્ષણમાં ઉતાર્યો; (૨)
દાસ્યભક્તિનો મહિમા, જગમાં વિસ્તાર્યો. - જય૦ ૪
સંજીવનીનો પ્હાડ, આણ્યો ઉપાડી; (૨)
સુરનરચિંતા ટાળી, લછિમન જીવાડી. - જય૦ ૫
સુગ્રીવ મંત્રી અજોડ, નૈષ્ઠિક બ્રહ્મચારી; (૨)
ચિરંજીવ નિજ રંગ રાખ વિપદહારી. - જય૦ ૬

**(૮૫) દત્તબાવની : કોરસ ૦૦.૦૮.૫૨/૮૯.૬ MB (મ્યુઝિક વગર)**

જય યોગીશ્વર[૧] દત્તદયાળ ! તુંજ એક જગમાં પ્રતિપાળ[૨] (૧)
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટયો જગકારણ નિશ્ચિત. (૨)
બ્રહ્માહરિ[૩]હર[૪]નો અવતાર. શરણાગતનો તારણહાર; (૩)
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્‌ગુરુ દ્વિભુજ સુમુખ. (૪)
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય. (૫)
ક્યાંય ચતુર્ભુજ ષડ્‌ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. (૬)
આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ ! (૭)
સૂણી *અર્જુન કેરો સાદ, રીઝયો પૂર્વે તું સાક્ષાત્; (૮)
દીધી ઋદ્ધિ, સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ[૫] સાર, (૯)
કીધો આજે કેમ વિલંબ ? તુજ વિણ મુજને ના આલંબ[૬] !! (૧૦)

૧. યોગીશ્વર=યોગીઓના ઈશ્વર (માર્ગદર્શક, ભગવાન). ૨. પ્રતિપાળ=રક્ષણ (પાલન) કરનાર. ૩. હરિ=વિષ્ણુ. ૪. હર=શિવ. ૫. મહાપદ = મોટું (શ્રેષ્ઠ) ધામ. ૬. આલંબ = આશરો.



વિષ્ણુશર્મ દ્વિજ[૭] તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ. (૧૧)
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ[૮]; (૧૨)
વિસ્તારી માયા, દિતિસુત[૯] ઈન્દ્રકરે હણાવ્યો તુર્ત. (૧૩)
એવી લીલા કંઈ કંઈ શર્વ[૧૦], કીધી વર્ણવે કો તે સર્વ ? (૧૪)
દોડ્યો આયુ સુતને[૧૧] કામ, કીધો એને તેં નિષ્કામ; (૧૫)
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ. (૧૬)
એવી તારી કૃપા અગાધ ! કેમ સૂણે ના મારો સાદ ? (૧૭)
દોડ, અંત ના દેખ અનંત ! મા કર અધવચ શિશુનો અંત !! (૧૮)
જોઈ દ્વિજસ્ત્રી[૧૨] કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ. (૧૯)
સ્મર્તૃગામી[૧૩] કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર. (૨૦)
પેટપીડથી તાર્યો વિપ્ર[૧૪], બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર[૧૫]. (૨૧)
કરે કેમ ના મારી વ્હાર ? જો આણી ગમ[૧૬] એકજ વાર !! (૨૨)
શુષ્કકાષ્ઠને[૧૭] આણ્યાં પત્ર ! થયો કેમ ઉદાસીન અત્ર ? (૨૩)
જર્જર[૧૮] વંધ્યા[૧૯] કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન[૨૦]. (૨૪)
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ. (૨૫)
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ[૨૧]. (૨૬)
ઝાલર[૨૨] ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ. (૨૭)
બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર ! (૨૮)
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઉઠાડ્યો શૂર. (૨૯)
હરી વિપ્રમદ અંત્યજ હાથ[૨૩], રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત !! (૩૦)
નિમેષમાત્રે તંતુક[૨૪] એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ ! (૩૧)

૭. દ્વિજ = બ્રાહ્મણ, બે વાર જન્મનારો (જનોઈ = બીજો જન્મ). ૮. તતખેવ = તરત જ. ૯. દિતિ (કશ્યપની પત્ની)નો પુત્ર = દૈત્ય. ૧૦. શર્વ = શિવસ્વરૂપ. ૧૧. સુત = પુત્ર. ★ સહસ્રાર્જુન. ૧૨. દ્વિજસ્ત્રી = બ્રાહ્મણની પત્ની. ૧૩. સ્મર્તૃગામી = સ્મરણ કરનારની પાસે જનાર, હાજર થનાર. ૧૪. વિપ્ર = બ્રાહ્મણ. ૧૫. ક્ષિપ્ર = એકદમ, જલ્દીથી. ૧૬. આણીગમ = આ તરફ (મારી સામું). ૧૭. શુષ્કકાષ્ઠ = સુકું લાકડું. ૧૮. જર્જર = ઘરડું. ૧૯. વંધ્યા = વાંઝણી. ૨૦. કૃત્સ્ન = બધાં. ૨૧. તતખેવ = તત્ક્ષણ. ૨૨. ઝાલર = વાલોરના દાણા (શીંગો). ૨૩. અંત્યજ = હરિજન. ૨૪. તંતુક = વણકર.

એકીસાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુરૂપ અરૂપ. (૩૨)
સંતોષ્યા નિજભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્. (૩૩)
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. (૩૪)
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ. (૩૫)
તાર્યાં પથ્થર, ગણિકા, વ્યાધ ! પશુપંખી પણ તુજને સાધ !! (૩૬)
અધમઓધારણ તારું નામ, ગાતાં સરે ન શા શાં કામ ? (૩૭)
આધિ[૨૫] વ્યાધિ[૨૬] ઉપાધિ[૨૭] સર્વ ટળે સ્મરણ માત્રથી શર્વ[૨૮] ! (૩૮)
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ. (૩૯)
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર, (૪૦)
નાસે મૂઠી દઈને તુર્ત, દત્તધૂન સાંભળતા મૂર્ત, (૪૧)
કરી ધૂપ ગાએ જે એમ, દત્ત-બાવની આ સપ્રેમ, (૪૨)
સુધરે તેના બન્ને લોક, રહે ન તેને ક્યાંયે શોક ! (૪૩)
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય[૨૯] તેનાં જાય !! (૪૪)
બાવન ગુરુવારે નિત નેમ[૩૦], કરે પાઠ બાવન સપ્રેમ; (૪૫)
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદિ ન દંડે યમ. (૪૬)
અનેકરૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-રંગ ! (૪૭)
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક !! (૪૮)
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર ! (૪૯)
થાકે વર્ણવતાં જ્યાં શેષ[૩૧], કોણ રાંક હું બહુકૃતવેષ[૩૨] (૫૦)
અનુભવ-તૃપ્તિનો ઉદ્ગાર[૩૩], સૂણી હસે તે ખાશે માર. (૫૧)
તપસી[૩૪] તત્ત્વમસિ[૩૫] એ દેવ ! બોલો જય જય શ્રી ગુરુદેવ !! (૫૨)

**બોલો જય જય શ્રી ગુરુદેવ . (નવ વખત)**

---

**૨૫. આધિ = માનસિક રોગ. ૨૬. વ્યાધિ = શારીરિક રોગ. ૨૭. ઉપાધિ = સંકટ. ૨૮. શર્વ = શિવ. ૨૯. દારિદ્રય = ગરીબાઈ. ૩૦. નેમ = નિયમ. ૩૧. શેષ = હજાર જીભવાળો શેષનાગ. ૩૨. બહુકૃતવેષ = અનેક વેષ ધારણ કરનાર. ૩૩. ઉદ્ગાર = ઓડકાર. ૩૪. તપસી = મોદીકાકાને સંબોધન (તપ કરનાર, તપસ્વી ઉપરથી) ૩૫. તત્ત્વમસિ = વાક્યનો લક્ષ્યાર્થ - પરબ્રહ્મ તે એ દત્તાત્રેય દેવ છે (તે તું છે).**



## (૮૬) વંદના - ગુરુદેવ દત્ત દયાળ સ્વામી : કોરસ (મ્યુઝિક વગર)

**૦૦.૦૭.૦૮/૭૨.૦ MB**

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી, વંદના તુજને હજો;
વિક્ષેપ દૂર થઈ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો ! - ૧
અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહરતણા થઈ એકરૂપ જગે સ્ફૂર્યો. - ૨
કંઈ એકમુખ, કંઈ ત્રિમુખ તું, નિર્ગુણ છતાં સાકાર હા !
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા !! - ૩
દ્વિભુજ કંઈ કંઈ ચાર ભુજ, કંઈ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિધિધાયુધે અવધૂત હે ! તુજ રૂપ ચિદ્રસ રેડતું. - ૪
લીલા તહારી કો લહે ? જ્યાં વેદ પણ મૂગા રહ્યા !
થઈ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઈ રહ્યા !! - ૫
કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે,
પ્રવૃત્તિ નિવૃત્તિ પદો એ ભુક્તિમુક્તિમય લસે ! - ૬
યોગભૂમિ સ્મશાન એ, ભક્તોતણું નિજ ચિત્ત હા !
કામક્રોધ મડાં બળે, બેઠો દિગંબર તું તિહાં !! - ૭
પંખીસ્વરૂપે શાસ્ત્રગણ, કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી-પુરાણો ગણગણે ગુણગુણ કરી નિર્ગુણતણું. - ૮
સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઈ ઔદુંબરે એ, ના તુને અણુએ [૧]ઈહા. - ૯
જ્ઞાનાગ્નિની જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે, આનંદમૂર્તિ એ નરી ! - ૧૦
કનકગેરુ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો !
ઐશ્વર્યષડ્ ભુજષડ્[૨] થઈ શોભે નિરાકારી અહો !! - ૧૧
રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ ?
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ હે ! - ૧૨

---

**૧. કામના ૨. છ હાથ**

બાળી અહં [૩]ભભૂતિ એ ચોળી [૪]તને જગમાં ભમે;
કંઈ ગુપ્ત કંઈ થઈ પ્રગટ તું અવ્યક્તચિહ્ન સદા રમે. - ૧૩
અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઈ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને. - ૧૪
અન્નપૂર્ણા ઝોળી એ શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા[૫] કરે [૬]પદ્મે વસે, ગાયત્રી ગૌ પડખે ખડી. - ૧૫
ગીરનારના દાતાર હે ગોરક્ષગર્વનિવારણા !
કલિતાર નૃસિંહસરસ્વતી નિજ ભક્તમાનસરંજના. - ૧૬
ઢૂં ઢૂં કુવરપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે ?
વા વાડી ઔદુંબર વિષે વા ગાણગાપુરમાં કહે ? - ૧૭
જાઉં અક્કલકોટમાં, શું સ્વામિરાજ હશે તિહાં ?
માણિકપુરે પ્રભુ પાસ વા, માહૂરગઢે વા કે' કહાં ? - ૧૮
યતિવર કને ગરુડેશ્વર વા જાઉં વાસુદેવની ?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે ? કે' હે મુનિ ! - ૧૯
પણ શું લવું આ ? ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે !
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો રંગ એ !! - ૨૦
જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે, તુજને નમું;
મૌને વિરામી [૭]વૈખરી, જોઈ તને સઘળે રમું !! - ૨૧

**૩. ભસ્મ ૪. શરીરે ૫. લક્ષ્મી ૬. કમળમાં ૭. વાણી**

## (૮૭) અનસૂયા બાવની : કોરસ ૦૦.૦૮.૦૯/૧૧.૧૦ MB

**(મ્યુઝિક વગર)**

જય અનસૂયા માત દયાળ, શરણે આવ્યો તારો બાળ;
માતૃગયાનું તીર્થ પવિત્ર, કર્દમ દેવહૂતિ માવિત્ર.
અજ નેત્ર સંભવ અત્રિનાથ, ચિત્રકૂટમાં રહેતાં સાથ;
પતિ પ્રાણ ને પતિ જીવન, પતિકાર્યમાં હોમે તનમન.
અગ્નિ અતિથિનું પૂજન થાય, નિરાશ નવ કોઈ એ જાય;



વરસ દશના દુષ્કાળ મહીં, અન્ન જળ દેશે મળતું નહીં.
આશ્રમ-આશ્રમ જે કોઈ કરે, તે પ્રાણી નવ ભૂખે મરે
સ્નાન સંધ્યાદિ કરવા ખાસ, વહે ગંગા તપોવન પાસ
સોમવલ્લી રસ કર્મયુક્ત, હવન સાત કર્યા સંયુક્ત;
દીઠું ન તોયે સંતતિ મુખ, તેથી દંપતી ધરતાં દુઃખ
તપ કર્યા વિણ નહિ સુતનું સુખ, તો તપ કરવું વેઠી દુઃખ
એવો નિર્ણય પાકો કરી સ્વામી આજ્ઞા શિર પર ધરી
આવી નર્મદા તટ પવિત્ર, એરંડી સંગમની ધરિત્ર;
ગયાં વરસ સો કરતાં જાપ વેઠી દેહે કષ્ટ અમાપ.
ભીનાં વસ્ત્ર શિયાળે ધરી પંચાગ્નિ સાધન ગ્રીષ્મે કરી;
ચોમાસે ખુલ્લે મેદાન, ત્રિમૂર્તિનું ધરતાં ધ્યાન.
શ્રી સાવિત્રી ને પારવતી, સતીનો ફાંકો રાખે અતિ;
વિષ્ણુમન નારદજી ત્યાંય આવી વદ્યા સુણો માય;
“નથી ત્રિલોકમાં એકે સતી, જે અનસૂયા સરખી થતી”
સુણી વચન ઊપજી ઈર્ષાય, વ્રત ચૂકવવા કરવો ઉપાય.
રિસાયેલાંની રાજી માટ, ત્રિમૂર્તિ લે સંગમની વાટ;
ત્રિદેવ વેશ સંન્યાસી લઈ, માગે ભિક્ષા આશ્રમ જઈ.
“ભિક્ષાં દેહિ દિગંબર થઈ” - સૂણી વચન નવ ગુસ્સે થઈ;
સ્વામી આજ્ઞા લઈને ત્યાંય, છાંટ્યું જળ ને બાળક થાય.
દિગ્વસ્ત્રો લઈ ખોળે બાળ, પયપાન કરાવ્યાં તત્કાળ;
એમ અતિથિની પૂરી આશ, નિજનિયમ પણ પળાયો ખાસ.
અહીં ઝૂલે પારણે ત્રિદેવ તમો કરતાં તેમની સેવ;
એમ કરતાં ખટ માસ જ જાય, સતીઓને મન ચિંતા થાય.
જાણી નારદજીથી વાત, આવી સદ્ય એરંડી ઘાટ;
ભિક્ષા માગે જોડી હાથ, આપો દેવી અમારા નાથ.
“લઈ લો પારણે ઝૂલે બાળ, ઉછેરજો રાખી સંભાળ;”
જોઈ ત્રણેનું એક સ્વરૂપ, સતીઓ ત્રણે થઈ ગઈ ચૂપ.
માતા આપો ઝાલી હાથ, તો અમે સૌ થઈએ સનાથ;

અંજલ્યુદકે શિશુત્વ જાય, વિધિ હરિ હર પ્રગટ જ થાય.
"વરં બ્રુહિ" નો સુણી સાદ, માગે "પુત્ર બનો સાક્ષાત્"
વદી "થાઓ એમ અવશ્ય", થાય સજોડે દેવ અદશ્ય.
વિષ્ણુ દત્ત દિગંબર થાય, ચંદ્રમા બ્રહ્મા કહેવાય;
દુર્વાસા એ શિવાવતાર, પૂરી કામના થઈ પરિવાર.
સતી નર્મદા તુજ વચને, દે છૂટ ઊગવા સૂર્યને;
માંડવ્ય શાપે ઊગતાં ભાણ, નર્મદાપતિના જાયે પ્રાણ.
તુજ સતીત્વ પ્રભાવે કૌશિક જીવે રોગમુક્તથી કાયિક;
દંડક વનમાં જાતાં રામ, અત્રિ આશ્રમે કરે મુકામ.
બોધ્યાં સીતાને આપ્યું દાન, અંગરાગ ને અમર વસન;
ધરી હિમાલય પુત્રદા નામ, કરો ભક્તોનાં પુરણ કામ;
જે સ્ત્રી વર્તે તુજ આદર્શ દિન દિન થાય તેનો ઉત્કર્ષ.
ચર્મરોગ સૌ પામે નાશ, મૃત્તિકા-લેપન કરતાં ખાસ;
ભણે બાવની સાંજ સવાર, ધૂપ કે દીપ કરી નિરધાર.
વૈભવ આપે તેને માત, રાખી પૂર્ણ નિરોગી ગાત;
કરી વ્રત બાવન રવિવાર, ભણે બાવની બાવન વાર.
રોગ દોષ સૌ તેના જાય-મન-કામના પૂરી થાય;
ચરિત્ર તારાં દિવ્ય અનંત, શું વર્ણવે વિષ્ણુ મતિમંદ.
તાપસી એ મહાસતી માત, બોલો જય શ્રી અનસૂયા માત.
*બોલો જય જય અનસૂયા માત (નવ વખત)*

**(૮૮) હું અખંડ એ બ્રહ્મ છું : પાયલ રાવલ ૦૦.૦૫.૦૪/૫૧.૨ MB**

હું અખંડ એ બ્રહ્મ છું, કેવલ નિશ્ચલ એક;
સત્યાદ્વૈત વિશુદ્ધ હું, આનંદામૃત છેક ! ૧૭/૧૨૮
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
શુદ્ધ બુદ્ધ પર હું નકી, અતીન્દ્રિય પ્રમાણ;
અજર અમર અક્ષય સદા, ના મર્ત્ય નર માન ! ૩૩/૩૭
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.



બ્રહ્મનિષ્ઠ હું સર્વદા, બ્રહ્માસક્ત અખંડ;
બ્રહ્માત્મા મુજમાં કદિ, દિસે ન માયાબંડ ! ૯/૫૯
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.
ચૌદ લોકનો નાથ હું ! કેવળ સુખનું ધામ;
આપ્તકામ નિષ્કામ હું, અભિન્ન આત્મારામ ! ૩૩/૮૨
... ગુરુદેવ, ગુરુદેવ, ગુરુદેવ.

**(૮૯) મંત્ર : ૐ નમો ભગવતે શ્રી રંગ અવધૂતાય નમઃ : કોરસ**
**૦૦.૦૪.૫૧/૪૮.૯ MB**

**(૯૦) રેવાગીતમ્ । : અનિકેત ખાંડેકર, હર્ષ પટેલ**
**૦૦.૦૫.૧૮/૭.૨૩ MB**

ગાયતિ રેવા રવ-મધુરમ્ ॥ ધ્રુવ ॥
હર હર ૐ ૐ હર હર ૐ ૐ
હર હર ૐ ૐ હર હર ૐ ।
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં
હર હર ૐ ૐ સતતમિતિ ॥ ગાયતિ. ॥૧॥
મેકલજાતા મનસિ વિભાતા
રૌતિ કલં કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહંત્વં
ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ॥ ગાયતિ ॥૨॥
તડિદુજ્જવલજલમુખતઃ સ્તૌતિ ।
નીરંગં નાના રંગમ્ ।
બ્રહ્માહંત્વં બ્રહ્મૈવેદં
જલશીકરવદભિન્નમિતિ ॥ ગાયતિ ॥૩॥
**નર્મદા માતા કી જય**

**(૯૧) અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત : વિષ્ણુ જોશી / પાયલ રાવલ**
**૦૦.૦૦.૨૬ /૦.૬ MB**

## ગુરુલીલામૃત દોહરા - ગદ્યાંતર તથા અન્ય સુવાક્યો

(૧) હે ગુરુદેવ ! મારી લાજ તારા હાથમાં છે. હું તો નિમિત્તમાત્ર છું. તું જેમ હલાવે છે તેમ આ અંગના અવયવો હાલે છે.

(૨) હે ગુરુદેવ ! મારું મન ચંચલ છે અને એક ક્ષણ પણ સ્થિર રહેતું નથી. દર્શન આપીને આશ્વાસન (હૂંફ) આપીને મનમાં વિવેક જગાડ.

(૩) હે નાથ ! હે ગુરુદેવ ! તું ગરીબનો બેલી છે અને હું તો અનાથ (નોધારો) અને નાદાર છું. આ દાસ તારા ચરણે પડ્યો છે. તારે મારવો હોય તો માર અને તારવો હોય તો તાર.

(૪) હે ગુરુદેવ ! તારા લક્ષ્યમાં (ધ્યેય) જ અમારી વૃત્તિ અખંડ રહે અને આ દેહ એના (કર્મોના) દંડ ભોગવે એ જ વારે વારે (ફરી ફરી) માંગીએ છીએ. (આ માટે સુખ-દુઃખો ભોગવવાની શક્તિ આપજો.)

(૫) હે ગુરુદેવ ! 'હું' અને 'મારું'ની વૃત્તિ બાળીને ભસ્મ કરો. અમારી આત્મજ્યોતિને તેજસ્વી કરો. જ્ઞાનરૂપી ખજાનો ખોલીને અમારી અજ્ઞાનતા રૂપી દરિદ્રતાનો નાશ કરો.

(૬) હે પ્રભુ ! હે ગુરુદેવ ! અમારા અપરાધ માફ કરો. આ માયાનું પડળ છેદી નાંખીને અમને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવો એ જ અમારી નમ્ર યાચના છે.

(૭) હે ગુરુદેવ ! અમે અબુધ અને અજ્ઞાની છીએ અને તું શુદ્ધ અને બુદ્ધ છે. અમે બાળકો અપરાધી છીએ પણ તું તો સમદર્શી છે.

(૮) હે ગુરુદેવ ! આપ દુખિયાના બેલી છો (આર્તબંધુ) અને કલ્પવૃક્ષ સમાન છો. આપ ભક્તોને કદી ભૂલતા નથી. ગુરુદેવને એના પ્રમાણ તરીકે માનો.

(૯) હે ગુરુદેવ ! પાપ કર્મ કરનારો, પાપમાંથી જન્મેલો પાપી જીવડો, હું આપને શરણે આવ્યો છું.

(૧૦) હે ગુરુદેવ ! આપ જ મારા મા-બાપ છો ! હું આપને શરણે આવ્યો છું. હે ગુરુજી ! આપ સિવાય મારું બીજું કોઈ નથી.

(૧૧) હે ગુરુવર ! હવે તમારું અખંડ સ્મરણ રહે અને આ દેહ પડે તો પણ આ ચરણનું વિસ્મરણ ન થાય એવી કૃપા કરો.



(૧૨) હે પ્રભુ ! હે ગુરુદેવ ! તું જ મારી મુક્તિ છે, તું જ મારી ભુક્તિ છે ને તું જ મારી યુક્તિ છે. હું તને વારંવાર, શતધા (અનેક રીતે) પ્રણામ કરું છું.

(૧) ભજનથી ન મટે એવું કાંઈ દુષ્કર નથી. એ વિધાતાના લેખમાં પણ મેખ (ખીલી) મારી શકે છે. આ સિવાયનું બધું છેતરપિંડી છે. એમ વીરલો યોગી જાણે છે.

(૧-અ) અજ્ઞાની માણસ માન મળવાથી રાજી રાજી થઈ જાય છે અને જો એનું અપમાન થાય તો અંતરમાં ખૂબ જ દુઃખી થાય છે.

(૨) જેવું જેનું આચરણ હોય તેવું તેને અંતકાળે સ્મરણ થાય માટે પહેલેથી જ વેળાસર ચેતી જઈને ભજન કરવું.

(૨-અ) વિષયોનું ચિંતન કરવાથી મન બંધનમાં પડે છે પરંતુ ઈશનું ચિંતન કરવાથી એ પાવન થાય છે.

(૩) યોગી માનને ઝેરની જેમ (દુઃખી દૃષ્ટિથી) જુએ છે અને અપમાનને હંમેશા અમૃતદૃષ્ટિથી (આનંદપૂર્વક) સ્વીકારે છે.

(૪) કોઈ એનું સન્માન કરે તો એને ઝેર જેવું માનીને કંટાળે છે અને કોઈ એને અપમાન કરે તો અમૃત સમાન માનીને હરખાય છે.

(૫) શરીર માટે જરૂરી અન્ન વગેરે ચીજો પ્રત્યે પણ ઉદાસીનતા રાખવી એ દેહદંડ છે, મૌન એ વાણીનો દંડ છે અને યોગ એ મનનો દંડ છે, અન્ય દંડ તો ગૌણ છે.

(૬) યોગ, મૌન, નિરિચ્છિતા (ઈચ્છા વગરના) એ જ શુદ્ધ દંડ છે અને જે હંમેશા આ ત્રણ દંડને સાધે છે તે જ સાચો ત્રિદંડી છે.

(૭) સંસારમાં રહીને પણ જે ભજન ભૂલી જતો નથી એ કદી પણ પસ્તાતો નથી એમાં શંકાને સ્થાન નથી.

(૮) જ્ઞાન વગરની વાચાળતા એ મૂર્ખામી છે. માટે આવી વાચાળતા (અહમ્ સાથે અધૂરા જ્ઞાનવાળી) - બક બક કરવાનું મૂકીને સાધના કરવા મંડવું.

(૯) ઈશ્વર અને ગુરુમાં ખરેખર કોઈ જ ભેદ નથી. જે અવિદ્યાનો નાશ કરે છે તે ગુરુવર ઈશ્વર જ છે.

(૧૦) શાસ્ત્રમાં 'ગુ' દ્વારા મૂળ અવિદ્યાનું સૂચન છે અને 'રુ' થી એનો નાશ કરનાર એવો અર્થ સૂચિત છે.

(૧૧) ગુરુ અને ઈશ્વર અભિન્ન છે. આ (ગુરુ) બે અક્ષરનો મંત્ર ખરેખર તારનારો છે, અને ભવની (જન્મમરણની) બાધા (વિઘ્ન) હરનારો છે.

(૧૨) ''ગુરુ'' આ ગુરુમંત્ર બધા મંત્રોમાં શ્રેષ્ઠ છે. 'ગુરુ' 'ગુરુ' એવું બોલતા બોલતા ખરેખર મારો શ્વાસ નીકળી જાય, એ વિના બીજી કોઈ ઈચ્છા નથી.

(૧૩) ''ગુરુ'' દ્વારા બધા પ્રકારનું કલ્યાણ પામી ચૂક્યો છું. આ શરીરનું ચામડું ઉતારી, એના જોડાં બનાવી, ગુરુના પગમાં પહેરાવું તો પણ હે ગુરુરાય ! આપનું ઋણ ચૂકવાય એમ નથી.

(૧૪) આત્મા સાચે જ અસંગ છે અને જગત એ ઈન્દ્રજાળ છે એવું મનથી નિશ્ચયપૂર્વક સમજીને વિવેકદષ્ટિ કેળવતાં પછી સ્વપ્નમાં પણ ચિત્તમાં વાસના જન્મતી (ઊઠતી) નથી. આવા સદા મુક્તને પછી જન્મમરણ રહેતાં નથી. વેદે દર્શાવેલી પદ્ધતિથી જે પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેનો નાશ કરે એવું અન્ય કોઈ પ્રમાણ નથી.

(૧૫) કરોડો જન્મોના સત્કર્મોનો ઉદય થાય (ફળે) ત્યારે ભક્ત થવાય છે. નહિંતર મોટે ભાગે વાતોમાં જ આ જીવન વહી જાય છે.

(૧૬) જ્ઞાન મેળવ્યા પછીની ભક્તિ શ્રેષ્ઠ ભક્તિ છે. આર્ત વગેરે ભક્તોમાં જ્ઞાની શ્રેષ્ઠ છે. જે આવો ભક્ત છે તે કાયમ પ્રભુ સાથે જોડાયેલો હોય છે.

(૧૭) જ્યાં અખંડ ભજનાનંદ વર્તાતો હોય ત્યાંથી માયાનું તોફાન નાશી જાય છે. જેમ મધ પર ચોંટેલી માખી ઊડી શકતી નથી તેમ ભગવદ્રુપમાં ઠરેલું મન ત્યાંથી (ભક્તિમાંથી) ખસતું નથી. જે મન ગુરુના રૂપમાં ઠરી ગયું છે તે ત્યાંથી ખસવા તૈયાર નથી.

(૧૮) બાળપણ રમત-ગમતમાં ગુમાવે, જુવાની વિષયભોગ ભોગવવામાં અને ઘડપણમાં પુત્ર તથા પૌત્રની ચિંતામાં પસાર કરીને આયુષ્ય નકામું વેડફે છે અને અંતે મૃત્યુ આવતાં પશ્ચાતાપ કરીને રડે છે.



(૧૯) એક જ સમયે હજાર વીંછીઓ એક સાથે કરડે અને જે વેદના થાય તેવી જ અસહ્ય વેદના ભોગવીને જીવ શરીર છોડે છે. મરતી વખતે તલમાત્ર કશું સાથે આવતું નથી. આ જીવ કરેલા કર્મ સાથે લઈને જાય છે. સગાવહાલા તો બધા દૂર રહે છે.

(૨૦) જીવની અંદર પુરુષ કે સ્ત્રી એવો ક્યારે ય ભેદ હોતો નથી. અહીં કર્મ પ્રમાણે બધાંને શરીર મળે છે. જેનું જેવું પાપ કે પુણ્ય હોય તે પ્રમાણે સ્ત્રી કે પુરુષનો દેહ પ્રાણીમાત્રને મળે છે.

(૨૧) દેહમાં રહેલું ચેતન અભિન્ન હોય છે. એમાં સ્ત્રી-પુરુષનો ભેદ હોતો નથી. દેહને આત્મા માનીને મૂઢ બુદ્ધિનો માનવી અહી દુઃખમાં પડે છે.

(૨૨) જેણે ગયા જન્મમાં સત્કર્મોનું આચરણ કર્યું હોય છે તેઓ આ જન્મે વગર પ્રયત્ને સત્ અને અસત્‌નો વિવેક વિચાર કરતા હોય છે. જન્મથી જ શુદ્ધ બુદ્ધિ થઈ હોવાથી, ઈશ્વર કૃપાથી યોગ્ય સદ્‌ગુરુ મેળવીને આત્મજ્ઞાન પામે છે.

(૨૩) માણસની મૂર્ખાઈની શી વાત કરવી ? થોડી જ કિંમતનું ઘી જો ઢોળાઈ જાય તો એને નુકશાન માનીને દુઃખથી એ જેટલો દુઃખી થાય છે એટલું દુઃખ તો એનું અમૂલ્ય આયુષ્ય નકામું ઝટપટ વહી જાય છે તો પણ એ મૂઢને થતું નથી.

(૨૪) નરમાશ અને સરળતા એ બે એવા સદ્‌ગુણ છે કે જેનાથી વ્યક્તિ તપસ્વી બનીને પૂજાય છે. એ બ્રહ્મવેત્તા થઈને જગતના લોકોને તારે છે. આ સાદા સીધા બે ગુણો કેળવવા અઘરા છે કારણકે એમાં ''અહં'' મારવો પડે છે.

(૨૫) ઓછું બોલવું, ઓછું ખાવું, ઓછું ઊંઘવું અને મનને મારવું, એ શાંત જીવન જીવવા માટે જરૂરનું છે.

(૨૬) મૌન એ ખરેખર મુમુક્ષુ માટે અત્યંત શક્તિદાયક છે. હું ઈચ્છું છે કે (પૂજ્યશ્રી) તમે પણ એનું અવારનવાર સેવન કરો તો ઠીક. બોલવાનું ધીમે ધીમે ઓછું કરો ને જુઓ કે થોડા દિવસમાં જ તમારા મન પર કેટલી અજબ અસર થાય છે. બહુ બોલવાથી શક્તિનો વ્યય થાય છે અને મનનું ચાંચલ્ય વધે છે. મૌનમાં મુનિજનો મોજ માણે છે.

(૨૭) હરેક પળે, હરેક સ્થળે, દરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો હરતાં, ફરતાં, ઊંઘતા, જાગતાં, ઉઠતાં-બેસતાં કે કામ કરતાં એના સાન્નિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો. નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો.

(૨૮) ચિંતા અને દુઃખથી જ્યારે મનુષ્ય મુક્ત થઈ જાય ત્યારે જ તે ઈશ્વર પર નિર્ભર છે એમ કહી શકાય. જે ઈશ્વર પર નિર્ભર છે તેને જગત કે જાગતિક કોલાહલ પોતાની અચળતામાંથી ડગાવી શકતો નથી.

(૨૯) ગુરુ, ગોવિન્દ અને ગીતામાં અવિચળ શ્રદ્ધા રાખો. ભગવાનનું સંપૂર્ણ શરણું સ્વીકારો; અને પ્રાર્થના કરો કે ''પ્રભુ, તારી ઈચ્છા પૂર્ણ થાઓ, તારી ઈચ્છા પ્રમાણે બધુ બનો, મારે કશું જોઈતું નથી.'' આ બધા પ્રસંગો અને ઘટનાઓમાં સમતા રાખી પ્રભુ ઈચ્છાને આધીન થાઓ.

(૩૦) વાદળાથી ઘેરાયેલા એ દિવસ કાયમના રહેવાના નથી. કોઈના રહ્યા નથી. ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસની સાથે પણ અવધૂત છે જ. માટે નૈરાશ્ય બાજુએ મૂકી પ્રભુની અમોઘ દયામાં વિશ્વાસ રાખી કાર્યદક્ષ થઈ જાઓ.

(૩૧) ભક્તિ, જ્ઞાન શબ્દથી સમાપ્ત થાય છે અને મૌનથી શરૂ થાય છે.

(૩૨) હરિજન તું હારા ભલા, જીતન દે સંસાર,
હારા સો હરિ સે મિલા, જીતા જમ કે દ્વાર.

(૩૩) જીવનમાં કસ નથી, પ્રેમમાં રસ નથી, ધંધામાં કસ નથી, ને જીવવું છે સ્વર્ગમાં પણ, એની કોઈ બસ નથી.



**PLEASE VISIT ON INTERNET**
**: Website :**
**www.shrirangparivar.in**
**www.rangavadhoot.us**

**॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥**

## અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર, અમદાવાદ.

સમર્થ દત્તાવતાર ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત ગીર્વાણ સ્તોત્રો, મંત્રો, ભજનો વ. પુસ્તકોમાં સંગ્રહિત થયેલ છે. તેનો દશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા ભક્ત સમુદાયને લાભ મળે તે ભાવથી અમેરિકા સ્થિત શ્રી જશભાઈ પટેલે તેમના અમદાવાદના નિવાસ દરમ્યાન કેસેટ તેમજ વી.સી.ડી. તૈયાર કરાવી પરિવારને સમર્પિત કરેલ છે. કિફાયત ભાવે પ્રાપ્ય કેસેટ, વી.સી.ડી., ડી.વી.ડી. ની વિગત નીચે મુજબ છે.

**(૧) રુદ્રાક્ષ ભજનાનંદ**

**MP-3 CD-2 રૂા. ૬૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-**

અવધૂતી આનંદના ભજનો, પ્રભાતિયા, સ્તોત્રો, આરતી, થાળ, ધૂન, કેટલાક સાર્થ સ્તોત્રો અન્ય ભજનો તથા ગાયકોની નામાવલિ સાથે

**(૨) શ્રી દત્તબાવની ગાથા**

**DVD-2 રૂા. ૧૦૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-**

દિવ્ય સ્તોત્ર દત્તબાવનીમાં આવતા ૪૦ જેટલા લીલા પ્રસંગોનું નાટયસ્વરૂપે અવધૂતગાથાના સૂત્રધાર તથા કથાકાર વલસાડના શ્રી રાકેશભાઈ જોશી દ્વારા નિર્મીત દશ્યશ્રાવ્ય દર્શન ડી.વી.ડી.ના માધ્યમથી ટીવીમાં પ્રત્યક્ષ થાય છે.

(૩) **શ્રી ગુરુનામામૃત જ્ઞાનપ્રપા**

**MP-3 CD-3 રૂા. ૭૫/- તથા પુસ્તક રૂા. ૨૫/-**

શ્રી ગુરુલીલામૃત અંતર્ગત આર્તસ્તુતિ, ગુરુમહિમા, ગુરુભક્તિ તથા વેદાંતવાણીના વિણેલા ૪૦૦૦ દોહરાઓનું સંકલન.

(૪) **શ્રી રંગદર્શન ગુજરાત**

**DVD-1 રૂા. ૬૦/-**

પૂ. શ્રી રંગ અવધૂતજીના ગુજરાતમાં આવેલ ઉપાસ્યધામ - નારેશ્વર, ગરુડેશ્વર, ગોધરા, ગોરખટેકરી, દીવાબેટ, રાજપીપળા, પોર, માતર, સોલા, સરખેજ, ગાંધીનગર, સઈજ, લીંચ, વગેરે સ્થાનોની દર્શનીય આધિભૌતિક તેમજ આધ્યાત્મિક માહિતી.

(૫) **શ્રી ગુરુદત્ત પરંપરા**

**DVD-1 રૂા. ૭૦/-**

ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આવેલ દત્તતીર્થધામ- નારેશ્વર, અનસૂયાજી, ગરુડેશ્વર, નાસિક-ત્રંબક, શિરડી, માહુરગઢ, ગાણગાપુર, નરસોબાવાડી, અક્કલલેટ, કારંજા, કુરવપુર, માણગાંવ માણેકનગર, ઔદુંબર વગેરે સ્થાનોની દર્શનીય આધ્યાત્મિક તથા આધિભૌતિક માહિતી, સંગીત સાથે ધૂન, ભજનો, સ્તોત્રોનો સમાવેશ.

(૬) **શ્રી ગુરુમહિમા**

**MP-3-1 રૂા. ૪૦/-**

**અવધૂતિ આનંદના ભજનો, ધૂનો, દોહરા, સ્તોત્રો.**



(૭) **અમર આદેશ**

**Audio CD-3 રૂા. ૧૨૦/-**

પૂ. શ્રી બાપજીએ પોતાની જન્મજયંતી પ્રસંગે આપેલ પ્રવચનનું તેમના શ્રી મુખનીવાણીમાં શ્રાવ્ય દર્શન. જેમાં બાજવા, નારેશ્વર, ડાકોર, ધર્મજ, કણભા, દ્વારિકા, નવાગામ કંપાલામાં આપેલ વ્યાખ્યાન તથા સોલા ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્ત પ્રસંગનું પ્રવચન - ચતુર્વિધ પુરુષાર્થનું સામંજસ્ય અને આજનો સંદેશ, રાજપીપપળા -- નવાપુરનું દત્ત ઉપાસના (ઉડતું પ્રવચન) વગેરેનો સમાવેશ.

(૮) **સંકીર્તન સંપુટિત દત્તબાવની**

**Audio CD-1 રૂ. ૩૦** ● બ્રહ્માનંદનમ્, દત્તનામ સંકીર્તન, દત્તબાવની, દત્તનામ સંકીર્તન,

(૯) **રૂદ્રાક્ષ-ધૂન-સંકીર્તન**

**MP-3-1 રૂ. ૪૦** ● દત્તધૂન, રંગધૂન, સંકીર્તન

(૧૦) **રૂદ્રાક્ષ સ્તોત્રાવલિ**

**MP-3-1 રૂ. ૪૦** ● પૂ. બાપજી રચિત સ્તોત્રો, વંદના સ્તુતિ, દત્તનામ સંકીર્તન, દત્તનામ સ્મરણ

(૧૧) **શ્રી રંગ શરણ મૃત્યુંજય વંદના**

**MP-3-1 રૂ. ૪૦** ● બ્રહ્માનંદનમ્ મૃત્યુ વિષયક શ્રી ગુરુલીલામૃત અંતર્ગત દોહરા, સંગીત ગીતા-અ.૧૫ તથા અન્ય શ્લોકો

દત્તનામ સ્મરણ, ભજન, ધૂન, (જીવતા સુધી જીવનમુક્તિ અને મૃત્યુ વેળાનું સાયુજ્ય મુક્તિ દર્શન)

**(૧૨) સંગીત ગીતા - પૂ. શ્રી રચિત ગીતાજીનું ગુજરાતી પદ્યાતંર MP-3**

**(૧૩) રંગ રમઝટ**

અવધૂતી ગરબા - નોન સ્ટોપ પૂ. શ્રીના ભજનો તથા અન્ય ભજનો પર બે તાળી, ત્રણ તાળી, દાંડિયા સાથે નોનસ્ટોપ ગરબા. સીડી પ્લેયર સાથે જોડે ત્રણ કલાક ગરબા કરી શકાશે. (D.J.)

**(૧૪) અવધૂતી આનંદામૃત (રુદ્રાક્ષ)**

પૂ. શ્રીના ભજનો, દોહરા, ધૂન-મંત્ર, પ્રભાતિયા, અનસૂયા બાવની, દત્તબાવની, વંદના વિગેરે.

**(૧૫) ઉષઃ પ્રાર્થના - સાયં પ્રાર્થના**

નારેશ્વરમાં થતી દરરોજ ઉષઃ પ્રાર્થના તથા સાંય પ્રાર્થના મ્યુઝીક વગર તથા મ્યુઝીક સાથે.

**(૧૬) રંગ હૃદયમ્ સ્તોત્રાવલી : (નજીકના ભવિષ્યમાં)**

રંગ હૃદયમ્માંથી ગાઈ શકાય એવા સત્તાવીસ સ્તોત્રો મ્યુઝીક સાથે તથા મ્યુઝીક વગર.

**નોંધ :** શ્રી રંગ અવધૂત પરિવારના ભક્તોને વિનંતી કે કોઈ પણ સીડી, વીસીડી, ડીવીડીનો કોઈ ઉતારો કે નકલ ન કરે. આ ધંધાર્થી કાર્ય નથી. આપના દ્વારા વેચાણ સહકારની અપેક્ષા. આમાંથી પ્રાપ્ત થતો નફો પરિવારને જ સમર્પણ થાય છે.

**સૂચનો આવકાર્ય છે.**



**• પ્રાપ્તિસ્થાન •**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અંબાલાલભાઈ પટેલ | ૯૩૨૭૦૫૦૭૭૬ |
| ૨. | શ્રી પ્રવિણભાઈ એ. દવે. | ૯૪૨૬૦૩૨૩૪૩ |
| ૩. | શ્રી કાન્તિભાઈ દવે | ૨૫૩૯૯૭૪૧ |
| ૪. | શ્રી પરેશભાઈ બ્રહ્મક્ષત્રિય, પાદરા. | ૯૮૨૪૨ ૫૩૪૮૪ |
| ૫. | શ્રી જશભાઈ એ. પટેલ (યુ.એસ.એ.) | ૦૦૧-૬૩૦-૫૫૦-૪૨૧૮ |
| ૬. | શ્રી અવધૂત સાહિત્ય ભંડાર, નારેશ્વર | ૨૫૩૬૭૧ |
| ૭. | શ્રી દત્ત મંદિર, સરખેજ. | ૨૬૮૨૮૪૭૦ |
| ૮. | શ્રી દત્ત મંદિર, ગાંધીનગર. | ૨૩૨૧૦૬૪૨ |
| ૯. | શ્રી રંગ મંદિર, સોલા-અમદાવાદ. | ૯૮૨૫૩ ૬૮૪૭૦ |
| ૧૦. | શ્રી રંગ મંદિર, ભૂતડી ઝાંપા, વડોદરા. | ૯૩૨૭૯ ૦૪૧૩૨<br>૯૩૨૮૨ ૭૩૧૬૨ |
| ૧૧. | રૂકમા માઈ મંડળ, કાંદીવલી. | ૯૮૨૦૧ ૫૭૨૧૦<br>૨૫૯૯૫૪૦૯ |
| ૧૨. | શ્રી દત્ત મંદિર, ગરૂડેશ્વર. | ૦૨૬૪૦-૨૩૭૦૦૫ |

૧૩. **Jash Patel**
2983 Heatherwood Court Schaumburg IL.
60194 U.S.A.
Phone # 630-550-4218
jashapatel@yahoo.com

૧૪. શ્રી અમૃતભાઈ જોષી ૨૬૩૦૧૮૨૩

**• કાર્યાલય •**

**શ્રી પ્રવિણભાઈ દવે**

**અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર**

૪૩, અશોકનગર, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : (ઘર) ૨૫૬૩૩૭૫૪, (ઓ) ૨૨૭૪૦૭૪૮,
(મો) ૯૪૨૬૦-૩૨૩૪૩